કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

વર્ષ ૫૧ · અંક ૨

ફેબ્રુઆરી · ૧૯૭૪

સળંગ અંક
૬૦૨

તંત્રી
બચુભાઈ
રાવત



વીસમી સદીમાં
ગુજરાતમાં ફાલેલા
ચિત્રકાર-વૃંદના અગ્રણી
અને ગુજરાતના ગણુમાન્ય
કલાગુરુ
શ્રી રવિશંકર રાવળની
કલાપ્રવૃત્તિમાંથી ચૂંટેલાં
ભાવના સંસ્કાર અને રાષ્ટ્રપ્રેમનાં
પ્રમુખ પ્રતીકો સમાં
૨૪
ચિત્રોની એકરંગી માળા

મારી ચિત્રસૃષ્ટિ

આત્મકથન
અને
ચિત્રો પરની ટૂંકી નોંધો
સાથે
સંસ્કાર, સાહિત્ય અને શૈલીના
સમન્વય સમી
આ લઘુ પુસ્તિકા
ગુજરાતના કલાવિકાસના
સૌ પ્રેમીઓએ વસાવવાયોગ્ય
તથા કલાભિરુચિવાળાં
આપ્તજનોને
ભેટ આપવા યોગ્ય છે.

કિંમત ચાર રૂપિયા · પોસ્ટેજ અલગ

પ્રાપ્તિસ્થાન
કુમાર કાર્યાલય લિમિ.
૧૪૫૪ રાયપુર · અમદાવાદ

કુમાર

ફેબ્રુઆરી ૧૯૭૪ · અંક ૬૦૨

તંત્રી: બચુભાઈ રાવત · ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૧-૦૦; પરદેશ: રૂ. ૩૫; યા પા. ૧-૭૫. યા ડૉ. ૫ છૂટક નકલ: રૂ. ૨-૫૦



સમુદ્રતટની જંતુલીલા
ફોટો • અશ્વિન મહેતા



શિયાળો : ચિત્રકાર જગન્નાથ અહિવાસી (જુઓ આ અંકની 'કલાવાર્તા')
ચિત્ર - ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સૌજન્યથી · બ્લૉકો - માહિતી ખાતું ગુજરાત રાજ્યના સૌજન્યથી

કુમાર આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૫૧મું · અંક ૨જો · ફેબ્રુઆરી '૭૪
સળંગ અંક
૬૦૨

વિમાસણ

· ભજન ·

આઘેરા ગરજે છે સાયર કયારના
    પડઘા ઝીણેરા કળાય જી;
વગડે વેરાયલ આપણ વાદળી
    હવે કયમ રે મળાય જી?—આઘેરા૦

કામઠેથી છૂટયાં તીર આપણે
    બાણાવળીને સંચાર જી;
તાકયાં રે નિશાન પાડી ઝૂરતાં
    પાછાં કયમ રે વળાય જી?—આઘેરા૦

આપણે ટહુકા પંખીગાનના
    રઝળ્યા વનની મોઝાર જી;
હવે રે શોધીએ કંઠનાં બેસણાં
    કયાં એંધાણી ભળાય જી!—આઘેરા૦

ધીરુ પરીખ

વિમાસણ : પરમ તત્ત્વથી વિખૂટા પડી ગએલા જીવની વિયોગ-વિમાસણને જુદાં જુદાં મૌલિક રૂપકો (સાગરથી શોષાઈને વિખૂટી પડી ગએલી જળવાદળી, કામઠામાંથી છૂટી ગએલું તીર, પંખીના કંઠમાંથી વહી ગએલો ટહુકો) દ્વારા જૂના ભજનના ઢાળમાં કવિએ અહીં સચોટ રીતે આલેખી છે.

ઢૂંકડા લગ્નનું ગીત : આગામી લગ્નના આનંદથી ઊછળતા ઉરભાવનું કલાત્મક નિરૂપણ કરતું પાસાદાર ગીત—આંબાડાળે ઝૂલતા પોપટથી માંડીને આંગણામાં ઊડતા ગુલાલ સુધીના રૂપવૈભવને પાદરથી હૈયા સુધી આવતા રહેતા ઢોલના અવાજ સાથે ક્રમબદ્ધ રીતે ગૂંથીને અંતરના આનંદ સાથે જેમાં હિલોળાવ્યો છે.

બાળપણની એક સ્મૃતિ : ભાઈબહેનના નિર્દોષ અને ટીખળી સ્નેહને બાળસહજ રમત-રીસમાં ગૂંથીને નિરાડંબરી શૈલીમાં પ્રાસાદિક રીતે નિરૂપતું ઈલાકાવ્યોની યાદ આપતું સૉનેટ.

ઢૂંકડા લગ્નનું ગીત

· ગાન ·

આંબલિયે હોય એને પોપટનું નામ
અને આંખોમાં હોય એને?—બોલ!
સખી, પાદરમાં વાગે છે ઢોલ!

તોરણમાં હોય, મોર એને કે'વાય
અને ઊંબરમાં હોય એને?—બોલ!
સખી, શેરીમાં વાગે છે ઢોલ!

મારું હોવું તે આજ કમળનું ફૂલ, અહીં
કાલ કોણ ખીલવાનું?—બોલ!
સખી, આંગણિયે વાગે છે ઢોલ!

ફળિયામાં ઊડે એ લાગે ગુલાલ
અને આંખોમાં ઝબકે એ?—બોલ!
સખી, હૈડામાં વાગે છે ઢોલ!

નિરંજન યાજ્ઞિક

બાળપણની એક સ્મૃતિ

· શિખરિણી ·

પછી બેની 'ડિક્કો' કરી, ચીડવીને, તું ઘડી ઘડી
જતી રે'તી આઘે, હું સમસમી બેઠો જ રહું, ને
તને કે'વા જાઉં કશુંક, પણ ઓઠો ન ઊઘડે—
ન જાણું શાથી! એ વખત કંઈનું કૈં થઈ જવું
મને, ગુસ્સો ખોટો સળવળી જતો, ત્યાં તું ફરીથી
ખણી ચૂંટી વેગે સરી જતી, હું જોતો જ રહું : એ
નવું પે'રેલું તે ઘૂંટણઝૂલતું ફ્રૉક, હમણાં
પરાણે લીધેલાં કટકટ થતાં સૅન્ડલ, અને
થઈ ઊડું ઊડું મૃદુ ફરકતાં ઝૂલ્ફ નમણાં!

વળી પાછી 'ગાંડો' કહી તું હસી દોડી જતી, મને
ચડે ગુસ્સો ખાસ્સો; પછી હું ઊઠતો, પાછળ પડું
તને ઝાલી પાડું, તું હસી પડી સામેથી જ મને
'અરે ભૈલો મારો!' કહી વળગી જાતી પછી ત્યહીં
ફરી શી હેતાની અધિક દૃઢ ગાંઠો વળી જતી!

વિનોદ જોશી

ચંદ્રનાં શીતળ જણાતાં કિરણ સમુદ્રમાં ભરતી આણીને કેવું પ્રચંડ તોફાન જગાવે છે! આશુતોષ ગણાતા શંકર રુદ્રસ્વરૂપે કેવા ભીષણ બને છે! ઝબ્બા, ધોતિયું, માથે ટોપી ને કોઈ વાર ઝબ્બા પર બંડી એવો ખાદીનો વેશ ધરાવતા, ધીમી ચાલે ચાલ્યા જતા ૭૫ વર્ષના આ વૃદ્ધજન કોઈ સામાન્ય કાર્યકર જેવા જણાય. એવા આ માણસે બૉમ્બ બનાવીને ફોડેલા, રમકડાની જેમ રિવૉલ્વરો રમાડેલી, પોલીસોને પરેશાન કરીને ભગાડેલા, ચાલતી ટ્રેઈન રોકીને લૂંટેલી અને વિમાન ચલાવેલાં એમ કોઈ કહે ત્યારે એ વાત નવાઈભરી લાગે. તો ય એમને માટે એ સત્ય છે. એ વ્યક્તિ તે ચંદ્રશંકર ભટ્ટ.

અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના પસુંજ ગામમાં ગૌરીશંકર ભટ્ટ રહે. તેઓ વડોદરા રાજ્યમાં મોજણીદાર હતા. રાજ્યમાં તેમ જ બહાર તેમની શાખ ઘણી સારી હતી. વડોદરાના મલ્હારરાવ જ્યારે અંગ્રેજોના હાથે પકડાઈ ગએલા ત્યારે તેમને છોડાવવાને આ ગૌરીશંકર વહારે ચડેલા. ગૌરીશંકરના પુત્ર મણિશંકર પણ મોજણીદાર બનેલા. એ મણિશંકરને ત્યાં, માતા કાશીબાની કૂખે તા. ૩-૯-૧૮૯૮ના રોજ પોતાના મોસાળમાં, ભરૂચ જિલ્લાના આમોદમાં ચંદ્રશંકરનો જન્મ થયેલો. ભાઈશંકર, સરસ્વતીબહેન, ચંદ્રશંકર અને દયાશંકર–એમ ચાર ભાઈ-બહેનમાંથી આજે ત્રણ ભાઈઓ હયાત છે. મોટા ભાઈ ભાઈશંકર ડૉ. સુમંત મહેતાની સાથે સમાજસેવાના કાર્યમાં લાગેલા અને સૌથી નાના ભાઈ દયાશંકર ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક થઈને આચાર્ય ગિદવાણીની સાથે ગ્રામસેવાના કાર્યમાં પલાંઠી લગાવીને બેસી ગએલા.

ચંદ્રશંકરનું પ્રાથમિક શિક્ષણ થોડુંક વતન પસુંજમાં અને બાકીનું આજુબાજુનાં ગામડાંઓમાં ચાલ્યું. પિતાની નોકરીને લીધે આમ બનેલું. હાઈસ્કૂલનું શિક્ષણ તેમને વ્યવસ્થિત રીતે વડોદરામાં મળ્યું.

એ સમય રાષ્ટ્રીય જાગ્રતિનો હતો. ઇ. સ. ૧૯૦૫માં બંગભંગની ચળવળ શરૂ થએલી અને તેના પડઘા દેશભરમાં પડેલા. ગુજરાત એમાંથી બાકાત રહ્યું નહોતું. શાળા-કૉલેજમાં અભ્યાસ કરનાર યુવકોના અંતઃકરણમાં દેશભક્તિનો જુવાળ આવ્યો હતો. ઈ. સ. ૧૯૧૭માં ગોધરામાં ગુજરાત રાજકીય પરિષદનું પહેલું અધિવેશન મળ્યું ત્યારે ગાંધીજી અને લોકમાન્ય ટિળક જેવા સમર્થ નેતાઓ પધારેલા. એમનું દર્શન કરવાને વડોદરાથી ચન્દ્રશંકર અને તેમના મિત્ર નારાયણ ઠેઠ ગોધરા ગએલા. ત્યાં આ બેઉ છઠ્ઠા ધોરણના વિદ્યાર્થીઓએ ઉતારાના સ્થળે કેવળ ધોતિયાભેર ખુરસીમાં બેઠેલા. ટિળકને નમસ્કાર કર્યા. કાઠિયાવાડી ફેંટો ને અંગરખું પહેરેલા ગાંધીજીનાં પણ એમણે દર્શન કર્યાં. એ પ્રત્યક્ષ દર્શન એ ચન્દ્રશંકરને મળેલી દેશભક્તિની પ્રથમ દીક્ષા.

એ વેળા વડોદરાનું વાતાવરણ રાષ્ટ્રીયતાના નવા જોમથી ધબકતું હતું. કૉલેજના પ્રાધ્યાપક શ્રી અરવિંદ ઘોષના સાન્નિધ્યે જુવાન વર્ગમાં રાષ્ટ્રસેવાનો ઉમંગ પ્રગટાવ્યો હતો. પુરુષ અધ્યાપન પાઠશાળાના શિક્ષક છોટુભાઈ પુરાણી, તેમના ભાઈ અંબુભાઈ અને બીજા આઠેક મિત્રોએ મળીને તા. ૧-૫-૧૯૦૯ના રોજ બાજવાડામાં વ્યાયામશાળા સ્થાપીને વ્યાયામપ્રવૃત્તિ શરૂ કરેલી. ચન્દ્રશંકર પણ એ મંડળીમાં જતા. ત્યાં વ્યાયામપ્રવૃત્તિ ઉપરાંત ચર્ચાસભાઓ ગોઠવાતી, શનિવારે દોડ થતી ને રવિવારે પગપાળા પ્રવાસ યોજાતા. રાષ્ટ્રીય સાહિત્યનું વાચન પણ થતું.

એ વેળા ગાંધીજીએ ગ્રામોદ્ધારની યોજના ઘડીને દેશભક્તોને ગામડાંની સેવા કરવાની હાકલ કરી હતી. પુરાણી મંડળે આ હાકલ ઝીલી લીધી અને ઈ. સ. ૧૯૧૭માં ભરૂચ જિલ્લાનાં હાંસોટ અને સજોદ ગામોને આદર્શ ગામ બનાવવાની યોજના તૈયાર કરી. પુરાણી ભાઈઓ, દિનકર પંડ્યા, રતુપ્રસાદ ભટ્ટ, યશવંતરાવ જોષી, બાપાલાલ વૈદ્ય આદિ મિત્રોએ હાંસોટમાં 'ગુજરાત સેવામંડળ'ની સ્થાપના કરી. ઈ. ૧૯૧૭માં બીજા પ્રયત્ને મૅટ્રિક થએલા ચન્દ્રશંકરે ગ્રામસેવામાં ઉપયોગી થવાય એ હેતુથી મુંબાઈમાં વેટરીનરી (પશુવૈદક)નો અભ્યાસ આદરેલો, પણ તબિયત બગડવાથી વડોદરા પાછા આવ્યા અને ત્યાંની કૉલેજમાં પ્રીવિયસ (પ્રથમ વર્ષ)ના વર્ગમાં જોડાઈ ગયા. ઈન્ટર (દ્વિતીય વર્ષ)ની પરીક્ષા આપ્યા પહેલાં કૉલેજ છોડી અને 'ગુજરાત સેવામંડળ'ના આદેશને અનુસરીને સજોદમાં સ્થિર થયા.

ઈ. સ. ૧૯૨૮માં ચન્દ્રશંકર પોતાનો કાર્યભાર યશવંતરાવ જોષીને સોંપીને રંગુન ગયા અને ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં શિક્ષક તરીકે રહ્યા. પ્રાણજીવનદાસે જતે દહાડે ચંદ્રશંકરને, ગુજરાતીઓ માટે લગભગ વર્જ્ય મનાતી વિમાન-ચાલકની તાલીમ લેવાની સલાહ આપી. એથી તેઓ કરાચી પહોંચ્યા અને ત્યાં જસાણી કુટુંબના મહેમાન બન્યા.

એવામાં નામદાર આગાખાને જાહેરાત આપી કે જે કોઈ ભારતીય વ્યક્તિ લંડનના વિમાની મથક ક્રૉઈડન અને કરાચી વચ્ચે જાતે વિમાન હંકારીને મુસાફરી કરશે તેને ૧૦૦૦ પાઉંડનું ઈનામ મળશે. ચંદ્રશંકરે ત્રણેક મહિનાની વિમાન ચલાવવાની તાલીમ લીધી, પરંતુ તેમને 'એમૅટર લાઈસન્સ'નું એ સર્ટિફિકેટ જ મળ્યું. બી સર્ટિફિકેટ મેળવવા માટે ઇંગ્લૅન્ડ જવું પડે તેમ હતું. એ માટે ય તેમણે તૈયારી તો કરી જ હતી, પણ એમાં વિઘ્ન આવ્યું.

એવામાં ૧૯૩૦ના ઑક્ટોબરમાં જંબુસરથી છોટુભાઈનો તાર આવ્યો: 'ગુજરાત પાછા ફરો. તમારી ખાસ જરૂર છે.' ચન્દ્રશંકરે તુરત માયા સંકેલી લીધી અને તા. ૩૦મી ઑક્ટોબરે તેમણે જંબુસર તાલુકાના માસર રોડ સ્ટેશને પગ મૂક્યો. ત્યારે પૂર જોસમાં ગાંધીજીના અસહકારના જંગના અનુસંધાનમાં કર નહિ ભરવાની–નાકરની–લડત શરૂ થઈ ચૂકી હતી. બારડોલી સત્યાગ્રહનું પુનરાવર્તન હોય તેમ, લોકો માલમિલકતભર્યાં ઘર છોડીને ખેતરમાં નવા વસવાટ બાંધીને રહેવા લાગ્યા હતા. છોટુભાઈ ને ચંદ્રશંકર જંબુસર તાલુકાનાં ગામોમાં ઘૂમતા રહ્યા ને સરકારની સામે બહારવટું ખેડતા રહ્યા. સરકારની તેમના પર કરડી નજર થઈ અને ૧૯૩૨ની છઠ્ઠી જાન્યુઆરીએ તેમની ધરપકડનું વૉરંટ નીકળ્યું. ચન્દ્રશંકરે જંબુસર ગામની ભાગોળે એક ઓળખીતાને ઘોડા સાથે આવતાં જોયો. ઘોડાનું પાણી માપવાને બહાને તેઓ તેના પર પલાણીને પલાયન થઈ ગયા અને પોલીસ હાથ ઘસતી જ રહી ગઈ!


પછી તો છોટુભાઈ અને ચન્દ્રશંકરે વડોદરાને પોતાની પ્રવૃત્તિનું કેન્દ્ર બનાવ્યું. કવિ ઉમાશંકર જોશી અને 'સુંદરમ્' પણ થોડોક વખત સાથે રહેલા. બીજી બાજુ, છોટુભાઈ અને ચન્દ્રશંકરના ફોટો પોલીસ ગેઝેટમાં છપાયા અને દરેકને પકડવા માટે રૂપિયા પાંચસોનું ઈનામ જાહેર થયું!

નાકરની લડત દરમિયાન જંબુસર તાલુકાના ખેડૂતોની જમીન સરકારે આંચકી લીધી હતી. એથી ઘણાં કુટુંબો નિરાધાર બન્યાં હતાં. એ વેળા ચંદ્રશંકરે વીમા કંપનીના એજન્ટ તરીકે પોતાને મળતું કમિશન એકઠું કર્યું ને એ રૂપિયા ૭૫૦નું અનાજ ખરીદીને ગામ લોકોને વહેંચી આપ્યું. સરકારની ખફા નજર તો આ બેઉ જણ પર હતી જ, એટલે છોટુભાઈના માથા માટે અઢી હજારનું ને ચંદ્રશંકર તથા તેમના ચાર સાક્ષીઓના માથા માટે બે હજારનું ઈનામ સરકારે જાહેર કર્યું. એવામાં ૧૯૩૨માં ભરૂચમાં એક લગ્નપ્રસંગે હાજરી આપીને પાછા જતાં છોટુભાઈ પકડાઈ ગયા. તેમને દોઢ વર્ષની સખત કેદ અને રૂ. ૫૦૦ના દંડની સજા કરીને નાસિક જેલમાં મૂકવામાં આવ્યા.

છોટુભાઈની ગેરહાજરીમાં હવે બધી જવાબદારી ચંદ્રશંકરને માથે આવી પડી. રાત્રે ગામલોકોને એકઠા કરીને સભા યોજતા અને રાતોરાત માઇલો સુધી ચાલીને બીજે ઠેકાણે રવાના થઈ જતા. દિવસે તેઓ અજ્ઞાતવાસ સેવતા. ગામના સીમાડે તેમના માટે રોટલા આવતા અને

ગુજરાતના એક ક્રાંતિવીર ચંદ્રશંકર ભટ્ટ

લેખક · પ્રો. નરોત્તમ વાળંદ



ચંદ્રશંકર ભટ્ટ, આજે ૭૫ વર્ષે ▷

બૉમ્બના ધડાકા, આગગાડીમાં લૂંટ, પોલીસ ચોકીઓમાંથી હથિયારોની ઉઠાંતરી, સરકારી ગોદામના કબજા વગેરે જેવી ઉદ્દામ પ્રવૃત્તિઓ વડે જેમણે વિદેશી હકૂમત પર ધાક બેસાડેલી ને જેમના માથા સાટે ઈનામ જાહેર કર્યાં છતાં અંગ્રેજ સરકાર જેને પકડી ન શકી.

ખેતરમાં તેમની પથારી થતી. મેળ ખાય ત્યારે સાતઆઠ દિવસે નાહવાનું બનતું. આવી કપરી હાલતમાં તેમણે દિવસો પસાર કરવા માંડ્યાં. પછી તો ૧૯૪૦-૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ કરીને તેઓ પકડાઇને થાણાની જેલમાં ગયા અને વીસેક દિવસ જેલની હવા ખાઇને પાછા છૂટી ગયા.

ત્યાં તો 'અંગ્રેજો હિંદ છોડો'નો નાદ ગાજ્યો અને બ્રિટિશ સત્તા સામે ખુલ્લા વિદ્રોહમાં આખો ભારત ભભૂકી ઊઠ્યો. છોટુભાઈ, ચંદ્રશંકર અને બીજા મિત્રોએ મળીને ૧૯૪૨માં 'આઝાદ હિંદ સેના'ની સ્થાપના કરી. આ સેના તરફથી શરૂઆતમાં 'ઇન્કિલાબ' નામની અને પછીથી 'રાજદ્રોહ' નામની પત્રિકા બહાર પાડવામાં આવતી. વડોદરામાં એનાં ચાર પાંચ મથકો રખાએલાં. વડોદરા ઉપરાંત મુંબાઈ, કલકત્તા અને અમદાવાદ જેવાં શહેરોમાં પણ એનાં મથકો હતાં. સરકાર સામે બહારવટે ચડેલા આ ભડવીરોએ ત્યારે પોલીસથાણાં ભાંગીને હથિયારો મેળવવાની યોજના ઘડી. છોટુભાઈ-ચંદ્રશંકરની ટુકડીએ જંબુસર તાલુકાના વેડછ ગામે પોતાનું પહેલું નિશાન તાક્યું. એ દિવસ હતો ૧૯૪૨ના સપ્ટેમ્બરની ૨૧મીનો. ધોળે દિવસે, બપોરના ત્રણ વાગ્યે, ભર બજારે મેડા પર આવેલા પોલીસથાણા પર એ ટુકડી ત્રાટકી પડી અને લોહીનું એક ટીપું ય પાડ્યા વિના પોલીસોની છ બંદૂકો પડાવી લઇને મહીકાંઠાનાં કોતરોમાં ઊતરી પડી. આ બનાવની અમલદારોને હાય લાગી ગઈ અને સરકારનું નાક કપાઈ ગયું હોય તેવો ક્ષોભ થયો. પછી તો એ જ ટુકડીએ સરભાણનું પોલીસથાણું લૂંટીને બીજી ૮ રાઈફલો હાથ કરી. પોલીસોને પકડીને તેમના ડ્રેસ ઉતારી લઈને તેની હોળી કરવામાં આવી. ઝપાઝપીમાં એક પોલીસને ટુકડીમાંના એક જણે ગોળીથી વીંધી નાખ્યો. વેડછ, સરભાણ ને જંબુસરનાં અન્ય સ્થળોએ પ્રસરવા માંડેલી લોકક્રાન્તિની જ્વાળાઓ મુંબાઈ સરકારને કારમી રીતે દઝાડી ગઈ.

નિર્દોષ પોલીસનું મૃત્યુ થવાથી ચંદ્રશંકરનું હૈયું કકળી ઊઠ્યું. તેમણે ગાંધીજીને આ અજાણતાં થએલા ખૂનનો બનાવ ટાંકીને પૂછ્યું કે આ પ્રસંગ હિંસાનો કહેવાય કે નહિ? ગાંધીજી એ વેળા પંચગની હતા. તેમણે જણાવ્યું : 'હિંસા-અહિંસાની મીમાંસામાં અત્યારે ન પડીએ. અત્યારે તો ભગવાન જેને જે સુઝાડે તે કરી છૂટીએ.' બાપુના આ શબ્દોથી ચંદ્રશંકરના હૈયા પરથી મોટો બોજ દૂર થઈ ગયો! ત્યાં છોટુભાઈ અને ચંદ્રશંકરને સમાચાર સાંપડ્યા : સરભાણમાં સરકારી અનાજનું ગોડાઉન છે અને આજુબાજુનાં ગામડાંમાંથી એકઠા થએલા એ અનાજને ભરૂચ જિલ્લા બહાર મોકલી દેવાની સરકાર પેરવી કરી રહી છે. તરત પંદરસત્તર જણની ટુકડી તૈયાર થઈ ગઈ. પહેલાં તો સરકારી દુકાન તોડીને તેમાંથી કેરોસીનના ડબ્બા કાઢ્યા. પછી ગોળીબાર કરતાંની સાથે જ થાણાના બારે ય પોલીસો ભાગી છૂટ્યા! નજીકમાં જ ગોડાઉન હતું. કેરોસીન છાંટીને ચારસો કળશી અનાજ સળગાવી દેવામાં આવ્યું. આખી રાત ચાલુ રહેલી આગના ભડકા ચાર ચાર માઈલ દૂરથી દેખાતા રહ્યા.

સરકારે તાબડતોબ બોલાવેલા લશ્કરના બસો સૈનિકોએ આખા ગામને ઘેરી લીધું. ગોડાઉન બાળવા માટે દસ હજારનો અને પોલીસ થાણા પર હુમલો કરવા માટે વીસ હજારનો સામુદાયિક દંડ ગામલોકો પર નંખાયો. આસિસ્ટન્ટ કલેક્ટરે ગામલોકોને જણાવ્યું : 'ગુનેગારોનાં નામ આપો, તો દંડ માફ કરાવી દઈશ.' પરંતુ લોકોએ જરા યે મચક આપી નહિ. ત્યાર બાદ આ ટુકડીએ પંચમહાલ જિલ્લાના અંબાલી ગામના પોલીસ થાણામાંથી રાયફલ અને બંદૂકના કારતુસ ઉઠાવી લીધા!

પોલીસ થાણાં પર આમ વારંવાર છાપા મારીને હથિયારો ઝૂંટવી જતી ટુકડી હવે સરકારની આંખમાં કણા માફક ખૂંચવા લાગી. એને પકડવા માટે સરકારે ચારે તરફ પોલીસો અને જાસૂસોની જાળ પાથરી દીધી. ઘણી વાર તો નિર્દોષ રૈયતને કનડીને પણ ટોળકીની ભાળ મેળવવાની મથામણ થતી, પણ કશી જ બાતમી મળતી નહિ.

આ ટુકડીનાં આશ્રયસ્થાનો મહી નદીનાં કોતરોમાં હતાં. આ કોતરો એટલાં ઊંડાં કે એમાંથી ઊંટ પસાર થઇ જાય તો ય કોઇને ખબર ના પડે. ગમે એવો ચતુર અને વિચક્ષણ માનવી પણ જો એના સર્પાકાર રસ્તાના ચકરાવે ચડી જાય તો એને પાછા બહાર નીકળવું ભારે પડી જાય. સાપવીંછી અને વગડાઉ જાનવરોનો તો પાર નહિ. એવા બિહામણા નિર્જન સ્થળે ભોંયરું બનાવાતું. અંદર ઉજાસ આવે એ માટે ઉપરના ભાગે ત્રાંસુ બાકોરું પાડવામાં આવ્યું હોય. વળી, પોલીસની ધાડ આવે ત્યારે સપડાઈ ન જવાય તે માટે બીજી બાજુથી બારોબાર નીકળી જવાય એવા બુગદા પણ બનાવેલા. છેક ઉપરની જમીન ખેતરની હોય. ખેડૂતને વિશ્વાસમાં લઈને પાસેના ઝાડ પર માણસ બેસાડીને ચોકી પહેરો મૂકી દેવાતો. સંદેશાની આપલે માટે સંકેતની ભાષા રહેતી. ભોંયરામાં રાત્રે દીવો પણ નહિ કરવાનો, અને દિવસે અંદર સૂઈ રહેવાનું. રસોઈ તો થાય જ ક્યાંથી? આજુબાજુના ગામમાંથી બહેનો તૈયાર ખાવાનું આપી જાય. બહેનો પણ એવી નીડર કે રાત્રે ગામમાંથી ટોપલામાં દાળ કે શાક અને રોટલા લઇને નીકળે અને ચંદ્રશંકરની ટુકડીને જમાડી જાય. ખાતાં બચે તે આ લોકો રાખી લે ને સવારે પાંચેક વાગ્યે ઊઠીને ખાઈ લે. ફરી ખાવાનું પાછું રાત્રે જ આવે. આ રીતે ક્રમ ચાલતો.

એ વખતે મુંબાઈ રાજ્યમાં અનાજની માપબંધી હતી. તો પણ ભૂગર્ભમાં રહેનારી ટુકડીને ગામલોકો પ્રેમપૂર્વક ખાવાનું પહોંચતું કરતા. ચંદ્રશંકરને થતું : ગરીબ લોકોની ઉદારતાનો લાભ લેવો, એના







▷ અનુક્રમે : ચંદ્રશંકરના પ્રેરણાદાયી ગુરુ છોટુભાઈ પુરાણી અને ચંદ્રશંકર ભૂગર્ભવાસ પહેલાં. જમણી બાજુ છેડે ચંદ્રશંકર ગુપ્તવાસમાંથી બહાર આવ્યા ત્યારે

બદલામાં કશું જ ન આપવું અને એમની મુશ્કેલીમાં વધારો કરવો એ વાજબી નથી. પણ થાય શું? એ વેળા આ ટુકડીનો પડાવ પાદરા તાલુકામાં આવેલા જાસપર ગામની પાસે હતો. જાસપર ભાદરવા સ્ટેટનું ગામ હતું. માપબંધીનું અનાજ ભાદરવાથી નદી મારફતે હોડીમાં આવતું. એક વાર નદીકિનારે ઊભેલા ચંદ્રશંકરે અનાજ ભરેલી હોડી પસાર થતી જોઈ. તેમની સાથે મેઘજી બહારવટિયો હતો.

આ મેઘજીનો એક આગવો ઇતિહાસ છે. લૂંટ અને ખૂનના ગુના બદલ એ વારંવાર જેલની હવા ખાઈ આવેલો. છેલ્લી સજા એને જન્મટીપની થએલી. છ ફૂટની પડછંદ કાયા, ભરાવદાર મૂછો અને કરડી આંખ ધરાવતો મેઘજી મિજાજનો ઘણો કડક હતો. છોટુભાઈ નાસિક જેલમાં હતા ત્યારે સરકારે સત્યાગ્રહી કેદીઓની ઉપર ધાક બેસાડવાને મેઘજીને વૉર્ડર તરીકે મૂકેલો. પાછળથી તે છોટુભાઇનો મિત્ર બની ગયો અને જેલમાંથી છૂટ્યા પછી છોટુભાઈની ભલામણથી ચંદ્રશંકરની ટોળીમાં જોડાઇને તેમનો વિશ્વાસુ વફાદાર સેવક થઈને રહ્યો.

ચંદ્રશંકરે મેઘજીને કહ્યું: 'હોડી નજીક આવે એટલે ગોળી છોડ, પણ કોઈને ન વાગે ને પાણીમાં પડે એ જોજે.' મેઘજીની ગોળી આબાદ રીતે પાણીમાં પડી. અંદર બેઠેલા ગભરાઇને બહાર કૂદી પડ્યા. ચંદ્રશંકરે ટંડેલને હુકમ કરીને ઘઉં, ચોખા વગેરેની જરૂરી ગુણો ઉતરાવી લીધી અને બજારભાવ પ્રમાણે રૂપિયા આપી દીધા. ફરીથી જ્યારે હોડી પસાર થાય ત્યારે અનાજની ગુણો નાખતા જવાનું સૂચવ્યું. ટંડેલ તો આ નવા બહારવટિયાઓના વર્તનથી આભો જ બની ગયો! પછી તો દર અઠવાડિયે નિયમિત રીતે અનાજ મળવા માંડ્યું. આવાં આવાં પરાક્રમોથી ભરેલો લગભગ ચાર વર્ષનો અજ્ઞાતવાસ તેમણે સેવેલો.

ઈ. સ. ૧૯૪૩નો સમય હતો. ક્રાન્તિકારીઓને વળી પાછી નાણાંની જરૂર પડી. એ વખતે સરકારી નોકરોને ચૂકવાતા પગારની રકમ ટ્રેઈન મારફતે વીરમગામથી મોકલવામાં આવતી. ચંદ્રશંકરની ટોળીએ ભાવનગરથી વીસેક માઈલ દૂર આવેલા લીલાપુર સ્ટેશને ટ્રેઈનને લૂંટવાનું નક્કી કર્યું. ટોળીના થોડાક જણે અગાઉથી મુસાફરી કરીને તારના થાંભલા ગણ્યા. કેટલાકે થાંભલે ટ્રેઈન થોભાવવી એ નક્કી કર્યું. લૂંટ કરીને ભાગી છૂટવાના માર્ગોના નકશા તૈયાર કર્યા. માર્ગનાં પોલીસ થાણાં, ચોકી પહેરા વગેરેની વિગતે નોંધ લીધી. લૂંટેલી ચલણી નોટો બદલી આપવા માટે અમદાવાદની એક બૅંકના મૅનેજરને વિશ્વાસમાં લીધા.

અમાસની અંધારી રાત્રે કીર્તિ મેઈલ દોડતો હતો. મોટા ભાગના ઉતારુઓ નિદ્રાધીન હતા. ચંદ્રશંકર, જશવંત મહેતા, સરભાણના વિઠ્ઠલભાઈ દરબાર વગેરે પંદરેક જણની ટોળી વિરમગામથી સજ્જ થઇને ગાડીમાં ચડી બેઠી. ચંદ્રશંકર એ વખતે મોટી મૂછો રાખતા. તેમણે કાઠિયાવાડી પોશાક ધારણ કર્યો હતો. બાકીનાએ વાઘેર ધાડપાડુઓનો વેશ પહેરેલો.

લીલાપુર છોડીને ટ્રેઈન આગળ વધી. થોડેક જતાં સાંકળ ખેંચીને તેને થોભાવવામાં આવી. જશવંત મહેતાએ એન્જિનમાં પહોંચી જઇને વેક્યુમ બ્રેક લગાવી દીધી. ચંદ્રશંકરે છલાંગ મારી બહાર આવી રિવૉલ્વરનો ધડાકો કર્યો. બીજા જુવાનો થોડા થોડા અંતરે રહીને, મુસાફરોને ન વાગે એ રીતે, ડબ્બા પર ધડાધડ પથ્થરો ફેંકવા લાગ્યા. ગાર્ડ અને ડ્રાઈવરને તેમના સ્થાન પર જ રહેવાની ચેતવણી અપાઈ. મુસાફરો બેબાકળા બની ગયા. આર. એમ. એસ.ના ડબ્બામાંથી સરકારી નાણું સાચવતો પોલીસ શું થયું તે જોવા નીચે ઊતર્યો કે તરત ડબ્બામાં રહેલી તેની બંદૂક લઈ લેવામાં આવી. ચંદ્રશંકર અને તેમના સાથીઓ એ ડબ્બામાં ચડી ગયા અને ચોકિયાત પાસેથી નોટોનાં બંડલો લઈ લીધાં. જે લોકો ગાંઠતા નહોતા તેમને જાજરૂમાં પૂરી દેવામાં આવ્યા. લગભગ સાઠેક હજારની રકમ લઈને અર્ધા કલાકમાં બધું કામ પતાવીને સૌ અંધારામાં ગાયબ થઈ ગયા! સવારે દસ વાગ્યા સુધી ચાલીને એ લોકો ૪૫ માઈલ દૂર પહોંચી ગયા. ત્યાંથી બધા છૂટા પડ્યા. ચંદ્રશંકરે ચાલતા સરખેજ પાસેના ગામે આવીને તળાવડીમાં આખો દિવસ ગાળ્યો. રાત પડતાં નવાપુર આવીને ત્યાંથી ટેક્સી મારફતે આવ્યા અમદાવાદ, અને ખાડિયામાં રહેતા એમના મિત્ર કૃષ્ણલાલ ટી. દેસાઇને એ રકમ વગે કરવાનું જણાવીને ચંદ્રવિલાસ લૉજના ધાબા પર સૂઈ ગયા! આ હેરતભરી લૂંટ ગુજરાતની ભૂગર્ભ પ્રવૃત્તિના ઇતિહાસમાં અજોડ બની છે.

બૉમ્બ બનાવવાની પ્રવૃત્તિ પણ આ ક્રાન્તિવીરો કરતા હતા. છોટુભાઈ મુંબાઈ યુનિવર્સિટીના વિજ્ઞાનના સ્નાતક ને સુવર્ણચંદ્રકવિજેતા હતા. તેમણે બૉમ્બ બનાવવાની રીતો શીખીને ટાઈમ-બૉમ્બ, પ્રેશર-બૉમ્બ અને ગ્રો-બૉમ્બ બનાવ્યા. વિશ્વામિત્રી અને જંબુસર વચ્ચે રેલવેના પાટા નીચે પ્રેશર-બૉમ્બ મૂકવામાં આવ્યો. એંજિન નીચે દબાતાં જ તે ફાટ્યો ને ડ્રાયવરના પગમાં બૉમ્બની કચ્ચરો ભરાઈ ગઈ. પરિણામે તેને પગ કપાવવો પડ્યો. એંજિન નકામું થઈ ગયું. વડોદરાની કૉલેજના દરવાજે ટાઈમ-બૉમ્બ મુકાયો. દીવાલ હાલી ઊઠીને મોટી તિરાડ પડી. વડોદરામાં હાહાકાર મચી ગયો. અમદાવાદની એક શાળામાં ટાઈમ-બૉમ્બ ફૂટ્યો. ધર્મજની હાઈસ્કૂલના મકાનને બૉમ્બથી ભારે નુકસાન પહોંચ્યું. પાદરા પાસે રેલવેના પાટા નીચે પ્રેશર-બૉમ્બ ફાટતાં ડ્રાઈવર અને ફાયરમૅનનાં મૃત્યુ થયાં. આમ ગુજરાતભરમાં ઠેરઠેર બૉમ્બના ધડાકા થતા રહ્યા ને બ્રિટિશ સરકાર વધુ ને વધુ ચોંકતી ગઈ.

આ બૉમ્બ-પ્રવૃત્તિમાં નવલોહિયાં યુવકયુવતી જોડાયાં હતાં. બાપાલાલ વૈદ્યની ભાણેજ ઉષા મહેતા નામે યુવતી ઠસ્સાદાર પોશાક પહેરીને મુંબાઈ-વડોદરા વચ્ચે પ્રથમ વર્ગમાં પ્રવાસ કરતી અને બૅગમાં બૉમ્બ લઈ આવતી. સ્ટેશને મજૂરના પોશાકમાં આવેલા કૉલેજ-યુવકો તેની બૅગ ઊંચકી લેતા. સ્ટેશન બહાર પણ આવા મજૂર વેશે

ચુત્રકો રહેતા. કેટલાક જણ ટ્રેઈનના ફેરિયા તરીકે બૉમ્બ લઈ જતા. ગાંધીજી, બુદ્ધ અને ગણપતિની મૂર્તિઓના પોલાણમાં અને ફળોના કરંડિયામાં મુકાઈને પણ બૉમ્બ યથાસ્થાને પહોંચતા. ઘેરદાર ચણિયામાં પહેરેલી ચડ્ડીના ખિસ્સામાં રિવૉલ્વરો સંતાડીને બહેનો જતી. બાપાલાલ વૈદ્યની દીકરી સુલોચનાએ આવો પ્રયોગ કરેલો. ડિક્ષનેરી જેવા જાડા ગ્રંથોનાં પાનાં કાતરીને કરેલા પોલાણમાં રિવૉલ્વરો મૂકીને એકથી બીજે ઠેકાણે લઈ જવાતી. કોઈ વાર વળી બૉમ્બ ફૂટી જતાં અકસ્માત પણ સર્જાતા; તેમજ બૉમ્બ લઈ જતાં કોઇ પકડાઈ પણ જતું. આવા પ્રસંગોએ પ્રજાની શિસ્ત એવી કે પોલીસ સિતમ ગુજારે તો યે કોઈ હરફ સરખો બહાર ન કાઢે. એક વાર ચંદ્રશંકર અમદાવાદના એક સંબંધીને ત્યાં રાત્રે આવ્યા અને પોતાની થેલી મૂકીને સૂઈ ગયા. બીજે દિવસે સવારે ઘરના છોકરાએ થેલીમાં મૂકેલો બૉમ્બ કાઢયો ને કુતૂહલને વશ થઇને જોવા લાગ્યો. ત્યાં બાજુમાં સળગતા સ્ટવની ગરમીથી એ બૉમ્બ ફાટયો ને કિશોરે બેઉ આંખો ગુમાવી! આમ છતાં એ કુટુંબે કશો યે કકળાટ ન કર્યો કે ચંદ્રશંકરભાઈને ઠપકો પણ ન દીધો. એ કુટુંબ સાથે એમનો સંબંધ પૂર્વવત્ ચાલુ રહ્યો.

બૉમ્બ અને ટ્રેઈનલૂંટની કરામત શીખવા માટે કેટલા યે ક્રાન્તિકારીઓ પરપ્રાન્તમાંથી પણ ચંદ્રશંકર પાસે આવતા. સદાયે ફરતા રહેનારા ચંદ્રશંકર સહેલાઈથી ઓળખાઈ ન આવે એવી વેશભૂષા ધારણ કરતા. સામાન્ય રીતે તેમનો પહેરવેશ મારવાડીનો રહેતો: ચકરી પાઘડી, લાંબો કોટ ને મૂછો! કોઈ વાર કોટ પાટલૂન ને પેશાવરી ફેંટો પહેરતા. ભલભલા એમને જોઇને ભુલાવામાં પડી જતા.

ભૂગર્ભ-પ્રવૃત્તિ સરકારવિરોધી હોવા છતાં કેટલા યે સરકારી અધિકારીઓ ચંદ્રશંકર સાથે નિકટનો સંબંધ ધરાવતા. રેલવેના ગાર્ડો પણ પત્રિકાઓ, જોખમી પારસલો ને ક્યારેક બાતમીઓ પહોંચાડવામાં મદદરૂપ થતા. એમને આશ્રય આપનારાઓ માત્ર હિંદુઓ જ નહોતા, મુસ્લિમો હતા, મરાઠા હતા અને દેશી રજવાડાંના ઠાકોરો યે હતા. સુરગાણા સ્ટેટના રાજવીએ તો હથિયારો પણ પૂરાં પાડેલાં. તેમાં યે પોતાની પેઢીના વારસારૂપ સાચવેલી, જાદુઇ લાકડી જેવી ખાસ ઇંગ્લૅન્ડથી મંગાવેલી સ્ટિકગન પણ ભેટ આપેલી. એક વાર ભોકરે નામના ગૃહસ્થે ચંદ્રશંકર અને એમના સાથીઓને ઈંદોર પહોંચાડવા માટે સેકન્ડ કલાસનું આખું કંપાર્ટમેન્ટ રિઝર્વ કરાવેલું. નીચેના ભાગમાં એમના કુટુંબનાં બાળકો અને સ્ત્રીઓ, ને ઉપર પેલા ક્રાન્તિકારીઓ સૂતેલા!

પાછળથી ક્રાંતિકારીઓ પર પોલીસની ભીંસ ચારે બાજુથી વધવા લાગી. તેમાં 'આઝાદ હિંદ સેના'નું મુંબાઈમાં દોઢેક લાખને ખર્ચે બંધાએલું 'આઝાદ હિંદ બ્રોડકાસ્ટિંગ રેડિયો સ્ટેશન' પકડાઇ ગયું. આવા સંજોગોમાં છોટુભાઈ અને ચંદ્રશંકરે થોડોક વખત મુંબાઈ છોડીને પૂર્વભારત તરફ ખસી જવાનું વિચાર્યું. સુભાષબાબુનું નામ એ વેળા ક્રાંતિકારીઓમાં જાણીતું થયું હતું. બંને જણ કલકત્તા પહોંચ્યા. શ્રીમતી અરુણા અસફઅલી ત્યારે ત્યાં હતાં. કલકત્તામાં તેઓ બંને જણ હાવડામાં ભાદરણના મુસ્લિમ યુવાન અબ્દુલભાઈને ત્યાં ઊતર્યા. એમની સાથેનો સંબંધ ગુજરાતની વ્યાયામપ્રવૃત્તિથી બંધાયો હતો.

કલકત્તામાં ચંદ્રશંકર અને છોટુભાઈ કેટલાક બૉમ્બ અને રિવૉલ્વર એકથી બીજે ઠેકાણે લઈ જવા ઇચ્છતા હતા. ફળના કરંડિયામાં એ બધું સંતાડીને છોટુભાઈ આગળ ચાલ્યા. ચંદ્રશંકર બીજા વાહનમાં નીકળવાના હતા. થોડેક જતાં છોટુભાઈ બે ઘોડાની ફેન્ટન ગાડી (જે જનાનાગાડી તરીકે ઓળખાતી)માં સલામતી ખાતર બેસી ગયા. પણ નસીબ બે ડગલાં આગળ જ હતું! ગાડી જરાક આગળ ગઈ ત્યાં તો કેટલાક લોકોએ ગાડીવાન ઉપર હુમલો કર્યો. છોટુભાઈએ બહાર નીકળીને હુમલાખોરોને પડકાર કર્યો ત્યારે તેઓ તેમને મારવા લાગ્યા! છોટુભાઈ મૂંઝાઈ ગયા. કરંડિયો સૂનો મુકાય નહિ ને લઈને નાસી જવાય નહિ! એવામાં ચંદ્રશંકર પાછળથી ટૅક્સીમાં નીકળ્યા. તેમણે પરિસ્થિતિ જોઈ ગાડી થોભાવી. બધા ઝગડવામાં હતા ત્યાં તેમણે હળવેકથી કરંડિયો ટૅક્સીમાં મૂકી દીધો અને છોટુભાઈને નાસી જવાની ઈશારત કરી. છોટુભાઈ ભાગ્યા. આગળ જતાં ચંદ્રશંકરે ટૅક્સીમાં બેસાડી દીધા. આમ, તેમના માથેથી એક ઘાત ગઈ! કલકત્તામાં શ્યામાપ્રસાદ મુકરજી (કલકત્તા યુનિવર્સિટીના કુલપતિ) સાથે આ બંનેને સારો પરિચય થયો.

પછી તો તેઓ છેક આસામની સરહદ તેજપુર થઈને ઈમ્ફાલ સુધી

બે ભિક્ષુક

શ્રી 'બનફૂલ'ના બંગાળી ઉપરથી

સુકન્યા ઝવેરી

વારાણસીના જનબહુલ પથની કોરે એ અંધ ભિખારી બેસી રહેતો. બળ્યોઝળ્યો કાળો ભઠ ચહેરો જાણે દાઝેલો ન હોય! થોડા દિવસથી જ એ દેખાતો હતો. એ ક્યાંથી આવ્યો છે તે વિષે પાસે બેઠેલા ભિખારીઓને પણ કંઈ જ ખબર નહોતી. પૂછે તો ય જવાબ મળતો નહિ. રસ્તાની કોરે પાથરેલા ફાટેલા ગાભાને સંકોચતો એ મૂગો મૂગો બેસી રહેતો. તો ય ભિક્ષા તો મળતી જ. કાશીમાં પુણ્યસંચય કરવા આવતાં યાત્રાળુઓ ભિક્ષા દેવામાં કૃપણતા ન કરતા. નીરવ ભિખારીનો ફાટેલો ગાભો પણ પૈસાથી છલકાઈ જતો. વિવિધ યાત્રાળુના વિવિધ દાક્ષિણ્યે અપેલો, પૈસો, ઢબુ, આનો, બેઆની, પાવલી અરે ક્યારેક અધેલી યે મળતી જતી. એક દિવસ તો પૂરો રૂપિયો મળ્યો 'તો. ખાવાનું યે મળતું તરેહવાર. પણ ભિખારી ચૂપચાપ બેસી રહેતો. અંધ આંખોની દૃષ્ટિ નિર્વિકાર હતી. મધરાતે રસ્તો, ઘાટ સર્વ જનશૂન્ય થતા ત્યારે એ ધીરેધીરે ઊઠતો, ગાભા પર પડેલી સમસ્ત જણસની પોટલી બાંધતો, લાકડીને ઠકઠક ઠોકતો, ગંગાઘાટે જતો... અને ગંગાને ખોળે એ સર્વસ્વ વિસર્જન કરી પાછો ફરતો. ફરી બેસતો એ રસ્તાની કોરે. એને જે જોતું તે ન મળતું. કોણ જાણે કેટલો કાળ આમ જ બેસી રહેવું પડશે!

તે દિ 'સંધ્યા ઢળી ગઈ હતી, પથ જનશૂન્ય થઈ ગયો હતો. એવામાં એક ભિખારી કોણ જાણે ક્યાંથી આવી ઉપસ્થિત થયો. એ કુબ્જદેહ અને અત્યંત વૃદ્ધ હતો. અંગ પર ફાટેલીતૂટેલી ગોદડીનો ગાભો ને ચીંથરાં વીંટેલાં હતાં. માથા પર વાળની જટાજૂટ, શીર્ણ કંકાલ દેહ. એ ભિખારીએ આવીને પેલા ભિખારીના ફાટેલા ગાભા પર પોતાનું ભિક્ષાપાત્ર ઊંધું વાળીને ઠાલવી દીધું ને બોલ્યા વિના ચાલવા માંડયો. એકાએક પેલો ભિખારી હર્ષથી પુલકિત થઈ ઊઠયો. જોતજોતામાં એક અજબ ઘટના બની. એના શરીરનો વાન ઉજ્જ્વલ ગૌર બની ગયો ને માથા પર સોનેરી ઝુલ્ફાં! ચહેરો યે એકદમ ફરીગયો. ઊભા થઈ ને એણે બૂમ મારી:

'મને ક્ષમા કરી જાઓ, મહારાજ! પાછા વળો, હું ક્ષમા ચાહું છું, હું હાથ જોડું છું'. કુબ્જદેહ ભિક્ષુક પાછો ફર્યો.

સાહેબ બોલ્યો: 'ક્ષમા કરો મહારાજ. કેટલા સમયથી હું આપની આશાએ અહીં બેઠો હતો. અભિશપ્ત જીવન હવે જીરવાતું નથી. રૌ રૌ નરકમાં સબડયો છું. કુંભીપાકમાં ધૂમ્યો છું. આપ જો માફ કરો તો જ મને મુક્તિ મળશે. મને ક્ષમા કરો મહારાજ...'

કુબ્જદેહ ભિક્ષુકનું મુખ પણ આનંદે ઉજ્જ્વળ થઈ ગયું. એને થયું જવા દે, આટલા વખતે ય એ મળ્યો ખરો.

'મિસ્ટર હેસ્ટિંગ્સ! આપને તો હું જન્મજન્માંતરથી ખોળું છું. આપને મેં ક્ષમા આપી છે એ હું ન જણાવું તો મારી યે મુક્તિ નથી.'

'ક્ષમા કરી છે?' 'નિશ્ચય!'

જોતજોતામાં એ કુબ્જદેહ વૃદ્ધ ભિક્ષુકનો દેહ પણ સૌમ્યદર્શન બ્રાહ્મણમાં રૂપાંતરિત થઈ ગયો.

વૉરન હેસ્ટિંગ્સ ને મહારાજા નંદકુમાર એકબીજાને ભેટી પડયા. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર

પાંડુ

લોહીમાં રક્ત કણો ઘટી જવાથી પાંડુ રોગ થાય છે. ગરીબોને અપૂરતા પોષણને કારણે, તો ધનિકોને વધુપડતા ભારે આહારને લીધે અગ્નિ મંદ પડતાં, ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં લોહીના રક્ત કણ ન બનવાથી આ રોગ થાય છે. ઉપરાંત, અતિ મૈથુન, અતિ ખાટા-ખારા-તીખા અને તળેલા પદાર્થોનું સેવન, અતિ મદ્યપાન, તથા માટી ખાવાથી (પ્રાયઃ બાળકોને) પાંડુ થાય છે.

લક્ષણ

(૧) હાથની હથેળી, ચહેરો તથા શરીર ફિક્કાં પડી જાય છે; (૨) આંખમાંનો નીચેનો ભાગ લાલને બદલે ધોળો જણાય છે. (૩) નખની રતાશ ઘટી જઈ, તેનો ઉભાર ઓછો થઈ નખ ચપટા કે દબાએલા દેખાય છે. (૪) પથારીમાંથી ઊઠતાં ચક્કર આવે છે. (૫) વધુ કામ કરવાથી છાતીમાં દુખે છે અને અશક્તિ જણાય છે. (૬) પગમાં સતત કળતર થાય છે. (૭) ભૂખ અને ઊંઘ ઓછાં થઈ જાય છે. (૮) આંખની નીચે કાળાં ચકરડાં યા આંખ અને ગાલ ઉપર સોજા દેખાય છે. (૯) મળમૂત્રમાં પીળાશ આવે છે.

ચિકિત્સા

(૧) પાંડુ રોગીએ ખારા તથા ખાટા પદાર્થો ખાવા ઓછા કરી નાખવા અને તીખા તથા ગરમ પદાર્થો બિલકુલ બંધ કરવા. (૨) દિવસે સૂવાનું અને અતિ પરિશ્રમ બંધ કરી સંયમથી રહેવું. (૩) નિરર્થક ચિંતા, ભય ને ક્રોધનો ત્યાગ કરવો. (૪) રોજ તાજું ગોમૂત્ર પીવું; એથી પિત્તનું શોધન થઈ નવા રક્ત કણો બને છે. (૫) રાત્રે હરડેનું ચૂર્ણ ફાકવું. (૬) લોહાસવ, નવાયસ લોહ, પુનર્નવા મંડૂર વગેરે જેવાં લોહયુક્ત ઔષધો લેવાં. (૭) આરોગ્યવર્ધિની ને શિવાક્ષાર પાચન ચૂર્ણનું નિયમિત સેવન કરવું. (૮) લોખંડની કઢાઈમાં દૂધ ઉકાળીને પીવું અને લોખંડની કઢાઈમાં જ બનાવેલાં દાળ-શાક ખાવાં. (૯) દરરોજ લીલાં આમળાંનો રસ અથવા આમલકી રસાયન ખાવું. (૧૦) સફરજન, દાડમ, દ્રાક્ષ, કેળાં, કેરી, પરવળ, લસણ, ડુંગળી, રીંગણાં, ટમેટાં, ગાજર, ભાજી, ઘી, મોળી છાસ, માખણ, દૂધ, ચોળા, ઘઉં, મગ, તુવેર વગેરે પાંડુ માટે સારાં છે, પણ વાલ, વટાણા, અડદ, ચોળા, હિંગ, વાલોળ, દારૂ વગેરે પદાર્થો અપથ્ય છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

પહોંચ્યા. ત્યાં પરિસ્થિતિનો અભ્યાસ કરતાં લાગ્યું કે સરકારની કડક ચોકીને લીધે કદાચ પકડાઈ જવાય તો આખી યોજનાના ભુક્કા બોલી જાય એટલે બંને ત્યાંથી પાછા ફર્યા.

સરકારે છોટુભાઈ અને ચંદ્રશંકરના માથા સાટેની રકમ વધારીને પચીસ હજાર સુધીની કરી હતી પણ તેમને ધરતી ગળી ગઈ હોય તેમ તેમનો પત્તો લાગતો નહોતો. અંતે તા. ૩-૪-૧૯૪૬ના રોજ મુંબઈ રાજ્યમાં બાળાસાહેબ ખેરના વડાપ્રધાનપદે પ્રજાશાસનનો આરંભ થતાં, છોટુભાઈ, ચંદ્રશંકર આદિ ક્રાંતિવીરો સામેનાં વૉરંટ રદ થયાં. આથી એ સર્વ વીરો તા. ૨૦-૪-'૪૬ના રોજ જંબુસર તાલુકાના કહાનવા ગામ પ્રગટ થયા. પછી તો ભરૂચ જિલ્લાનાં કેટલાંય ગામોમાં તેઓ ગયા. હજારો ગ્રામવાસીઓએ તેમનું સ્વાગત કર્યું અને તેમને ઠેર ઠેર નાણાની થેલીઓ અર્પણ થઈ. આ પ્રસંગે સૂરતથી 'પ્રતાપ' ને અમદાવાદથી 'ગુજરાત સમાચાર' દૈનિકે ખાસ અંકો પ્રગટ કર્યા.

ક્રાંતિની અનેક અટપટી પ્રવૃત્તિમાં રોકાએલા ચંદ્રશંકરભાઈએ અંગત સુખ કે સલામતીનો ઝાઝો વિચાર કર્યો નથી. દેશસેવા કરવી હોય તો સંસારી જીવનનો બોજો માથે લેવો જોઈએ નહિ, એવું માનનાર ચંદ્રશંકરભાઈ અપરિણીત જ રહ્યા છે. તેઓ વર્ષોથી કૉંગ્રેસના સક્રિય સભ્ય રહ્યા છે. ઈ. સ. ૧૯૩૦ થી ૧૯૪૫ના સમયગાળા દરમિયાન તેમણે ભરૂચ જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી અને પછી પ્રમુખ તરીકે કાર્ય કર્યું. સ્વાતંત્ર્યોત્તર સમયમાં તેમણે ઈ. સ. ૧૯૫૨ થી ૧૯૬૨ સુધીના દસકા દરમિયાન સંસદના સભ્યપદે રહીને સેવા કરી. ઈ. સ. ૧૯૬૨ થી ૧૯૭૧ સુધી તેમણે ગુજરાત વિધાનસભાના સભ્યની હેસિયતથી અંદાજ સમિતિના પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી.

ભરૂચ જિલ્લાની સહકારી પ્રવૃત્તિ સાથે તેઓ સંકળાએલા છે. ભરૂચ ખાતે આવેલી 'નર્મદા સ્પિનિંગ મિલ'માં ઈ. સ. ૧૯૬૪થી અને 'ધી બ્રોચ ઈન્ડસ્ટ્રિયલ એસોસીએશન'માં તો છેક ઈ. સ. ૧૯૫૦થી આજ લગી પ્રમુખ તરીકેનું સુકાન સંભાળી રહ્યા છે. 'ભરૂચ જિલ્લા જંગલ કામદાર મંડળી'ના પ્રમુખ તરીકે પણ તેમણે અગાઉ સેવા આપી હતી. ભરૂચ જિલ્લામાં આવેલી 'માલસામોટ વિકાસ હાઉસિંગ કો.ઑ. સોસાએટી'ના સ્થાપક અને પ્રમુખ તરીકે પણ તેમણે વર્ષો લગી કાર્યભાર ઉઠાવ્યો હતો. ઈ. સ. ૧૯૫૭થી ૧૯૭૦ લગી તેઓ ભરૂચ જિલ્લા રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના પ્રમુખ રહેલા. નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે હાલ 'નવજીવન વિદ્યાલય' નામે માધ્યમિક શાળાનો વહીવટ સંભાળી રહ્યા છે. ભરૂચની 'સેવાશ્રમ હૉસ્પિટલ'ના પણ તેઓ ટ્રસ્ટી છે. વ્યાયામનો શોખ તો તેમને વિદ્યાર્થીકાળથી હતો અને આજે પણ તેઓ વ્યાયામ પ્રવૃત્તિના પ્રેરક રહ્યા છે. રાજપીપળા ખાતે આવેલા 'ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ'ના તેઓ પ્રમુખ છે. હાલ એ મંડળ તરફથી 'છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય' ચાલે છે.

વારસામાં મળેલા સેવાભાવનાનાં બીજને ઊગતી જુવાનીમાં યોગ્ય વારિસિંચન થતાં તેમનામાં એના અંકુર ફૂટેલા. ઈ. સ. ૧૯૧૬-૧૭માં ગાંધીજીની 'ગામડાં તરફ વળો' એવી હાકલ થતાં જ તેમણે એ માર્ગે ગતિ કરી. ઈ. સ. ૧૯૨૭ની ઢાઢર નદીની રેલ વખતે તેમણે એક અદના સ્વયંસેવક તરીકે ઉમંગથી કામ કર્યું. ભરૂચની નર્મદાની રેલ હોય કે પંચમહાલનો દુષ્કાળ હોય-ગુજરાતના કોઈ પણ ખૂણાનો પ્રશ્ન હોય-ચંદ્રશંકર ત્યાં પહોંચી જ ગયા હોય ને બનતી સહાય તેમણે, કોઈની રાહ જોયા વિના, શરૂ કરી દીધી જ હોય. ઈ. સ. ૧૯૪૮માં રાજપીપળા રાજ્યનું વિલીનીકરણ થયું ત્યારે ગણોતધારો દાખલ થયો. 'ખેડે એની જમીન' એ ધારાની ઓથે ખેડૂતોએ જાતે ખેતી કરવા માંડતાં કેટલાય ગણોતિયા બેકાર બન્યા. એમને ઠેકાણે પાડવા તેમ જ ઘર, જમીન વગેરે અપાવવા ચંદ્રશંકરભાઈએ છેક સરકારી વર્તુળો સુધી લડત ચલાવેલી. ફોજી દિમાગ, શિકારીના જેવી ચપળતા, બારીક નજર અને ઝીણવટ એ તેમની લાક્ષણિકતા છે.

આજે ૭૫ વર્ષની વયે પણ તેઓ સ્ફૂર્તિ અને ચપળતાપૂર્વક કાર્ય કરતા રહ્યા છે. ભરૂચના આંગણે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે બહેનો માટે વિદ્યાલય ઊભું કરવાની યોજનાને તેઓ સાકાર કરવા મથી રહ્યા છે.

એમના અમૃત મહોત્સવ વેળા, તેમને નિરામય દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય એવી આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ. □

અનુસંધાન] **વળાંક આગળ** [પૃષ્ઠ ૩૭થી

'રાખ રાખ, હવે! કોઈની ભેટ દીધેલી કંઈ પાછી અપાય? મૂરખી ન જોઈ હોય તો!' માધવે રાધાને ઝાટકી કાઢી. 'અને કિસના, હું એમ કહેતો'તો કે મામાની જમીન કાઢીને મામાને આપણે ગામ લઈ આવે તો?'

કિસન માધવના ચહેરા સામે જોઈ રહ્યો. રાધા કિસનના ચહેરા સામે જોઈ રહી. □

'ઇન્ટરનૅશનલ ઇન્સ્ટિટ્યૂટ'ની પંદરમી વર્લ્ડ થીએટર કૉંગ્રેસમાં નૃત્યવિષયક વિભાગમાં ભારતના એક પ્રતિનિધિ તરીકે બાલેના દેશ રશિયાની મુલાકાતનાં સંભારણાં · લેખક **સુનીલ કોઠારી**

૧ ટુ રશિયા વિથ....



મૉસ્કો જતાં પૂર્વે લંડનમાં વિજય ભાટિયા (ડાબી બાજુ) અને વિનય ઝુનઝુનવાલા (જમણી બાજુ) સાથે લેખક

ગ્રહ સારા! નસીબ પાધરાં! કે તકદીરમાં પ્રવાસયોગ હશે જ! નહિ તો આવું બને જ કેમ—ચચ્ચાર વાર યુરોપમાં ભમવાનું? ચાંદામામા—હા, આપણા ચં. ચી—ની વાત નોખી! ક્યાં પ્રોફેસર ચંદ્રવદન ચીમનલાલ મહેતા અને ક્યાં હજી તો ઊગીને ઊભા થતા અમે? પણ તેમના આશીર્વાદ ખરેખર ફળ્યા અને લીધેલાં કામ ખંતથી પૂરાં પાડવાની લગન—ટેનૅસિટી (tenacity) કે જે કહો તે—નટ, નાટક, નાટકશાળા, રંગભૂમિ, નર્તક, નર્તકીઓ, સંકલનકાર, ઓપેરા, બાલે, કૉન્સર્ટ, સિમ્ફની અને કંઈકંઈ જાતના બંધ-પ્રયોગો જોવાનું મળ્યું. ઈ. ૧૯૬૯માં કવિ-ચિત્રકાર ગુલામમોહમ્મદ શેખ જોડે યુરોપ-પ્રવાસ કર્યો ત્યારથી માંડીને ઉત્તરોત્તર '૭૧માં ડેનમાર્ક-યુરોપ-અમેરિકા, '૭૨માં લંડન અને '૭૩માં વળી પૂર્વ જર્મની, રશિયા ને યુરોપમાં સારી પેઠે ઘૂમવા મળ્યું. કંઇ કેટલા ય નવા સંબંધો બંધાયા, દઢાવાયા, જૂના તાજા થયા, નવા ફરીથી તાજા થયા અને કંઇ પારાવાર મિત્રોની મીઠી નજરનાં પુણ્ય ઊગી નીકળ્યાં, ફળ્યાં. ક્યાં કેરળ ને ક્યાં લેનિનગ્રાડ, ક્યાં લંડન અને ક્યાં મણિપુર—કંઈકંઈ સ્થળોએ આપણા સાંસ્કૃતિક વારસા વિષે કંઈક અધિકૃતપણે કહેવાનો વારંવાર યોગ સાંપડયો. એ થકી યુરોપની નર્તનશૈલીનો વારંવાર નજીકથી અભ્યાસ કરવાની તક મળી, એ કલાકારોની મૈત્રી લાધી, નવા પ્રયોગો, જૂની પરંપરાની તેમની જાળવણી, નૃત્યકલા પ્રત્યેનાં તેમનાં આદર-અદબ, માનની લાગણી, ઉપાસના, તનતોડ મહેનત અને લગન વગેરે જોઈ-અનુભવી દંગ થઈ ગયો, આંખો ઊઘડી ગઈ, જ્ઞાન-અનુભવની ક્ષિતિજો વિસ્તરી. આપણી નૃત્યશૈલીઓનો અભ્યાસ થયો, તેની રજૂઆત, તેનું ઊંડાણ, સૂક્ષ્મતા, ખૂબીઓ, ભભક, ઝલક અને ખમીર વિષેની સમજ વધી. તેમાં અનેકોને ભાગીદાર બનાવ્યા અને અનેક કલાકારોએ મન મૂકીને વખત આવ્યે તેની સમ્પ્રયોગ સમજૂતીમાં સહકાર આપ્યો.

બ્રિટિશ કાઉન્સિલ તરફથી ઈ. ૧૯૬૯માં થોડા દિવસની મહેમાનગતિ હતી તે નિમિત્તે લંડનમાં રોકાવાનું થએલું. પછી પશ્ચિમ જર્મનીની સરકારે 'ઇન્ટર નાશ્યોનેસ' સંસ્થાને આશ્રયે એક્સ્ચેઇન્જ પ્રોગ્રામમાં પશ્ચિમ જર્મનીનાં મહત્ત્વનાં શહેરોમાં બાલે-સ્કૂલો, બાલે-ઓપેરા ને કૉન્સર્ટ પ્રયોગો બતાવેલા ને મહેમાનગતી કરેલી. એમ '૬૯ના વરસમાં યુરોપમાં કંઇ દસ-અગિયાર મહિના સતત ફરવાનું બનેલું. ફરી '૭૧માં કોપનહૅગન ખાતેની ઈન્ટરનૅશનલ કૉન્ફરન્સમાં ચં. ચી. મહેતા જોડે જવાનો સુયોગ સાંપડેલો. તેની વાતો તો આપણે 'જુગલબંધી'માં કરી ગયા છીએ. આ હવેની વાત એ પછીના પ્રવાસોમાં જે સ્થળો, વ્યક્તિઓ ને બનાવોની ભરમાર જોઈ-જાણી-માણી છે તેનું બયાન કરીશું. તેમાં બનશે તેટલી સળંગસૂત્રતા જાળવીશું, પરંતુ ક્યારેક આગલી-પાછલી ઘટનાઓને પણ સાંકળીશું. ક્યાંક લંડનમાં, પારી(સ)માં, બર્લિનમાં કે લેનિનગ્રાડમાં ઘૂમીશું. કો'ક ઠેકાણે વધુ રોકાઈશું ને ક્યાંક નહિ ગોઠે તો ત્યાંથી તુરત ઉચાળા ભરીશું. ક્યાંક 'ગ્રીનરૂમ'માં ડોકિયાં કરીશું તો ક્યાંક નૃત્યવર્ગોમાં રિયાઝ જોઇશું. ક્યાંક બાલેની સૃષ્ટિમાં વિહરીશું—રોમાન્ટિક તેમજ આધુનિક: ચિત્તને ચકરડી-ભમરડી રમાડે, હેરાન-પરેશાન કરી મૂકે, હેરત પમાડે ને જોતાં મોં ઉઘાડાં રહી જાય ને જીવ તાળવે ચોંટી રહે તેવા પ્રયોગો પણ જોઈશું.

'ફ્રૉમ રશિયા-વિથ લવ'—ના જી! જેમ્સ બૉન્ડનાં જેવાં દિલ ધડકાવનારાં અને શ્વાસ અધ્ધર ચડાવી દે તેવાં જાસૂસી કામો, ભેદભરમો, શૂરાતન કે જીવસટોસટના ખેલની આ વાતો નથી. અહીં તો મુલાયમ માખણમાંથી કોતરી હોય તેવી નરી નાજુક કાયાઓની કમનીયતાની, દિલ-દિમાગને તરબતર કરી મૂકે તેવી સૂરાવલીને સૂરે હવામાં હળવાં ફૂલ પગલાં ભરતી, પરીઓની મિસાલ ઊડતી, અત્યંત નાજુક નૃત્યાંગનાઓનાં નૃત્યોની અદ્‌ભુત ગતિશીલ સૃષ્ટિમાં વિહાર કરવાનું ઈજન છે!

મૉસ્કો! અહો, ચાર વરસથી મેં કંઈ કેટલી ય વાર ત્યાં જવા સંકલ્પો ઘડયા હશે! મૂળે તો છેક ૧૯૫૯થી સપનાં દેખવાં શરૂ કરેલાં. નૃત્યજગતમાં અમારા વિદ્વાન ગુરુ મોહન ખોકર ત્યારે ત્યાંની નૃત્યશાળાઓની મુલાકાતો લઈ આવેલા. એ અજબગજબ સૃષ્ટિની વાતો કરી એણે અમને ગાંડાઘેલા કરી મૂકેલા. લેનિનગ્રાડની થીએટર સ્ટ્રીટમાંની જે જગવિખ્યાત ઈમ્પીરીઅલ સ્કૂલમાં પાવલોવા, નિજિન્સ્કી, ન્યુરેવ અને મેકારોવા ભણેલાં (પહેલાં બે દંતકથાનાં પાત્રો જેવી કીર્તિ રળી ચૂકયાં છે અને છેલ્લાં બે આજે એવી જ કીર્તિ રળી રહ્યાં છે) તે કીરોવ સ્કૂલના નૃત્યવર્ગો નજરે જોવાના, ત્યાંનાં નર્તક-નર્તકીઓની તાલીમ નિહાળવાના અમારા અભરખા! પણ એની ગમે તેટલી અધીરાઇ હોવા છતાં છેક ચૌદ વરસે અમારાં તપ ફળ્યાં: ૧૯૭૩ના મે મહિનામાં રશિયા જવાનો મોકો મળ્યો. મૉસ્કો ખાતે ભારતીય નાટ્યસંઘ તરફથી દર બે વરસે યોજાતી આઇ. ટી. આઈ. (ઈન્ટરનૅશનલ થીએટર ઈન્સ્ટિટ્યુટ)ની પંદરમી વર્લ્ડ થીએટર કૉંગ્રેસમાં આ ફેરા નૃત્યવિષયક અલગ વિભાગ હોવાથી, તે માટે મને મોકલવો એવું પતિયાલાના વાર્ષિક સંમેલનમાં નક્કી કરાયું. મુંબાઈ શાખાના વાઇસ ચૅરમૅન શ્રી નવીન ખાંડવાળાએ ધરપત આપેલી કે મારે ચિંતા કરવી નહિ; લંડનમાં મને બધાં કાગળિયાં સમયસર મળી જશે, ને ત્યાંથી જ વીસા કઢાવી મારે ઊપડવું. મેની ૨૭મીથી ૧લી જૂન લગી આ મોટો મેળો ભરાવાનો હતો. દુનિયાભરના પચાસ દેશના પ્રતિનિધિઓનો લગભગ પાંચસો જણનો જુમલો ત્યાં આવવાનો હતો. મારો પૂર્વ જર્મનીનો પ્રવાસ પતાવી, પારી(સ)માં ૧૮મી મેએ 'મ્યુઝી ગીમે'માં કામદેવ અને રંગમણિના કુચીપુડી નૃત્યપ્રયોગોના અનુસંધાનમાં મારું લેક્ચર પતાવી ૧૯મીએ હું લંડનના ચૅરિંગ ક્રૉસ સ્ટેશને ઊતર્યો, ને સીધો તીર-ઝડપે પહોંચ્યો રમણિકલાલ સોલંકીના 'ગરવી ગુજરાત' પ્રેસ પર—૨૨ રોઝામન સ્ટ્રીટમાં. પણ જેની કાગ ડોળે રાહ જોતો હતો તે કાગળોનો પત્તો જ નહિ!

અને આપણી હતાશાનો પાર નહિ. માર્ચમાં લંડન જતાં પહેલાં ભારતીય નાટ્યસંઘની મુંબાઈની શાખાના હોદ્દેદારોને લંડનનાં, જર્મની-

નાં, પારી(સ)નાં તારીખ–તિથિ–દિવસ–વાર સાથે સરનામાં આપેલાં. જર્મની જતાં પૂર્વે તાર-ટપાલ-ટેલેક્સ-ટ્રંકકૉલ કરેલા. વળતો એક જ જવાબ : કાગળિયાં મોકલી આપ્યાં છે! પણ તો પછી તે ક્યાં? મારી ધીરજ ખૂટવા આવેલી. ઑફિશિયલ- પ્રમાણભૂત આધાર વિના, ડેલિગેટ તરીકેના પ્રમાણવાળા પત્ર વિના રશિયન એમ્બસીવાળા વીઝા કેમ આપે? અને જવા આડે અઠવાડિયું જ!

ને મૉસ્કો જવું એટલે શું મુંબાઈથી અમદાવાદ જવા જેટલું સહેલું સમજો છો? આ સામ્યવાદી સરકાર વીઝા આપતાં પહેલાં આપણી આગલી પાછલી બોતેર પેઢીનો ઇતિહાસ તપાસે, તેનાં રેકર્ડ રાખે અને જાણે આપણે ત્યાં જઈ ક્રાંતિ કરી નાખીને તેમણે રચેલા, વિશ્વમાં અજોડ એવા ઇતિહાસમાં ગાબડાં પાડી દેવાના ન હોઈએ તેટલી તકેદારી રાખીને માંડ જવા દે. ચોખ્ખા દસ દહાડા પહેલાં 'અરજી' કરો ત્યારે વીઝા સેક્શનવાળા આપણી સામે જુએ! મારે તો રાત થોડી ને વેશ ઝાઝા!

પણ ત્યારે તમને કોણે કહ્યુ'તું કે પેટ ચોળીને પીડા ઊભી કરો? તમને આ નૃત્યમાં આવડો બધો રસ એટલે જાણે જવાનો તમારો હક્ક? ના, અમારી અનુકૂળતાએ પત્રો મોકલીશું. શ્રીમતી કમળાદેવી ચટ્ટોપાધ્યાયથી માંડીને નવા ચૂંટાએલા હોદ્દેદારો મને ઓળખે. પતિયાલા અધિવેશનના ઠરાવની નકલ મોકલી મારા મનને ત્યારે શું કરવા બહેકાવ્યું? પણ રાવ ફરિયાદ કોને કરવી? અંતે, ઉપરવાળાએ તો નહિ પણ ભારતીય નાટ્ય સંઘના અધ્યક્ષ પાલનપુરના નવાબ ઈકબાલ મોહમ્મદે ભલી વિચારીને ટાણાસર કો'ક જોડે લંડન પત્ર મોકલી આપ્યો ત્યારે આ સુદામા જેવી સુકલકડી કાયામાં કંઈક હામ આવી.

તમે રશિયા જવાનું વિચારતા હો તો માંડી વાળજો! સરકાર માબાપને ખરચે જવાના હો તો નસીબદાર, પણ મારી જેમ ભૂખડી બારસ, એક મુફલિસ નૃત્ય-વિવેચકના નાતે જવાના હો તો તો ખસૂસ માંડી જ વાળજો. રશિયાવાળાને એવો કશો રસ નથી કે તમને કે મને એ માટે નોતરે. લંડનથી કે ક્યાંથી ય જવું હોય તો એકમાત્ર સંસ્થા 'ઈન્ટુરિસ્ટ' મારફત જ તમારાથી જવાય. એ ત્યાંની સરકારની એકમાત્ર ટ્રાવેલ એજન્સી. તે તમારો વીઝા મેળવી આપે, ત્યાંની હોટેલમાં તમારું બુકિંગ કરાવી આપે, ત્યાં જવાની અને ત્યાંથી પાછા ફરવાની ટિકિટ, વિમાનની કે રેલની મેળવી આપે. એવા બુકિંગ વિના તમારાથી જવાય જ નહિ. ને તમે ધારો એવા એ એફિશ્યન્ટ પણ ન મળે! ઊલટાના આપણા અણઆવડતવાળા, ઇનએફિશ્યન્ટને સારા કહેવડાવે તેટલા તેઓ હોશિયાર! મારો અનુભવ તો બહુ કડવો; અને અન્ય જે ત્યાં આવેલાં તેમના અનુભવો જોડે તાળો મેળવી આટલી પંચાત કરી છે. પહેલાં તો તમે 'ઇન્ટુરિસ્ટ'માં જાઓ એટલે ડિપૉઝિટ મુકાવે. પછી કહે કે પ્રમાણપત્રો લાવો કે શા માટે ત્યાં જવું છે. 'લો આ કાગળિયાં.' 'હવે ચાર દા'ડે આવજો.' તમે જો ચોપ ધરાવતા હો તો કહો કે બાઇ અમે જાતે જઈ વીઝા કઢાવી આવીશું, તો? તો ચોર્યાશીના ફેરા ચોંટે! ખેર, ફોડશે માથાં ને ફૂટશે લમણાં! પહેલાં તો મૉસ્કો ટેલેક્સ જશે. મોસ્કોવા, મેટ્રોપોલ રોસ્યા જેવી મસ્સ મોટી હોટેલોમાં તપાસ થશે. આગોતરાં બુકિંગ થાય. જવાબ આવે કે પાંચમી જૂન પછી જગ્યા છે. લ્યો કરો વાત! તમારી કૉન્ફરન્સ પૂરી થાય પહેલી જૂને! ટૂંકમાં, તમે જઇ ન શકો.

પણ બંદા માને? લંડનમાં અમારી સખી પૂર્ણિમા અગરવાલ ન્યૂયૉર્કથી આવેલી. આશા પુતલીના પતિદેવ પણ જમવામાં સાથે. શરૂણા હોટેલમાં જમવા બેઠેલાં. પેલાં બે કહે કે 'ના શું જવા દે? કંઇ રસ્તો કાઢીએ. તારે એમ હતાશ થયે નહિ ચાલે.' એટલે ઉશ્કેરાયો. લેનિનગ્રાડ જવાની યે ખૂબ હોંશ, એટલે મૉસ્કો તેમજ લેનિનગ્રાડ બન્નેના વીઝા માટે અરજી કરી. હા જી, સામ્યવાદી દેશમાં જે સ્થળોએ જવું હોય તે તે દરેક શહેરના વીઝા લેવા પડે. એટલે મુંબાઈથી અમદાવાદ જવું હોય તો ત્યાં નો ય વીઝા લેવાનો ને વચમાં વડોદરે 'જર્ની' 'બ્રેક' કરવી હોય તો વડોદરાનો ય!

સારા નસીબે નવાબ ઑવ પાલણપુરના મારા વિષેના ઑફિશ્યલ ડેલિગેટ તરીકેના પત્રને લીધે, ને ઈલસ્ટ્રેટેડ વીકલીના તંત્રી ખુશવંતસિંઘના પત્રમાં મને ડાન્સ ક્રિટિક તરીકે ઓળખાવેલો તેથી વીઝા સેક્શનની બાઈ કંઈક પીગળી. તેને ય બાલેમાં ભારે રસ. અને મને બોલ્શોય કંપની તેમજ કીરોવ કંપનીની બાલેરિનાનાં નામ કંઠસ્થ! માયા પ્લીસેત્સ્કાયા, ગાલીના ઊલાનોવા, એ બે નામોનો મંત્રોચ્ચાર કરતાં જ પેલીના ચહેરા પર ગાલમાં ખંજન! એક વડા અધિકારી પાસે લઈ જઈ રશિયન ભાષામાં ઉત્તેજનાપૂર્વક જે કંઈ બોલી તેનું મેં તો એટલું જ તારવ્યું કે આ ગાંડાને જવા દો! નિર્દોષ છે અને માયા પ્લીસેત્સ્કાયાનો ને ગાલીના ઊલાનોવાનો ભક્ત છે! શું સમજો છો સાહેબ? મૉસ્કો અને લેનિનગ્રાડ બન્નેના વીઝા મળ્યા! હું તો કેન્સિંગ્ટન પેલેસ ગાર્ડનની રશિયન એમ્બૅસીની કચેરી ઝપતાલમાં વટાવતોક ને ઑક્સફર્ડ સ્ટ્રીટમાં ઈન્ટુરિસ્ટની ઑફિસે હરખભેર પહોંચ્યો. પેલી ફટાકડી મોં સામું જોઈ કહે કે આટલો જલદી વીઝા મળે જ નહિ ને? ખેર, મળ્યો છે તો હવે ફરી ટેલેક્સ કરીશું. તમારી એરટિકિટ લાવો. મૅટ્રોપોલ હોટેલમાં જગ્યા હશે તો કાલે કે પરમે જણાવીશું. પણ ઊભા રહો; આ ટિકિટ નહિ ચાલે! તમારે એરોફ્લોટ સર્વિસમાં એર ઇન્ડિયામાં જઈ આ ટિકિટ ટ્રાન્સફર કરાવવી પડશે.

બૉન્ડ સ્ટ્રીટમાંની એર ઇન્ડિયાની ઑફિસમાં અમારી બીજી સાહેલી કિરણ કામ કરે. તેણે તો ભારે હતાશ કર્યો. કહે કે ૧લી એપ્રિલ પછી નવા કરાર થયા પ્રમાણે આ ટિકિટ ટ્રાન્સફર ન થાય. મારું મોં તો લાપસી ખાતું થઈ ગયું. બપોરે પૂર્ણિમા અને જ્યૉર્જને ફરી મળ્યો. ચહેરો રોવા જેવો! પેલાં બે કહે 'એમાં શું થઈ ગયું? ટ્રેઈનમાં જા!' 'પણ તો પહોંચું ક્યારે? બે રાત ને બે દહાડા, પૂરા ૪૮ કલાક અને આવવાજવાના પાઉંડ એંશીની ટિકિટ. હવે રીઝર્વેશન પણ કોણ આપે?' 'કોણ તે ઈન્ટુરિસ્ટવાળા સ્તો!' ગયો. એટલે મારાથી ત્રાસેલી પેલી ક્લાર્ક બાઈ કહે : 'મિસ્ટર કોઠારી! મૉસ્કોથી ટેલેક્સ છે કે કોઈ પણ હોટેલમાં પાંચમી જૂન પહેલાં જગ્યા નથી. ને હોટેલ બુકિંગ પહેલાં ન થાય તો તમારી રેલની ટિકિટ પણ અમે બુક ન કરી શકીએ.' 'But I must go! I will stay with my friends, I will share room with them.' મેં અકળાઇને કહ્યું, પણ પેલી નિર્વિકાર ચહેરે મારા સામું જોયા કરે! હું પગ પછાડતો બારણું અફાળતો ભારતીય નાટ્ય સંઘવાળા તમામને મણમણની જોખતો પાસેના રેસ્ટોરાંમાં જઇને બેઠો ને ચા મંગાવી.

એટલામાં અવાજ સાંભળ્યો : 'સર! સર!' જોઉં છું તો સામે મારો વિદ્યાર્થી વિજય ભાટિયા! સિડનહામ કૉલેજમાં મારી પાસે ઍકાઉન્ટન્સ શીખતો. લંડનમાં હાલ સી.એ.નું ભણતો હતો. મને ઉદાસ જોઈ કહે : 'આમ રોવા જેવા કાં દેખાઓ? થયું છે શું? વાત તો કરો!' મેં રામાયણ માંડી. પેલો કહે : 'લો! તેમાં આમ ઢીલા થઈ ગયા? અરે મૉસ્કોની ટિકિટ માત્ર ઈન્ટુરિસ્ટવાળા જ નહિ, ટૉમસ કૂકવાળા પણ બુક કરી આપી શકે છે.' 'હેં?'-હું બાઘો ચમક્યો ને અમે ઊપડ્યા ટૉમસ કૂકમાં. વિજયની વાત ખરી. ટૉમસ કૂકવાળા કહે : 'ટિકિટ તો આપીએ પણ મૉસ્કોથી પાછા કાઢે તો અહીં ફૂકવો મૂકવા આવતા નહિ.' અમે કહ્યું કે 'વારુ સાહેબ, હમણાં ટિકિટ તો આપો, આગે દેખા જાયગા.'

હવે વિજયે મારો ચાર્જ લઈ લીધો. કહે : 'ચલો! ઇન્ટરનૅશનલ હૉલ, બ્રન્સવિક સ્કવેર!' હમને પૂછા 'ક્યોં?' તો કહે : 'ઉધર હૈ વિનય ઝુનઝુનવાલા. આપકા પટ્ટ શિષ્ય. ઔર ઉસકા જિગરદોસ્ત રાહુલ નેવીલ. રાહુલ કે પિતાજી હૈ મૉસ્કો મેં એમ્બસી મેં. આપ ઉનકે ઘર ઠહરના. હમ પે છોડો. હિમ્મતે મર્દાં તો મદદે નેવીલ કા પિતા!' અને માનશો? મારા વા'લા એ બે જણે સ્ટેઈટ ટ્રેડિંગ કૉર્પોરેશનના (અનુ. પૃ. ૪૨)

અશ્વિન દેસાઈની વાર્તા વળાંક આગળ

બન્ને જણ ચૂપચાપ ચાલતા હતા. એક પછી એક ખેતરના શેઢા પસાર થતા હતા. રસ્તો કપાતો જતો હતો. બન્ને ખૂબ ઊંડા વિચારમાં હોય એમ લાગતું હતું.

'કેટલા મજૂર કીધા?' કિસને મૌન તોડયું.

'પાંચ.' માધવ ચાલતો જ રહ્યો. પછી કિસન પણ થોડી વાર કંઈ જ ન બોલ્યો. ગુનેગારની જેમ માધવની સાથેસાથે ચાલતો રહ્યો.

માધવના ચહેરા ઉપર ખુન્નસ દેખાતું હતું. હમણાં કંઈક ઊંચે સાદે બોલવા માંડશે એમ લાગ્યા કરતું હતું. પણ માધવ કંઈ જ ન બોલ્યો.

'ખુધાકાકાની જાજમ પહોંચાડી દીધી?' ફરીથી કિસને વાતચીત શરૂ કરવા પ્રયાસ કર્યો. 'હા!' માધવ ચાલતો જ રહ્યો. જાણે કે વાત લંબાવવાની એની ઇચ્છા જ નહોતી.

બે ચાર ખેતરો પસાર થયા પછી કંઈક કહેવા માટે માધવે કિસન તરફ જોયું. કિસન સાંભળવા માટે ઉત્સુક થઈ ગયો. 'પેલા પાંચ પછી ક્યારે પાછા આપે છે?'—માધવ વધુ ગંભીર થયો. 'આપી દઈશ. તારે જોઈએ ત્યારે આપી દઈશ. ઉતાવળ છે?' કિસને સહેજ બીતાંબીતાં કહ્યું.

'ડોસો બૂમ પાડે છે. અને આવતે વરસ આપણે મેળામાં નથી જવું.' માધવ ફરીથી સામે જોઈને ચાલવા માંડયો.

'કેમ? ડોસો ના પાડે છે?' કિસને પણ ચાલવા માંડયું.

'ના, પણ મેળામાં ખર્ચ વધી જાય છે ને આ વખતે સાલ કપાસ ફૂટયો નથી.'

'વરસમાં એક વાર પાંચ રૂપિયા ભારે પડે કંઈ?' કિસન હસ્યો.

'ના કહ્યું, પછી કેમ માનતો નથી?' માધવ ચિડાઈ ગયો.

'ભલે.' કિસન ગંભીર થઈ ગયો. ફરીથી બન્ને ચૂપચાપ ચાલવા લાગ્યા.

'આવતા વરસથી પોંકનું ય બંધ કરવું છે.' માધવ બોલ્યો.

'કેમ?' કિસનને નવાઈ લાગી. 'ડોસી ગાળ દે છે. કહે કે ખેતરે બૈરાં-મરદ ભેગાં થઈને ભવાઈ કરો તે સારાં નથી લાગતાં!'

કિસન હસી પડયો. માધવ ચૂપ થઇ ગયો. કિસન પણ ચૂપ થઈ ગયો.

'ડોસીને કોણે વાત કરી? રાધાએ?' કિસને પૂછયું.

'ના. બાજુવાળી ભાભીએ કહી દીધું.'

'ભાભીને તો રાધાએ જ વાત કરી હશે ને?'

'કોને ખબર...' ફરી બન્ને ચૂપ થઈ ગયા.

'તે દિવસે રાતના મેં રાધા પાસે શીંગ શેકાવેલી તે ડોસીને ખબર પડેલી?' કિસને પૂછયું. 'હા. ડોસીએ સવારે રાધાને ખૂબ ગાળ આપેલી. કહે કે 'કિસનો તો નવરો છે તે અહીં પડયોપાથર્યો રહે છે!' માધવે કહ્યું.

કિસન સહેજ હસ્યો: 'મને એમ કે ડોસી બાર વાગ્યે શું જાણશે?'

'ડોસીને તો બધી ખબર પડે છે!' માધવે કહ્યું. કિસન કંઈ ન બોલ્યો.

'મેળામાં તેં રાધાને કાંસકો લઈ આપેલો ને?' માધવે પૂછયું.

'હા. પણ તે તો હું, તું ને રાધા સિવાય કોઈ જાણતું નથી!'

'ડોસી જાણે છે! અને રાધાને બરાબરની સંભળાવે છે!' કિસન સહેજ ચિંતામાં પડયો. માધવ સહેજ હસ્યો.

'મેં રાધાને કહ્યું, ડોસીને વહેમ પડે એવાં નખરાં ન કરે તો ન ચાલે?' માધવે ગંભીરતાથી કહ્યું. કિસન કંઈ ન બોલ્યો. બન્ને ચાલતા રહ્યા.

મંદિરવાળા વડ આગળ માથે ભારો લઈને રાધા ઊભી હતી. બન્ને ચાલતા એની પાસે પહોંચ્યા. રાધા પણ એમની સાથે જોડાઈ ગઈ.

'કેમ કિસનલાલ? કંઈ બહુ વાર લગાડી ને? ક્યાં ટહેલતા હતા?'

'તને કોણે અહીં રાહ જોવાનું કહ્યું હતું?' માધવ ચિડાઈ ગયો.

'હું તમને નથી પૂછતી!' રાધાએ મક્કમ અવાજે કહ્યું.

'આજે તારા વરની તબિયત ઠીક નથી.' કિસને રાધાને કહ્યું. રાધા કંઈ ન બોલી. બધાં ચાલવા માંડયાં.

'લાલ જુવારની ભાળ કાઢી, કિસનભાઈ?' રાધાએ પૂછયું.

'હા, બેચાર દિવસમાં રમણો તને ઘરે આપી જશે.'

'ભાવ?' 'મને ખબર નથી. રમણો કહેશે.'

ફરી ત્રણે ચૂપચાપ ચાલવા લાગ્યાં.

'આ પૂનમે પોંક તૈયાર થઈ જવાનો, કિસનભાઈ!' રાધાએ એકદમ ઉત્સાહથી કિસનનો ખભો પકડયો. કિસને એક નજર રાધા સામે નાખી અને પછી માધવ તરફ જોયું.

'આ વખતે પોંક પાડવો નથી, રાધા.' કિસન ધીમેથી બોલ્યો.

'કેમ?' રાધાને ખૂબ નવાઈ લાગી. 'તારી સાસુ બૂમ પાડે છે!' કિસને માધવ તરફ જોયું. માધવ કંઈ ન બોલ્યો. રાધા પણ કંઈ ન બોલી.

થોડી વારે એકદમ ઉત્સાહથી રાધાએ કિસનનો ખભો હલાવ્યો: 'આ વખતે તમારે ખેતરે રાખીએ તો?' 'તારા વરને પૂછ!' કિસને માધવ તરફ જોયું. રાધાએ પણ ખુલાસા માટે માધવ તરફ જોયું.

'એક વરસ પોંક નહિ ખાય તો સુકાઈ જવાની છે?' માધવ સહેજ ગુસ્સાથી બોલ્યો. રાધા ચૂપ થઈ ગઈ. કિસન સહેજ હસ્યો. ત્રણે જણાં ફરીથી ચાલવા લાગ્યાં.—ચૂપચાપ.

'ભારો આવડો જ લાવી?' માધવે રાધાને માથેના ભારા તરફ જોયું.

'હા, કાબરી હમણાંની કંઈ ખાસ ખાતી નથી.'

'તે આવડા ભારામાં સાંજ પાડી?'

'મને એમ કે તમારા ભેગી જ જઈશ.'

'ઘરે ડોશી વાટ જુએ તેનું કંઈ નહિ? મારી પાસે કંઈ દાટયું છે? ઘરે કંઈ કામ નથી?' માધવ એકદમ આવેશમાં આવીને બોલ્યો.

રાધા ચૂપ થઈ ગઈ. કિસન પણ કંઈ ન બોલ્યો. થોડી વારે કિસને રાધાને કહ્યું; 'રાધા, ગયા મેળામાં મેં તને એક કાંસકો લઈ દીધેલો ને?'

'હા, તનું શું?' 'તે મને પાછો જોઈએ છે.'

'કેમ? એ તો તમે મને ભેટ આપ્યો છે?' 'ભેટ પાછી જોઇએ છે.'

'ભલે.' ફરીથી ત્રણે જણાં ચાલવા લાગ્યાં...

'માધુ, મારા કપાસનું જરા ધ્યાન રાખજે.' કિસને કહ્યું.

'કેમ?' માધવે સહેજ નવાઈ પામીને કિસન તરફ જોયું.

'કાલ મામાને ત્યાં જાઉં છું.'

'કેમ?' માધવને વધારે નવાઈ લાગી.

'મામાનો કાગળ છે: તબિયત ઠીક નથી રહેતી. લખે છે કે તું આવી જાય તો ઠીક.' 'પછી અહીં?'

'આવતી સાલ જમીન કાઢી નાખવા વિચાર છે.'

ત્રણે જણ ચાલતાં ચાલતાં વળાંક આગળ આવી લાગ્યાં. અહીંથી કિસન છૂટો પડવાનો હતો એટલે ત્રણે ઊભાં રહ્યાં. કિસને ગજવામાં હાથ નાખ્યો. બીડીનો ડબ્બો બહાર કાઢયો. ખોલ્યો. પાંચની એક નોટ કાઢીને માધવના હાથમાં મૂકી.

'હમણાં ઉતાવળ નથી. કપાસ નીકળે ત્યારે આપજે.' માધવે કહ્યું.

'લઈ લે ને, ભાઈ! કપાસ નીકળે ક્યારે ને વાત બને ક્યારે?' કિસન સહેજ હસ્યો: 'તો, કાલ જાઉં છું. એકાદ બે મહિને આંટો મારી જઈશ. દરમ્યાનમાં કોઈ ખેતરનો ઘરાક મળે તો ધ્યાન રાખજે, બીજું શું?'

માધવ કંઈ ન બોલ્યો. સહેજ વિચારમાં પડી ગયો.

'કાલ ક્યારે જાઓ છો?' રાધાએ ધીમેથી પૂછયું.

'સવારે નીકળી જઈશ.'

'તમારો કાંસકો?' રાધાએ ખૂબ ધીમેથી પૂછયું. (અનુ. પૃ. ૩૪)

ગંગનાથમાં અમે

'કુમાર'માં કાકાસાહેબ કાલેલકરની લેખમાળા જેને વિષે આવી ગઈ તે વડોદરાના ગંગનાથ વિદ્યાલયમાં સૂરતનાં જાણીતાં કાર્યકર શ્રી જ્યોત્સ્નાબહેન શુક્લ પણ પોતાના પતિ સાથે રહેલાં. આ વિષે સ્ત્રીજીવનના તંત્રી શ્રી મનુભાઈ જોધાણીએ ધ્યાન ખેંચતાં કાકાસાહેબે લખેલું: 'ગંગનાથ વિદ્યાલયમાં હું આચાર્ય તરીકે દાખલ થયો (૧૯૦૯-૧૦ આસપાસ હશે) ત્યારે શ્રી તુળજાશંકર યાજ્ઞિક અને શ્રી બહુમુખરામભાઈ શુક્લ અમારી સાથે જોડાયા. બહુમુખરામભાઈ આવ્યા એટલે જ્યોત્સ્નાબહેન સાથે પણ ઓળખાણ થઈ. તે વખતે મારાં પત્ની લક્ષ્મી (જેને બધા કાકી કહેતા) માંદી પડી ત્યારે જ્યોત્સ્નાબહેને અમારે ત્યાં આવી કાકીની સરસ સેવા કરી હતી. જ્યોત્સ્નાબહેનને ત્યારે અમે (એમના મૂળ) પ્રિયમતીબહેનને નામે ઓળખતાં હઈશું...જ્યોત્સ્નાબહેન તથા શુક્લ ગંગનાથ વિદ્યાલય દ્વારા અમારા ક્રાન્તિકારી મંડળના પરિચયમાં આવ્યાં. ગંગનાથ બંધ થયા પછી હું હિમાલય ગયો. ટાગોરના પ્રસંગમાં આવવા શાન્તિનિકેતન પહોંચ્યો. ત્યાં બાપુજી મળ્યા. બાપુજીની અહિંસક પ્રવૃત્તિમાં ને આશ્રમમાં જોડાયો. જ્યોત્સ્નાબહેન પણ બાપુજીના સંસર્ગમાં આવી ગુજરાતના જાહેરજીવનમાં ઉત્તમ કામ કરી શક્યાં. હવે મારે એમની પાસેથી ગંગનાથનાં તે દિવસનાં સંસ્મરણો જોઈએ છે. તમે એ મેળવી શકો તો મારે માટે કિંમતી થશે.'

તદનુસાર તંત્રીની વિનતિથી 'સ્ત્રીજીવન'માં શ્રી જ્યોત્સ્નાબહેને પોતાના ગંગનાથ-નિવાસનાં સ્મરણો લખેલાં. કાકાસાહેબની લેખમાળાના અનુસંધાનમાં 'કુમાર'ના વાચકોને તે રસદાયી થઈ પડશે. —સં.

મુ. કાકાસાહેબ ગંગનાથ વિદ્યાલયમાં આચાર્ય તરીકે આવ્યા એ પછી શુક્લ એમાં જોડાયા કે એ પહેલાં, એ વિષે મારું મન દ્વિધામાં છે. મને એવું યાદ છે કે શુક્લ એ પહેલાં જોડાયા હતા, અને કાકાસાહેબ આવ્યા ત્યારે એમણે (શુક્લએ) મને કહેલું કે 'એક નવા યુવાન ક્રાંતિકારી શ્રી કાલેલકર આચાર્ય તરીકે આવ્યા છે.' શુક્લને બીજે ક્યાંય નોકરી કરવાનું ગમતું ન હતું. રોટલો ને મીઠું ખાઈને રહીશું પણ કૈંક અગત્યનું અને મનગમતું કામ મળે તો સારું એવી એમની મહત્ત્વાકાંક્ષા હતી. એ દરમ્યાન અમે બંને 'સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી'માં જોડાઈ ગયાં હતાં અને જ્ઞાતિભોજનો વગેરે તમામનો ત્યાગ કર્યો હતો. મારી ઉમર ત્યારે ૧૭ વર્ષની હતી. મને બાળપણથી જ સ્વદેશી અને અસ્પૃશ્યતા-નિવારણ તથા કોમી એકતાની ભાવના મારા પિતાજી તરફથી મળી હતી. મારા પિતા તિલક મહારાજના ભક્ત હતા. તિલક મહારાજને છ વર્ષની સજા થઈ ત્યારે એમણે 'આ રાજ્યમાં વકીલાત કરવી એ દેશનો દ્રોહ કરવા જેવું છે' એમ કહીને ધીકતી વકીલાત છોડી દીધી હતી. બંગભંગના વખતથી પિતાના ઘરમાં આખા કુટુંબે સ્વદેશી કાપડની પ્રતિજ્ઞા લીધી હતી. આ કારણે હું ગમે તે સ્થિતિમાં રહેવાને તૈયાર જ હતી. મને યાદ છે કે વડોદરા રાજ્યના ત્યારના વિદ્યાધિકારી શ્રી નંદનાથ કેદારનાથ દીક્ષિતે દેશપાંડે સાહેબને શુક્લની ભલામણ કરેલી, અને તેમણે ગંગનાથમાં શુક્લની નિમણૂક કરેલી. શુક્લને માસિક રૂ. પચીસ આપવાનું કહેલું અને એ તો અમારે માટે પૂરતું હતું. પિતાના ઘરમાં એવું વાતાવરણ હતું કે મારા બે નાના ભાઈઓ ખુદીરામ બોઝની છબિની રોજ પૂજા કરતા. એટલે ૧૭ વર્ષની ઉમરે પણ મને સાંસારિક સુખ કે મોજશોખ સ્પર્શી શકેલાં નહિ.

ગંગનાથ વિદ્યાલયમાં ત્યારે, મને યાદ છે તે પ્રમાણે, જુદા જુદા પ્રાંતના ઘણા ક્રાન્તિકારી યુવાનો ભેગા થએલા હતા. દેશપાંડે સાહેબ ત્યારે વડોદરા રાજ્યમાં સૂબા હતા, પણ છૂપી રીતે એઓ આવા બધાને મદદ કરતા. ત્યાં ભેગા થએલા મોટે ભાગે બધા જ પોતપોતાના પ્રદેશમાંથી સરકારી ખફગીને કારણે આવ્યા હતા.

એક બુઝર્ગ સ્વામી હતા. એ લાંબો ઝભ્ભો પહેરતા અને બુઝર્ગ છતાં ખૂબ હસમુખા અને નિખાલસ. મારે ત્યાં ઘણી વાર એકલા પણ આવી પહોંચતા અને બંગાળની વાતો કરતા. તેઓ ઘણું કરીને પંજાબી હતા. મામાસાહેબ ફડકે તો અમે વિદ્યાલયમાં જોડાયાં એ પહેલાંથી અમારા પરિચયમાં આવેલા. એ અંત્યજ શાળામાં કામ કરતા અને અમારે ત્યાં રહેતા. એમણે મને શિવાજીનું હાલરડું 'બા નિજ ગંગે નિજ નિજ લડીવાળાં' શીખવેલું તે હજી મને યાદ છે. તુળજાશંકર યાજ્ઞિક મૂળ વઢવાણના. સૌ એમને 'નાનાભાઈ' કહેતા, ને શુક્લને 'મોટાભાઈ' કહેતા.

કર્ણાટકના એક યુવાન ભાઈ હતા, તેમને 'તાતિયાશાસ્ત્રી' કહેતા. બીજા એક વિદ્યાર્થી યુવાન ચિંતામણિ શાસ્ત્રી હતા. અને એક 'બુવા' હતા અને એક 'અણ્ણા'. એ તો હમણાં પંદરેક વર્ષ પર સૂરત આવેલા ત્યારે સાર્વજનિક હાઈસ્કૂલના હેડમાસ્તર જોગળેકરને ત્યાં ઊતરેલા. ત્યાં એમણે પૂછ્યું કે વડોદરામાં એક શુક્લ દંપતી હતું. એ નાનકડી છોકરી સૂરતની હતી. મારે એમને મળવું છે. એમણે પ્રિયમતી નામ પણ કહ્યું પણ આ લોકો મને જ્યોત્સ્ના શુક્લ તરીકે ઓળખે. એ બધું કહ્યું ત્યારે કહે કે એમની સાથે મને મેળવો તો ખરા! જોગળેકર કહે, 'એ તો હવે બહુ મોટાં માણસ થઈ ગયાં છે. આટલે વર્ષે તમને નહિ ઓળખે.' તો ય અણ્ણાએ 'મળવું જ છે' એમ કહ્યું ત્યારે એક ભાઈ એમને લઈને મારે ઘેર આવ્યા. બારણા આગળ ઊભા રહીને 'તાઇ' કહીને હાક મારી. હું તો વિચારમાં પડી ગઈ. બારણા પાસે ગઈ એટલે કહે: 'ઓળખ પટતે કીં નાહીં?' જરા વાર મેં જોયા કર્યું. પછી એકદમ પ્રકાશ પડ્યો ને હું ખૂબ આનંદમાં આવી ગઈ. 'અણ્ણા!' એમ બોલીને બારણું ખોલ્યું, ને એ તો મને ભેટી જ પડ્યા! સાથેના માણસને કહે: 'કેમ, મારી તાઇએ મને ઓળખ્યો કે નહિ?' એ પછી કલાકેક બેઠા ને દૂધ પીને ગયા. એમની એ છેલ્લી મુલાકાતની યાદથી હજી યે મારું મન દ્રવી ઊઠે છે.

બીજા એક મહાન ક્રાન્તિકારી સાવરકરની ટોળીના વામનશાસ્ત્રી દાતાર હતા. એ પણ લગભગ રોજ અમારે ત્યાં આવતા. ત્યારે મારું મન ખૂબ અસ્વસ્થ રહેતું. બંગાળ જેવું ગુજરાતમાં કરવાની ઘેલછા મને જાગેલી, અને રાતે સ્વપ્નાં પણ એનાં જ આવે! આ બધા ભેગા થાય અને આવી વાતો ચાલે તેટલો વખત જ મને સ્વસ્થતા રહે. યાજ્ઞિક, મામાસાહેબ, દાતાર અને ઘણી વાર સ્વામી આનંદ બધા મારે ઘેર ભેગા મળતા. સ્વામી આનંદ, પાસે હું ઘણી વાર એક ગીત ગવડાવતી:

અમો રાંકડાનું ધન, માડી તારી ઝૂપડી;
શું કરીએ પારકાં મેડી મહોલાત...

હું શિવાજીનું હાલરડું ગાઈ સંભળાવતી. એ દિવસો ભુલાય એવા નથી.

કાકાસાહેબ શ્રી લક્ષ્મીબહેન(કાકી)ની માંદગીની વાત કરે છે. હા, એ માંદા હતાં ત્યારે એમને ત્યાં થોડા દિવસ હું રહેલી. સારવાર તો શું? મને એટલું બધું બહુ જ્ઞાન નહોતું. ખરું કહું તો, હું પિતાને ત્યાં ખૂબ જ લાડકોડમાં ઊછરેલી. મને કશું જ આવડે નહિ; પણ બધાં પ્રત્યે સ્નેહ ને મમતા થાય. કાકી-લક્ષ્મીબહેન એમના નિવાસમાં એકલાં અને માંદગી ખૂબ ગંભીર—લગભગ બેહોશ જેવાં રહેતાં; એટલે મને ખૂબ જ દુઃખ અને ચિંતા થાય. કાકાસાહેબ સાથે પણ ઝાઝો પરિચય નહિ. યાજ્ઞિક ત્યાં બાજુમાં જ રહેતા. એમનાં પત્ની પણ મારી સાથે સારવારમાં હતાં. પણ ખૂબ જ જૂના વિચારનાં. બધો વખત ધૂમટો કાઢીને બેસી રહે, એટલે મુશ્કેલી પડે. હું ત્યાં આઠેક દિવસ રહેલી પછી મારાં ભાભીના અવસાનનો તાર આવ્યો એટલે મારે ત્યાંથી ચાલ્યા જવું પડ્યું. ત્યારે કાકાસાહેબનો મોટો દીકરો શંકર

(આજના સતીશ કાલેલકર) બે અઢી વર્ષનો હતો. એને માની માંદગીને લીધે થતી મૂંઝવણમાં છાનો રાખવાનું ને દૂધ વગેરે પાવાનું કામ પણ ખૂબ મુશ્કેલ બનતું. મને યાદ છે કે કાકીની ખરાબ થએલી સાડીઓ ખૂબ પ્રયત્ન છતાં હું ધોઈ શકેલી નહિ, (લાંબી દક્ષિણી સાડી મારા હાથમાં સમાય નહિ) તે કાકાસાહેબે ધોએલી, ને મને એનું ખૂબ દુઃખ થએલું.

બીજાં તો શું સ્મરણો લખું? ત્યાં વિદ્યાર્થીઓ માંદા થાય ને ઘરની સારવારની જરૂર હોય ત્યારે શુક્લ અમારે ત્યાં લાવતા. એમાં એક ટાઈફૉઈડનો દર્દી હતો, તેને સંભાળવાનું ખૂબ અઘરું પડેલું. તાતિયા શાસ્ત્રીનો એક ભત્રીજો નારાયણ કરીને હતો. એને તો મારે ત્યાં એવું ગમી ગએલું કે સારો થયા પછી વિદ્યાલયમાં જવાની જ ના પાડે! 'અહીંથી ભણવા જઈશ, ને પાછો આવીને અહીં રહીશ. તમારું બધું કામ કરીશ. તમે માત્ર રસોઇ કરજો: વાસણ, કપડાં, પાણી બધું જ કામ હું કરીશ.' એમ કહે. જેમતેમ સમજાવી-પટાવીને એને વિદ્યાલયમાં મોકલ્યો ત્યારે રડતો રડતો ગયો. પણ એ ગયો તે ગયો જ. ફરી મળ્યો નહિ. આજે હશે કે નહિ હોય. કદાચ ક્યાંક બહુ મોટો માણસ થઈ ગયો હશે; અથવા ક્યાં ય રખડતો હશે. જીવન આવું છે!

બે રમૂજી પ્રસંગો લખું: વિદ્યાલય તરફથી દર અઠવાડિયે મુષ્ટિ ફંડ માટે વિદ્યાર્થીઓ નીકળતા ને તેમાં કેટલાક શિક્ષકો પણ જોડાતા. એક વેળા 'મના ચે શ્લોક' ગાતા ગાતા વિદ્યાર્થીઓ અમારે ઘેર આવ્યા. મેં થોડા ચોખા આપ્યા; એટલે શુક્લ અંદર આવ્યા. ઘરમાં થોડો લોટ ને થોડાક જ બીજા ચોખા હતા. એમણે એ બધું આપી દેવાનું કહ્યું. મેં કહ્યું: 'હજી રસોઈ તો કરવાની છે.' એટલે કહે સાંજે તો આપણે સૂરત જવાનાં છીએ. અત્યારે દૂધ પી લઈશું તો ચાલશે. આવ્યા પછી બધું થઈ રહેશે.' મેં લોટ ને ચોખા બધું જ આપી દીધું. શુક્લ ને વિદ્યાર્થીઓ ગયા ને જરા વારે બુઝર્ગ 'સ્વામી' આવી પહોંચ્યા. આવીને કહે. 'રસોઈ થઈ કે વાર છે? આજે તો હું અહીં જ જમવાનો છું.' કે ઇકોઈવાર તેઓ આમ અજાણતાં આવતા. મારી મૂંઝવણનો પાર ન રહ્યો. ઘરમાં ન મળે લોટ કે ન મળે ચોખા. એટલામાં શુક્લ આવ્યા. મેં એમને કહ્યું: 'સ્વામી-ને શું ખવડાવીશું?' તો કહે: 'કંઈ નહિ; દૂધ પીશે.' એ તરત બજારમાં ગયા ને ત્રણ શેર દૂધ લઈ આવીને લોટો ને પ્યાલો સ્વામી પાસે મૂક્યાં. સ્વામી કહે 'આવું કાંઈ ચાલે નહિ.' મને કહે 'એ તો બધું આપી દેવાનું કહે, પણ તારે સમજવું જોઈએ. ગૃહસ્થાશ્રમ ધર્મ પણ પાળવો પડે, અતિથિ આવે તો શું થાય? તમારે પણ ખાવાનું છે, મને પણ ખવડાવવાનું છે.' એમ કહી ને દૂધનો લોટો અંદર મૂકી આવીને એ તો હસતા હસતા બેઠા. મને કહે, 'આજે તારી કસોટી છે.'

ઘરમાં બશેરેક ઘઉં હતા. એ લઇને હું નીચે ઊતરી. નીચે મકાન-માલિકને ત્યાં દળવાની મોટી ઘંટી હતી. એના પર જેમ તેમ કરીને મેં ઘઉં દળ્યા. એની ભાખરી બનાવી. એ ભાખરી ને દૂધ બધાંએ સાથે બેસીને ખાધાં; ને પછી મારો વાંસો થાબડીને 'સ્વામી' ગયા.

બીજો એક પ્રસંગ ટાઇફૉઇડવાળો વિદ્યાર્થી મારે ઘેર હતો ત્યારે બન્યો હતો. એની તબિયત ગંભીર હતી ને વિદ્યાલયના ઘણા શિક્ષકો મારે ત્યાં બેઠેલા હતા. એવામાં નીચેથી બૂમ પડી કે કોઈ આવ્યું છે! વામન દાતાર સામે વૉરંટ હતું, એટલે એ ઘરમાં હોય ત્યારે કોઈ પણ આવે કે મને ફાળ પડતી. હું દોડતી નીચે ઊતરી. એટલા પર લશ્કરી યુનિફૉર્મમાં સજ્જ એક ગૃહસ્થ ઊભા હતા. મને પૂછ્યું: 'શુક્લ અહીં રહે છે?' મેં પૂછ્યુ: 'શું કામ છે?' હું સમજી કે નક્કી દાતારને પકડવા આવ્યા છે. મેં એમને કહ્યું: 'અહીં ઊભા રહો.' હું દોડતી ઉપર ગઈ ને કહ્યું: 'કોઈ પોલીસ અમલદાર આવ્યા છે. ખાસેરાવ જાધવ નામ કહે છે. મેં એટલે ઊભા રાખ્યા છે.' બધા ઊભા થઇ ગયા. મામાસાહેબ કહે: 'ગાંડી જ છે ને? એમને એટલે ઊભા રખાય?' એ નીચે ગયા, ને પેલા ભાઈને ઉપર તેડી લાવ્યા. હું શરમની મારી અંદર ભરાઇ ગઈ. શ્રી જાધવે તો ઉપર આવીને તરત જ પૂછ્યું: 'પેલી છોકરી ક્યાં ગઈ! એ કોણ છે?' મામાસાહેબે કહ્યું: 'એ મિસિસ શુક્લ છે.' શ્રી જાધવ કહે: 'જબરી છોકરી છે. મને એટલે ઊભા રહેવાનું કહ્યું. વડોદરામાં આજ સુધી મને કોઇએ આમ રોક્યો નથી.' એમ કહીને હસી પડ્યા. પછી મને બોલાવી શ્રી જાધવ કહે: 'બીજા કોઈ ને તો પકડું કે નહિ પણ ખાસેરાવ જાધવને આમ એટલે ઊભા રાખનાર આ છોકરીને તો મારે પકડવી પડશે.' એમ કહીને પાછા હસ્યા અને કહે: 'બહુ સરસ, બહાદુર છોકરી છે!' ખાસેરાવ અને માધવરાવ જાધવ ગાયકવાડની નોકરીમાં હતા, પણ અંદરથી આવા કામમાં એમની સહાનુભૂતિ હતી. તે પેલા માંદા વિદ્યાર્થીની ખબર કાઢવા આવ્યા હતા.

પછી તો બિલિમોરાવાળા 'મહારાજ' નામે ઓળખાતા આનંદરાવ સૂપેકર સાથે પણ અમારો પરિચય થયો. એ વડોદરે આવે ત્યારે દેશ-પાંડે સાહેબને ઘેર જતા. દેશપાંડે સાહેબે એમને કહેલું: 'અમારા વિદ્યાલયમાં એક શુક્લ છે; એની પત્નીને તમે મળજો!' ત્યાર પછી તો મહારાજ વડોદરે આવે ત્યારે અમારે ઘેર જ ઊતરે અને ૧૮૫૭ જેવી ક્રાન્તિ કરવાની વાતો કરે: ઘોડેસવારી, રાઈફલ ટ્રેનિંગ વગેરે. મારે એ બધું શીખવું હતું. ત્રણેક મહિનામાં તો હું વડોદરા છોડીને બળવાની તાલીમ લેવા 'મહારાજ'ની ટોળીમાં જોડાવા માટે તલપાપડ થઈ ગઈ અને આખરે નિર્ણય લઈને વડોદરા છોડ્યું. મને બરાબર યાદ છે કે કાકાસાહેબે અને મામાસાહેબે વડોદરા છોડવાની મને ખૂબ ખૂબ ના પાડેલી, પણ મેં માનેલું નહિ. શુક્લની પણ બહુ ઇચ્છા નહિ, પણ મારે તો તાલીમ લઈને અંગ્રેજોનાં ખૂન કરવાં હતાં! અને અમે વડોદરા છોડ્યું ને બધાનો સાથ પણ છોડ્યો.

જ્યોત્સના શુક્લ

લઘુકથા

કવરનાં આંસુ

હસમુખ કે. રાવલ

તાળું ઉઘાડી લતાએ રૂમનું બારણું ખોલ્યું. ઢળેલી નજર કવર પર બેસી પડી. નામ લખેલું હતું: લતા વ્યાસ. હરેશભાઇનો જ પત્ર! વાંચ્યો. એક વખત, બે વખત, ત્રણ વખત... અનાયાસે એની નજર સામે પડી. શૂન્ય આંખો જેવી બે ખુલ્લી બારીઓ વરસાદમાં ભીંજાતી હતી.

પાર્ટનર શીલા સંઘવીના આગ્રહ છતાં લતા મેસમાં જમવા જઈ શકી નહિ. પુસ્તકના રણમાં નજરનાં હરણાં દોડતાં રહ્યાં, છાપ વગરનાં પગલાં પડતાં રહ્યાં...પછી બગાસાં એક, બે, ત્રણ, ચાર...ને સ્વિચ ઑફ.

હવે રૂમના અંધારામાં, બંધ આંખે પણ લતા હરેશભાઈનો પત્ર સ્પષ્ટ રીતે વાંચી શકતી હતી: 'લતા, હૉસ્ટેલથી શરૂ થતી એકલતાની યાતના ઘણુંખરું જીવનભર લબાય છે. હૉસ્ટેલ એટલે ટાપુ. ઘરનો એક છોડ ઉખેડી ત્યાં વાવવાનો, અને ત્યાંથી સીધો સંસારની આગમાં. મારા જેવાએ રોપાવાનું કોઈ કારખાનાના ભઠિયારામાં, તો તારા જેવી-એ ઊછરવાનું કોઈ લજ્જામઢ્યા ધૂમટામાં કે ટાઈપરાઇટરના ટપ...ટપ ...અવાજમાં. હવે આપણા માટે ભાઈ, બહેન, માતા, પિતા, ઘર, ગામ, વતન સૌ ખંડેર જેવાં. યાદની એક એક ઈંટ ખરતી જવાની. લતા, હવે આપણે કદાચ એક એવા આકાશ નીચે આવી ઊભાં છીએ, જ્યાં સૂરજ ઊગતો નથી ને ધુમ્મસ વિખરાતું નથી. લતા...'

લતા ઘેરથી નીકળી ત્યારે ક્યાંય શરણાઈ વાગી ન હતી, કોઈની આંખમાં આંસુ ડોકાયાં ન હતાં કે કોઇએ વિદાયનાં ગીત ગાયાં ન હતાં; છતાં લતાને લાગતું હતું કે તે ઘરમાંથી સદાયને માટે નીકળી ચૂકી હતી...મોટી બેનની જેમ, મોટા ભાઈની જેમ. —ત્યાં રૂમ રડી ઊઠી.

'કોણ?...કોણ?...શીલા?'—સ્વિચ ઑન. 'શીલુ, શું થયું તને? પાણી આપું?' મૌનના બ્લૉટિંગ પેપર ઉપર શીલાનાં આંસુ શોષાતાં રહ્યાં. સવારે લતાની નજર શીલાના ઓશીકાની કોર પર પડી. એક તૂટેલા કવરનાં આંસુ મૌનના ભમ્મરિયા કૂવામાં ચકરાતાં હતાં. □

અંગ્રેજી સાહિત્યનું આચમન

કરાવતી ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

વિભાગ ત્રીજો: ૬ નવજાગ્રતિની વસંત

સર ફિલિપ સિડની

સ્પેન્સરે પોતાની કૃતિ ‘ધ શેફર્ડ્ઝ કૅલેન્ડર’નું અર્પણ પોતાના સ્વજન સમા મિત્ર ફિલિપ સિડની (૧૫૫૪-૮૬)ને આ શબ્દોમાં કર્યું હતું: ‘The noble and virtuous gentleman, most worthy of all titles both of learning and chivalry.’ અને ખરેખર, સિડની આ પ્રશંસાત્મક ઉદ્‌ગારને પાત્ર પણ હતો. કુલીન, સમર્થ સરદાર, સર્જક વિદ્વાન અને રાજપુરુષના ગુણોનો તેનામાં સમન્વય હતો. પ્રશિષ્ટ સાહિત્યનો તે અભ્યાસી હોવા ઉપરાંત ફ્રાન્સ, ઈટાલી અને સ્પેઈનનાં ભાષા-સાહિત્યથી પણ તે સુપરિચિત હતો. એક નાની સરખી લડાઈમાં તે ઘવાયો અને મૃત્યુ પામ્યો, પરંતુ બત્રીસ વર્ષની ટૂંકીશી જિંદગીમાં પણ તેણે નોંધપાત્ર સર્જન-વિવેચન કર્યું છે.

આર્કેડિયા

સિડનીની એક નોંધપાત્ર કૃતિ ‘આર્કેડિયા’ (Arcadia) લખાએલી ૧૫૮૦માં, તેની બહેનના મનોરંજનાર્થે; પરંતુ તે પ્રકાશિત થઈ ૧૫૯૦માં. આ કૃતિનો પ્રકાર રોમાન્સ છે. ગ્રામજીવનની પશ્ચાદ્‌ભૂ ઉપર તેણે પ્રેમકથાની ઈમારત રચી છે. આર્કેડિયા એક રમણીય ગામડું છે. રાજા બેસીલિયસ તેની રાણી તેમજ પામેલા અને ફિલોક્લિયા નામની બે કુંવરી સાથે ત્યાં નિવૃત્ત જીવન વિતાવે છે. કવિએ આ ગ્રામપ્રદેશને જગતના સુંદરતમ પ્રદેશ તરીકે વર્ણવ્યો છે. ત્યાંના લોકો અત્યંત સુખી છે. ગોવાળ એની યુવામસ્તીમાં નિરાંતે—કદી વૃદ્ધાવસ્થા આવવાની જ નથી તેમ—પાવો વગાડયા જ કરે છે. ગોપીઓ ગીત ગાતી ભરત-ગૂંથણ કર્યા જ કરે છે. ગોપની વાંસળીનો સૂરીલો અવાજ એની કળાને પ્રેરણારૂપ બને છે.

આર્કેડિયાના આવા મધુર ગામમાં એક વાર બે રાજકુમાર વેશપલટો કરીને આવી ચડે છે. એકનું નામ મ્યુસીડરસ અને બીજાનું, પાયરોફ્લસ. પહેલા રાજકુમારે ગોવાળનો વેશ ધાર્યો છે, બીજાએ રૂપવતી યુવતીનો સ્વાંગ સજ્યો છે. રાજાની બે કુંવરીઓનાં હૃદય સુધી પહોંચવાની તેમની અભિલાષા છે. પાયરોફ્લસ રાજકુમારી ફિલોક્લિયા સાથે સંપર્કનો પ્રયાસ કરે છે, પરંતુ અચાનક રાજા બેસીલિયસની તેની પર નજર ઠરે છે અને એ ‘સુંદર યુવતી’ના પ્રેમમાં પડે છે. એની રાણી ચકોર નજરે એ રાજકુમારનો બનાવટી સ્વાંગ પામી જાય છે અને એ કોઈ મનોહર રાજકુમાર છે એમ તેને પ્રતીતિ થાય છે અને તે, એ રાજકુમારના પ્રેમમાં પડે છે! આમ બધી ઘટનાઓ ગૂંચવાતી જાય છે. એક તરફ બેસીલિયસની રાણી કારણવશાત્ પાયરોફ્લસ માટે પ્રેમનું માદક પીણું તૈયાર કરે છે તે રાજા પોતે અકસ્માત પીને ઢળી પડે છે. બીજી તરફ એમ્ફીએલસ નામનો કોઈક શઠ ફિલોક્લિયા પર મોહિત થઈ તેને અને તેની બહેનને પોતાની જાળમાં સપડાવે છે. બંને બહેનો કેદમાં પુરાય છે. એમ્ફીએલસની દુષ્ટ મા ફિલોક્લિયાને લાલચ-ધમકી દ્વારા પોતાના પુત્ર સાથે લગ્ન કરવા દબાણ કરે છે. પરંતુ એ યુવતી પોતાના શીલ-સદ્‌ગુણથી ટક્કર ઝીલતી મક્કમ રહે છે. એવામાં રાજકુમાર પાયરોફ્લીસના પિતા ત્યાં આવીને સમગ્ર ધુરા પોતે ધારણ કરે છે. આ ન્યાયી રાજા, બેસીલિયસના ખૂન માટે પોતાના પુત્રને જવાબદાર ઠેરવી તેને મોતની સજા ફરમાવે છે. પરંતુ બેસીલિયસ કેફમુક્ત થતાં પુનર્જીવન પામે છે અને પ્રેમીઓનાં લગ્નથી રોમાન્સનો સુખદ અંત આવે છે.

‘આર્કેડિયા’નો આ મુખ્ય પ્રવાહ છે. તેમાં સિડનીએ બીજી અનેક નાનીમોટી ઘટનાઓ ભેળવી છે અને આધુનિક વાચકને વિચિત્ર લાગે તેવી આકૃતિ નિર્માણ કરી છે. આ રોમાન્સમાં તેણે ઘટનાઓનાં ચિત્રણમાં કલ્પના-તરંગને છૂટો દોર આપ્યો છે, તેમ છતાં તેની કથનશૈલી રસપ્રદ



સર ફિલિપ સિડની, સ્પેન્સર અને સર વૉલ્ટર રૅલે

છે. દૈહિક તેમજ આત્મિક બંને પ્રકારના પ્રેમ માટેનો તેનો તીવ્ર આવેગ પણ આ નિરૂપણોમાં દેખાય છે. નીતિ, ધર્મ, સમાજ, રાજકારણ આદિ વિષે ઉપદેશાત્મક સૂત્રો પ્રગટ કરવા તેમજ પોતાની જીવન વિષયક વિચારણા રજૂ કરવા માટે આ પ્રકારનો રોમાન્સ તેને અનુકૂળ વાહન બની રહ્યો લાગે છે. પાત્રોની સંવેદના પ્રગટ કરવામાં, તેમનું ત્રીજું પરિમાણ ઉપસાવવામાં તેનો પ્રયત્ન દાદ માગી લે તેવો છે. એના છટાદાર ગદ્યનો પણ આ કૃતિમાં આહ્‌લાદક પરિચય થાય છે. આ ગદ્ય રોમાન્સમાં કવિતાની પંક્તિઓ ઠેરઠેર વેરાએલી છે. કવિ મિલ્ટનને તેમાંથી સારી એવી પ્રેરણા-સામગ્રી મળેલી. તેણે જોકે આવેગની ક્ષણોમાં એ કૃતિને માટે ‘Vain amatorious poem’ તરીકે ગણાવી હતી, પણ સાથે સાથે ‘a book in that kind full of worth and wit’ એમ કહીને બિરદાવેલી પણ ખરી.

એસ્ટ્રોફેલ અને સ્ટેલા

સિડનીની કોઈ કૃતિ તેના જીવન દરમ્યાન પ્રગટ થએલી નહિ; હસ્તપ્રતો રૂપે જ તે મિત્રોમાં વહેંચાતી-વંચાતી. તેણે સૉનેટના પણ અનેક પ્રયોગ કરેલા. એક સૉનેટમાળા પણ રચેલી, જે ઈ. ૧૫૯૧માં ‘એસ્ટ્રોફેલ અને સ્ટેલા’ (Astrophel and Stella) નામથી પ્રસિદ્ધ થએલી. ટૉમસ વૉટસને આ પ્રકારની ‘માળા’ રચવાનો અગાઉ પ્રયત્ન કરેલો—ને પેટ્રાર્કનાં સૉનેટો તરફ નવેસરથી ધ્યાન દોરેલું; પરંતુ સાચા અર્થમાં સૉનેટશ્રેણિ રચવાનો પ્રથમ યશ તો સિડનીને જ મળે છે. એનાં સૉનેટોમાં ઊંચો કાવ્યગુણ વિવેચકોએ જોયો છે અને તેની સૉનેટમાળાનો તેની પછીના સર્જકો પર વ્યાપક પ્રભાવ પણ પડયો છે.

પેટ્રાર્કે પ્રેયસી લૉરા (Laura)ને સંબોધીને પ્રેમ-સૉનેટોની જે માળા રચેલી તે ત્યાર પછી ઇંગ્લૅન્ડના અનેક કવિઓ માટે નમૂનારૂપ બની રહી. તદનુસાર સિડનીએ પ્રેયસી સ્ટેલાને સંબોધીને સૉનેટમાળા રચી. સ્ટેલા એ સિડનીની એક વારની વાગ્દત્તા પેનીલોપ (Penelope). કારણવશાત્ એ સંબંધ તૂટયો અને યુવતીનાં બીજે લગ્ન થયાં. સિડની પણ અન્યત્ર પરણી ગયો. પરંતુ સિડનીએ એ યુવતી માટેના પોતાના પ્રેમનો તલસાટ પ્રગટ કરતા અને પ્રેમમાં નિરાશા મળતાં થએલી વેદના-વ્યથાના તેમજ પ્રેમ અને કર્તવ્ય વચ્ચેના સંઘર્ષના ઉદ્‌ગારો ૧૦૮ સૉનેટ અને અગિયાર ગીતોની માળા દ્વારા વ્યક્ત કર્યા છે. એમાં પેટ્રાર્કરીતિના પડઘા તો છે જ, ઉપરાંત તેની અંગત ઊર્મિ-વ્યથાને પણ સુભગ વાચા સાંપડી છે. એમાંનાં ઘણાં બધાં સૉનેટો મનોયત્નરૂપ હોવા છતાં અવારનવાર એનું કવિત્વ અપૂર્વપણે ચમકી ઊઠે છે. પેટ્રાર્કની રીતિને મહદંશે અનુસરવા છતાં અંગત ઊર્મિ અને અભિવ્યક્તિની બાબતમાં તેની

મૌલિકતા આકર્ષક છે. એક કાવ્યમાં એને કાવ્યદેવી ટકોરે છે. 'મૂર્ખ! અંતરમાં નજર કર...ને પછી લખ:

'Fool', said my Muse to me,
'Look in thy heart and write'.

સિડનીનાં સૉનેટોમાં પ્રેમની પ્રબળ ઉષ્માની કમી નથી, ઊર્મિની ભરતી છલકાતી જ રહે છે. પોતાના વક્તવ્યને અલંકારમાં ગૂંથીને રજૂ કરવાનું તેને સહજ છે. નિરાશાના ભાવથી ઊઘડતા એક સૉનેટમાં ચંદ્રને જોતાં તેનું ચિત્ત ઉદ્‌ગાર કરી ઊઠે છે:

With how sad steps, O moon, thou climb'st the skies.

અનિદ્રાની અવસ્થામાં રચાએલા સૉનેટમાં નિદ્રાને આમંત્રે છે

Come sleep! O sleep, the certain knot of peace.

સ્ટેલાના પ્રેમ માટેની ઝંખના–નિરાશામાંથી નીચેની પંક્તિ સ્ફુરે છે:

Stella oft sees the very face of woe.

અને એ સૉનેટના અંતમાં વ્યથાપૂર્ણ વાણી ઉચ્ચરે છે:

I am not I; pity the tale of me.

સિડનીનાં સૉનેટોમાં પ્રેમની સચ્ચાઈનો રણકો સંભળાય છે. જો કે કેટલીક વાર તે પરંપરાગત પણ ભાસે. તદુપરાંત રૂપકો ને અલંકારોમાં અટવાતી તેની વાણી અવારનવાર ક્લિષ્ટ પણ બને છે. છતાં આ સૉનેટોમાંથી એક કુલીન સરદારના, એક નિખાલસ, સંસ્કારી યુવાનના હૃદયની તસ્વીર જોવા મળે છે.

સિડનીએ સૉનેટોમાં સર્વથા પેટ્રાર્કની પ્રાસરીતિ જાળવવાનું પસંદ કર્યું નથી. પોતાના સૉનેટમાં તેણે મહદંશે abba, abba, cdcdee પ્રાસ યોજ્યા છે. તેનાં સૉનેટોના વિચારનું—ભાવનું 'બૅલેન્સ' અંતિમ યુગ્મ ઉપર ઘણી વાર આધારિત હોય છે.

સિડનીનાં સૉનેટો ઘણી વાર ક્લિષ્ટતાને કારણે કઠે પણ ખરાં; એને પડછે તેનાં ગીતો ઊર્મિનો સમર્થ આવિર્ભાવ પ્રગટ કરનાર, સરળ અને રસપ્રદ છે. સ્ટેલાના નિવાસસ્થાને એસ્ટ્રોફેલની મુલાકાતનું ગીત સ્મરણીય છે. જગત નિદ્રાધીન છે, અને એસ્ટ્રોફેલના આનંદનો ઊભરો પ્રગટે છે:

Only Joy, now here you are.

અને તેને પ્રાર્થના કરે છે:

Take me to thee, and thee to me.

પરંતુ દરેક વખતે સ્ટેલાનો ઉત્તર સ્પષ્ટ નકારમાં જ મળે છે:

No, no, no, no, my dear let be.

'કવિતાના બચાવમાં'

સિડનીની વિવેચનશક્તિની સુભગ પ્રતીતિ કરાવતી તેની મહત્ત્વની કૃતિ 'ડિફેન્સ ઑવ પોએઝી' (Defence of Poesie) નામની ઈ. ૧૫૯૫માં પ્રકાશિત થઈ હતી. એક આવૃત્તિમાં તેનું શીર્ષક 'An Apologie for Poetrie' આપેલું છે. એમાં તેણે પુનરુત્થાન યુગના વિવેચક તરીકે કવિતાની પ્રતિષ્ઠા કરવાની કામગીરી બજાવી છે. અંધકારયુગ દરમ્યાન કવિતા ઉપેક્ષિત બનેલી. સિડનીએ તે અંગે ઉદ્‌ગારો કર્યા છે તેમ Poetry 'from almost the highest estimation of learing is fallen to be the laughing stock of children' આ નિબંધ દ્વારા તેણે કવિતા સામેના આક્ષેપોના જવાબ વાળવાની નેમ રાખી છે. બહુ સરળ અને છટાદાર શૈલીમાં વાર્તાલાપ રૂપે તેણે પોતાની દલીલો યોજી છે. એલીઝાબેથ યુગના આગમન સુધીના વિવેચનમાં છંદ અને વાગ્મિતાની તેમજ નાટયગૃહો પર સામાજિક પ્રભાવની જ ચર્ચાઓ મહદંશે થતી હતી. સિડનીએ આ નિબંધમાં અંગ્રેજી સાહિત્યમાં પ્રથમ વાર કાવ્યની પ્રકૃતિ, તેનું પ્રયોજન, તેની શક્યતાઓ અને તેના ભાવિની ચર્ચા કરી છે. અલબત્ત, આ ચર્ચામાં એરિસ્ટોટલ–હૉરસ ઈત્યાદિના પડઘા (ઈટાલીના વિવેચનસાહિત્ય દ્વારા) સંભળાયા કરે છે, પરંતુ નિબંધની રીતિ અને દલીલોમાં પ્રગટ થતો આવેગ સિડનીના પોતાના છે. સિડની દૃઢપણે પ્રતિપાદન કરે છે કે કવિ સર્જક છે. 'Invention is the distinguishing character of the poet. એનું રચેલું વિશ્વ વધુ રમણીય છે—વધુ નવીન પણ. The poet is a maker, a creator who makes 'things either better than nature bringeth forth, or quite anew forms such as never were in nature.' Nature's 'world is brasen, the poets only deliver a golden.'

સિડની ઇતિહાસકાર, તત્ત્વવેત્તા અથવા તો ગણિતશાસ્ત્રી કરતાં પણ કવિને ચડિયાતો માને છે. (એરિસ્ટોટલનું અહીં સ્મરણ થાય.) માણસના અસ્તિત્વને હલાવી મૂકવાની—તેને વશ કરવાની જે શક્તિ કવિતામાં છે તે બીજે ક્યાંય જડે તેમ નથી. જોકે એરિસ્ટોટલની માફક તે 'અનુકરણ' શબ્દ પાછળથી પ્રયોજે છે ખરો. છતાં એને મન કવિનું ગૌરવ અનુકરણમાં નહિ પણ તે કશુંક નવું રચે તેમાં જણાતું લાગે છે. એ તો પોતાની નવી 'Ideal Imitation'ની વાત રજૂ કરતો જણાય છે. એરિસ્ટોટલે કવિ અનુકરણ કરે છે તે વાત રજૂ કરી; સિડનીના મતે કવિ અનુકરણ નથી કરતો—કશુંક સર્જે છે, ને ભાવક તેની સૃષ્ટિનું અનુકરણ કરે છે.

સિડનીના કથનાનુસાર કવિ સુવર્ણમય સૃષ્ટિ સર્જે એટલું જ પર્યાપ્ત નથી. એ સૃષ્ટિ ભાવકને પ્રતીતિકર અને પ્રિય બની રહે તો જ તેની સાર્થકતા છે. એ વિધાન પરથી તે કવિતાનાં સ્વરૂપ અને શૈલીની ચર્ચા માંડે છે, કાવ્યના વિવિધ પ્રકારો વર્ણવે છે અને તેમાંનાં કેટલાંક ઉત્તમ તત્ત્વ સમજાવે છે, કાવ્યના વિરોધીઓનો ઉપહાસ કરતો તે તેમના મુદ્દાનો છેદ ઉડાડવા મથે છે. આ નિબંધમાં રોમન કવિ હોરેસનો દૃષ્ટિકોણ રજૂ કરી તે કવિના આનંદ અને ઉપદેશ આપવાના કર્તવ્ય પર ભાર મૂકે છે: 'delightful teaching is the end of poesy. કવિ આદર્શ સૃષ્ટિનું સર્જન કરી ભાવકને તેનું અનુકરણ કરવા પ્રેરે છે. સિડનીના મંતવ્ય અનુસાર કવિની સૃષ્ટિમાં હમેશાં સત્યનો જય થાય છે અને શઠને શિક્ષા થાય છે. આ ખયાલમાંથી 'કાવ્યન્યાય' (Poetic Justice) શબ્દ ઉદ્‌ભવ પામે છે. કાવ્યમાં છંદપ્રાસની ચર્ચા કરતાં તે સ્પષ્ટપણે કહે છે કે તે સિદ્ધ કર્યાથી કવિતા બનતી નથી. 'It is not riming and versing that maketh a poet, no more than a long gowne maketh an Advocate.'

ઈલીઝાબેથના યુગપ્રભાવમાં કાવ્ય વિષેની આવી ચર્ચા સિડનીને ગૌરવ અપાવે તેવી ગણાય. એના નિબંધમાં ક્યારેક ચુસ્તતા (orthodoxy) દેખાય, તો પણ સમગ્રપણે અંગ્રેજી વિવેચન સાહિત્યમાં આ નિબંધ સિડનીનું મહત્ત્વનું અર્પણ છે.

સર વૉલ્ટર રૅલે

રાણી ઈલીઝાબેથનો કૃપા પાત્ર રાજદરબારી, કુશળ નાવિક, સમર્થ સાહસિક, રાજપુરુષ ને ઇતિહાસકાર સર વૉલ્ટર રૅલે (૧૫૫૨–૧૬૧૮) સ્પેન્સરની 'ફેઈરી ક્વીન' વાંચી તત્કાળ મુગ્ધ બની તેને રાણી ઈલીઝાબેથની પાસે મુલાકાતે ખેંચી લાવનાર સાહિત્યિક જીવ પણ હતો. તેનું કાવ્યસાહિત્ય બહુ જળવાયું નથી. 'સિન્થીઆ' (Cynthia) એ તેની એક સુદીર્ઘ કૃતિનો માત્ર થોડોક ખંડ જ પ્રાપ્ત છે. તેમાં સિન્થીઆ તે પોતે જ રાણી ઈલીઝાબેથ છે, અને સાગર તેને સંબોધન કરે છે. એ કાવ્ય ખંડિત હોવાથી તે વિષે ચર્ચા કરવી શક્ય નથી. પરંતુ રૅલેએ કેટલાંક યાદગાર સૉનેટો રચ્યાં છે, તેમાં 'ફેઈરી ક્વીન'ને બિરદાવતું સૉનેટ વિવેચકોએ પ્રમાણ્યું છે. 'ફેઈરી ક્વીન'ના આગમનથી પેટ્રાર્ક અને હોમર પણ કેવા પુલકિત થઈ ઊઠયા તેનું તેમાં વર્ણન છે. રૅલેની રચનાઓમાં વિશિષ્ટ ખરબચડાપણું ધ્યાન ખેંચે છે: એના જમાનામાં કવિતામાં જે ફૅશનેબલ તરંગો રજૂ થતા તેનો તેની કવિતામાં અભાવ

છે. ખરું જોતાં એ ક્વચિત ક્વચિત કવિ થઈ બેઠો છે—મોટે ભાગે એ સાહિત્યરસિક સહૃદય પાઠક છે. તેણે કેટલાંક ઊર્મિકોમાં દરબારી જીવનના મિથ્યાપણાની આકરી ટીકાઓ કરી છે. (જે જીવનરીતિનો તેના પર અગાઉ પ્રબળ જાદુ હતો.)

રૅલેનું સામર્થ્ય કાવ્ય કરતાં ગદ્યમાં સવિશેષ પ્રગટ થાય છે. અકૃત્રિમ સરળતાથી તેણે ગીઆનાના પ્રવાસનું વર્ણન કર્યું છે; અને જેલમાં હતો ત્યારે તેણે જે જગતનો ઇતિહાસ રચ્યો તેમાં તેની ઇતિહાસલેખક તરીકેની સૂઝની, તેની સામગ્રીની તેમજ છટાદાર શૈલીની સુપેરે પ્રતીતિ થાય છે. અંગ્રેજીમાં સચોટ ગદ્ય લખનારા અગ્રયાયીઓમાં રૅલેનું સ્થાન વિવેચકોએ ગણ્યું છે.

ગ્રેવીલ

સર ફિલિપ સિડનીના એક મિત્ર—નાટ્યકાર, કવિ, ચિત્રકાર ગ્રેવીલ (Fluke Greville)નું પણ અહીં સ્મરણ કરવું જોઈએ. એ બેચેન આત્મા હતો. સ્પેન્સર અથવા તો સિડનીમાં મળે છે તેવો વિવિધ શ્રદ્ધાનો સમન્વય તેનામાં નથી. તે સંશયવાદી જીવ છે. આધુનિક તત્ત્વવેત્તાની પ્રશ્નાવલી તેનાં લખાણોમાં પ્રગટે છે. મોક્ષ માટે પરલોકાભિમુખ ભક્તિમય જીવન ભલે ઇષ્ટ હોય, અને ઈશ્વરી કૃપાથી જ મનુષ્યનો ઉદ્ધાર ભલે થતો હોય, તથાપિ આપણે જે વિશ્વમાં વસીએ છીએ ત્યાં તેના પોતાના પ્રશ્નો છે, ધોરણો છે: અને આપણે આ વિશ્વમાં જીવીએ ત્યાં સુધી તો એ પ્રશ્નો સાથે માથાકૂટ કર્યા વિના આરો જ ક્યાં છે? આલ્ડસ હક્સલી તેની પ્રારંભિક નવલોમાં જે બેચેની અનુભવે છે તેનાં બીજ ગ્રેવીલમાં વિવેચકોએ જોયાં છે. ગ્રેવીલની કવિતામાં આમ બૌદ્ધિક તત્ત્વ ધ્યાન ખેંચનારું બને છે. તેના Human Learing, Fame and Honor અને Wars વિશેના પદ્યનિબંધો એ રીતે તપાસવા જેવા છે. 'Treatise of Monarchy' તેનો આ પ્રકારનો સુદીર્ઘ નિબંધ છે. પરંતુ તેની કાવ્યકલા અને કટાક્ષકલાનો રસપદ પરિચય 'Human Learning'માં થાય છે. સમગ્ર જ્ઞાન વિષય પર તે પ્રહાર કરે છે:

Then what is our high-prais'd philosophy
But books of poesy in prose Compil'd?

અને અંતે ચમત્કારક રીતે ઉદ્‌ગાર કરે છે:

The artless use bears down the useless arts.

વ્યાકરણ અને ન્યાય જેવી instrumental કલાઓ પ્રત્યેનો તેનો કટાક્ષ તેને પોતાને માટે પણ સાચો છે:

I say, who too long in their cobwebs lurks
Doth like him that buys tools, but never works.

(જેઓ પોતાની ચર્ચાની જટિલતામાં જ અટવાયા કરે છે—પેલા કારીગરની જેમ, જે ઓજારો ભેગાં કર્યા કરે, પણ કામ કરે નહિ.)

ગ્રેવીલનાં ઊર્મિકો 'કેલિકા' ('Caelica') નામથી પ્રગટ થયાં છે. પરંતુ ગ્રેવીલની મુશ્કેલી એ છે કે તેનામાં છંદકૌશલ્ય ને બૌદ્ધિક સજ્જતા હોવા છતાં ઊર્મિની ઉષ્મા નથી. તેણે નાટકો પણ લખ્યાં છે. 'ઍન્ટની-ક્લીઓપેટ્રા' નાટક રચીને પાછળથી તેનો તેણે અગ્નિસંસ્કાર કરી નાખેલો. પણ એ પછીનાં તેનાં બે નાટકો 'મુસ્તફા' (૧૬૦૯) અને અલહામ (Alaham)ની ત્રિવિધ પ્રતો મળે છે. સેનેકન ટ્રૅજેડીના નમૂના પર તે રચાયાં છે. લેખકે રાજ્યખટપટ અને માણસની દુષ્ટતા પર જે સ્વગત સંભાષણો એમાં કર્યાં છે તે પૂરતું તેમનું મહત્ત્વ છે.

જ્હૉન લીલી

સ્પેન્સરના ને સિડનીના સમકાલીન જ્હૉન લીલી (૧૫૫૪-૧૬૦૬)નું સાહિત્યક્ષેત્રે અર્પણ, વિષય (મૅટર)ની બાબતમાં નહિ તેટલું શૈલી (મૅનર)ની બાબતમાં છે. તેના પિતા વિલિયમ લીલી વ્યાકરણશાસ્ત્રી હતા, ટૉમસ મોર અને ઇરૅઝમસના મિત્ર હતા. જ્હૉનને ઑક્સફર્ડ રુચ્યું નહિ એટલે તે લંડન ગયો અને પોતાનાં લખાણોમાં પ્રવૃત્ત રહ્યો. આરંભમાં નીતિવેત્તાની હેસિયતથી ચોવીસ વર્ષની વયે યુફુયસ અથવા ઍનૅટોમી ઑવ વિટ' (Euphues or the Anatomy of wit) નામનું પુસ્તક રચ્યું (૧૫૭૮). એમાં સારો એવો નીતિબોધ ખચેલો છે અને અધર્મ તથા અનીતિ પર પ્રહાર છે. વાર્તાનાયક યુફુયસ સુંદર, કુલીન ને હાજરજવાબી છે, પ્રવાસનો તેને ખૂબ શોખ છે, પરંતુ શિક્ષણથી તેનામાં સંસ્કાર આવ્યા નથી. તે સંયમી નથી. નેપલ્સમાં તે પ્રવાસે જાય છે—એ નગર સ્વચ્છંદ માટે પંકાએલું હતું—એના વડીલો, મિત્રો વગેરેની સલાહ અવગણી તે સ્વચ્છંદમાં, વિલાસમાં રચ્યોપચ્યો રહે છે. એક મિત્ર તેની સાથે પોતાની પ્રિયતમા લ્યુસીલાનો પરિચય કરાવે છે. યુફુયસ પરિચયનો ગેરલાભ લઈ લ્યુસીલાને ભોળવવા મથે છે, મિત્રદ્રોહ કરે છે; પરંતુ તરલ સ્વભાવની લ્યુસીલા છેવટે તેને પણ છેહ દઈ ત્રીજા કોઈ અપાત્ર સાથે ગોઠવાય છે. સ્ત્રીસ્વભાવથી નારાજ થએલો, રોષે ભરાએલો યુફુયસ હવે ઠરેલ થઈ ઍથેન્સ પાછો ફરે છે અને વિદ્યાવ્યાસંગી બને છે. વાર્તામાં લેખકે પોતાનો સ્વાનુભવ વ્યક્ત કર્યો છે અને સ્ત્રીઓથી સાવધાન રહેવાની તેમાં શીખ આપે છે.

આ વાર્તાની અઢાર મહિનામાં તો ચાર આવૃત્તિ થઈ ગઈ. પરંતુ તેમાંના નારી પ્રત્યેના કટાક્ષને કારણે ઈંગ્લૅન્ડમાં કંઈક સ્થળે રોષ પ્રગટ થયો. લીલીએ તરત ઇંગ્લૅન્ડની ખુશામત પ્રગટ કરતી બીજી વાર્તા 'યુફુયસ ઍન્ડ હિઝ ઇંગ્લૅન્ડ' રચી. એને કોઈ વિષયમાં ચુસ્ત વિચારો હતા જ નહિ. શૈલીની બાબતમાં તે આગ્રહી ખરો. આ બીજી વાર્તામાં તેણે ઇંગ્લૅન્ડની અને તેની પ્રજાની મનભર ખુશામત કરી છે. અગાઉની કથામાં દેખાતો કટાક્ષ અહીં નથી. ઇંગ્લૅન્ડ સિવાય સૌન્દર્ય બીજે ક્યાંય નથી. અંગ્રેજ સન્નારીઓ સૌથી વધુ પવિત્ર છે—તેમની તુલનામાં નેપલ્સની નારીની ઈજ્જત તે વધેરી નાખે છે. વળી તે કહે છે: ઈલીઝાબેથની છત્રછાયામાં શાંતિ અને ધર્મ સલામત છે અને ખાસ તો 'The living god is only the English God.'

આ કથામાં લીલીએ તેના સમયના સમાજને આબેહૂબ રજૂ કર્યો છે અને લગની જેવા વિવેચકે તેને અંગ્રેજી સાહિત્યના પ્રથમ વાર્તાકાર તરીકે બિરદાવ્યો છે. લીલીની આ વાર્તામાં વિષય કરતાં શૈલીનું આકર્ષણ સહૃદયોને સવિશેષ રહ્યું છે. તેણે પોતાની એક આગવી અલંકારી શૈલી પ્રયોજી, જે તેની વાર્તાના નાયક પરથી યુફુઈઝમ તરીકે જાણીતી છે. વર્ણાનુપ્રાસ, વાક્યોની સમતુલા અને સમયપણે સ્થપાતો સંવાદ એ તેનું વિશિષ્ટ લક્ષણ છે. એમાં વાગ્મિતા તો હોય જ. પ્રતીકો અને ઉપમાઓથી તેણે શૈલીને બરાબર અલંકૃત કરી છે. અમૂર્તને મૂર્ત કરવાની તેની આ તરકીબ છે. અલબત્ત, આ શૈલી આખરે તો કરામત બની રહે છે. તેમ છતાં એ શૈલી સારા એવા સમય સુધી લેખકો માટે ફૅશન બની રહી.

લીલીએ 'કૅમ્પેસ્પી' (Campaspe) મધર બૉમ્બી (Mother Bombie), ધ વૂમન ઈન ધ મૂન (The woman in the moon) ઈત્યાદિ સાતેક જેટલી કૉમેડી પણ રચી છે. અને ખુદ રાણી ઈલીઝાબેથે એનાં નાટકો જોવાનો અવકાશ મેળવ્યો હતો. (ચાલુ)

ટુ રશિયા વિથ (અનુસંધાન પૃષ્ઠ ૩૬) ઈસ્ટર્ન બ્લૉકના તમામ સામ્યવાદી દેશોના ભારત તરફથી વડા અફસર શ્રી નેવીલને ત્યાં મારા ઊતરવા રહેવાની સગવડ કરી દીધી! મને કહે: 'તમે ઊપડો! સ્ટેશને અંકલ અને આન્ટી આવશે ગાડી લઇને. સાલે મેટ્રોપોલ હોટેલ વાલે ભી દેખ લે કી હમારે પ્રોફેસર સા'બ કુછ કમ નહિ હૈ!'

એ બન્ને મારા વિદ્યાર્થીઓ બીજે દિવસે સવારે વિક્ટોરિયા સ્ટેશનથી હું ટ્રેઈનમાં ચડ્યો ત્યારે મૂકવા આવેલા. ટેલિફોન નંબરો, સરનામાં, નેવીલ પર પત્રો, અને મને હિંમત આપતા રહેલા: 'સર! યુ ડોન્ટ વરી! અને આવો ત્યારે રશિયન કેવીઅર ને શૅમ્પેઈનની બૉટલ લેતા આવજો! પછી જલ્સા કરીશું.'—ને ગાડી ઊપડી. (ચાલુ)

ધંધાદારી કામ

ગુજરાતમાં કલાનાં પગરણ

'કુમાર'ના પ્રાકટ્યથી
આગળ ચાલતું
રવિશંકર રાવળનું
આત્મકથાનક
અને
'ગુજરાત કલાસંઘ'ની કથા
૩



જે સમયનું આ પ્રકરણ છે
તે અરસામાં લેખક

આરંભનાં ઘણાં વર્ષો સુધી 'કુમાર'ના નિર્માણમાં મારી સર્વ શક્તિઓ ખર્ચાઈ જતી, છતાં નિર્વાહ માટે તો મારે છબિઓ, લોકો માટે ચિત્રો, પુસ્તકપૃષ્ઠો વગેરે કામ કરવું જ પડતું. તેમાં મેં અને ભાઈ રવિશંકર પંડિતે મળી મૅકમિલન કંપની માટે ત્રિવેદી વાચનમાળાનાં બધાં જ પાઠ્યપુસ્તકોનાં ચિત્રો કરી આપેલાં. આ ચિત્રો અમને સોંપાતાં પહેલાં મારે ટાઈમ્સ ઑવ ઇન્ડિયા ઑફિસમાં મુંબાઈ જઈ તત્કાલ ચિત્રો કરીને કસોટી આપવી પડી હતી. તે વખતે તેના ખાસ ચિત્રકાર મિ. ટલરને લીમડાના પાન વિષે પૂરો ખયાલ નહોતો. મેં તરત પાન, ડાળી અને લીંબોળીઓ કરી આપ્યાં એટલે તેણે જ તંત્રીને કહ્યું: 'ફિક્સ હિમ અપ—એની સાથે નક્કી જ કરી નાખજો.' એ મેં કાનોકાન સાંભળ્યું, અને મારો અધિકાર સિદ્ધ થયાનો સંતોષ લીધો.

આવું બહારનું ધંધાદારી કામ વગેરે હું વિદ્યાર્થીઓ સમક્ષ આરંભથી અંત સુધી કરતો એટલે તેમને આ જાતનાં વિવિધ કામનો પૂરેપૂરો ખયાલ અને અનુભવ મળતો. પણ વ્યાપક રીતે ચિત્રકામ લોકપ્રિય થાય તે માટે મેં 'કુમાર'નાં પૃષ્ઠોમાં 'ચીતરવાનું સહેલ છે' નામની ક્રિયાત્મક લેખમાળા શરૂ કરી દીધી હતી. મને લાગે છે કે તેમાંથી ઘણા એકાંતિક ચિત્રપ્રેમીઓને તેમજ માતાપિતા અને શિક્ષકોને દોરવણી મળી જ હશે. એ પૃષ્ઠો કરતી વેળા રસ્કિનનું પેલું સૂત્ર મારા સ્મરણમાં સામું જ રહેતું કે 'Every child that can be taught to write can be taught to draw.'

મારી અંગત કલાપ્રવૃત્તિ વિસ્તારવાને 'કુમાર' માસિકે મને કલાનાં અનેક ક્ષેત્રો પર લેખો લખવાની તેમજ ચિત્રો આપવાની પ્રેરણા અને ઉદ્યમ પૂરાં પાડ્યાં હતાં. ચિત્રકલાને ધર્મ, સમાજ કે સાહિત્યના વાડાઓમાંથી મુક્તિ મળે એવી મારી પ્રબળ ઇચ્છા હતી, એટલે પરદેશી પત્રોમાં પ્રકટ થતા કલાના નવીન પ્રકારોની માહિતી સચિત્ર આપતા રહેવાની મેં નેમ રાખી હતી. 'કુમાર'ના ચોથા વર્ષમાં મનોવૃત્તિઓનાં ચિત્રો કરનાર ચિત્રકાર કચુબિનીનાં ચિત્રો જોઈ કૃષ્ણલાલે આગળ જતાં 'ક્રોધજ્વાળા'નું સ્વતંત્ર પણ સચોટ ભાવવાળું ચિત્ર આપ્યું છે. ભારતીય પ્રતિમાઓને અપાએલા જુદાજુદા અલંકારો, મુકુટો વગેરે બૅંગલોરના એક અગ્રગણ્ય સાહિત્યપત્રમાં મૂળ શ્લોકો અને ચિત્રો સાથે આવેલા તેથી ભારતની સુંદર પ્રતિમાઓને ઓળખવાનું તેમ જ વર્ણન કરવાના પારિભાષિક શબ્દો અને સૂચક વસ્તુઓનું જ્ઞાન મને મળ્યું.

બીજી બાજુ અમારા વર્તુળમાં ફોટોગ્રાફીમાં પણ ઘણા યુવાનો સુંદર રચનાઓ, દશ્યો તથા પાત્રોની શોધ અને ચર્ચા કરતા થયા હતા. ફોટોગ્રાફીમાં મુખ્ય આધાર જે પ્રકાશનું બળ, છાયા-પ્રકાશની ગોઠડી અને રચનાઓથી વસ્તુ કે પ્રસંગનું શું આકર્ષણ ઊભું થાય છે—તેની શોધ કરનારી અનેક આંખો ત્યારે તાલીમ લેતી હતી. એવી તાલીમની સિદ્ધિ રૂપે શ્રી બલવંત ભટ્ટને બૅંગલોરના ફોટો-ચિત્ર પ્રદર્શનમાંથી ચંદ્રક મળ્યો. દત્તા ખોપકર પણ તેમની મૌલિક ફોટોકળા 'કુમાર'માં રજૂ કરતા થયા. છાપકામમાં બચુભાઈની પૃષ્ઠરચનાઓ પણ વિવિધ પ્રકારની થવા માંડી હતી. આમ સૌન્દર્ય ને સુરૂપતાનાં તત્ત્વો પ્રકટ થતાં જતાં હતાં.

અજંતાની યાત્રા

ઈ. ૧૯૨૭માં ઔંધ નરેશ બાલ સાહેબ પંત પ્રતિનિધિ, જે પોતે એક સારા ચિત્રકાર હતા તેમણે, કેટલાક અગ્રણી ચિત્રકારોને એક માસ માટે અજંતાનાં ચિત્રોની અનુકૃતિઓ પોતાના ચિત્રાલય માટે કરી આપવા નિમંત્ર્યા. પ્રવાસ-ખર્ચ, રૂ. ૧૦૦નો માનાર્હ સત્કાર-પુરસ્કાર અને ત્યાં રહેવા-જમવાની સર્વ સગવડ એક માસ માટે ઠરાવી હતી. મુંબાઈથી મિ. કેતકર અને ચાંદુળકર જેવા મારા પીઢ મિત્રો તેમજ એક-બે સ્કૂલ ઑવ આર્ટના વિદ્યાર્થીઓ, જેમાંના એક તો ભવિષ્યમાં ઇંગ્લૅન્ડ જઈ આવી મુંબાઈ રાજ્યના ડ્રૉઇંગ ઇન્સ્પેક્ટર થયા હતા તે, તથા નાગપુરથી પણ એક સારા ચિત્રકાર આવ્યા હતા. જે પાછળથી નાગપુર ચિત્રશાળાના આચાર્ય થયા હતા. ઓગળેવાડીથી યુવાન ઓગળે, ઔંધથી પંડિત વગેરે શ્રીમંત પંતસાહેબના જાણીતા ચિત્રકારો હતા. મારું તો એમણે માત્ર નામ જ સાંભળીને નિમંત્રણ આપેલું. મંડળીની સર્વ સગવડ સાચવવા ઔંધના વિદ્યાધિકારી શ્રી પંઢરીનાથ ઈનામદાર અમારી સાથે જ હતા. તેમની સાથે ઔંધના ચિત્રકાર નારાયણ પુરમ હતા, જેમની વાત પરથી જ મારા નામની સૂચના તેમણે કરી હતી એમ જણાયું; પણ તેમને અને બીજાઓને પહેલી જ વાર ત્યાં નજરે જોયા અને તે પછી તો એ સૌ કાયમના મિત્રો બની રહ્યા.

અમે સવારના જી. આઈ. પી. રેલવેના પાહુર સ્ટેશને ઊતરી ગયા અને ગામના મુખીને ત્યાં ચા-પાણી લઈ બળદગાડીઓમાં બેસી અજન્તા નજીક ફરદાપુર ગામડામાં મૂળજી જેઠાની જિનિંગ ફૅક્ટરીમાં અમારો ઉતારો ગોઠવાયો હતો ત્યાં પહોંચ્યા. પંતસાહેબ મોટરમાં બપોરે ઔંધથી સીધા આવી પહોંચ્યા. તેમના માટે નિઝામ રાજ્ય તરફથી નજીકના ડાકબંગલામાં રહેવાની વ્યવસ્થા થઈ હતી. તેમને સલામી આપવા આવેલી સ્થાનિક પોલીસોની ટુકડીએ જ્યારે સલામી આપી ત્યારે હુકમ થતાં તે ઊલટા-સુલટા થઈ ગયા, તે અમે દૂરથી જોઈ હસી પડ્યા હતા.

જિનિંગ ફૅક્ટરીમાં તે દિવસ જમ્યા, ગોઠવાયા અને આરામ લીધો. બીજે દિવસે સવારે બળદગાડીઓ આવી ઊભી રહી, તેમાં બેસી અમે ચાર માઈલનો પંથ કાપી જ્યારે બાઘોરા નદીની ખીણમાં અજન્તા પહોંચ્યા ત્યારે તો કોઈ જુદા જ વિશ્વમાં પહોંચી ગયા જેવું લાગ્યું. પંતસાહેબ આવી પહોંચતાં અજંતાના ક્યુરેટર જુવાન કલાકાર સૈયદ અહમદની ઑફિસમાં સૌ મળ્યા. તે વર્ષોથી અજન્તાની પાસેના જ પોતાના બંગલામાં રહેતા હતા અને ત્યાં ભીંતચિત્રોની ઘણી નકલો કરી દેશ-વિદેશનાં મ્યૂઝિયમોને વેચી હતી. અમારે કામ કેવી રીતે શરૂ કરવું તે બાબત પંતસાહેબે તેમની સલાહ માગી, ત્યારે તેમણે કહ્યું કે સૌને પ્રથમ એક ચોથિયા કદના ઈમ્પીરિયલ કાગળના ટુકડામાં એક એક આકૃતિ મૂળ માપ જેવડી જ કરવા કહો. તેમાં તેમની રીત અને શક્તિ જણાઈ આવશે.

શ્રી પંઢરીનાથે અમને જુદાજુદા ગુફામંડપોમાં જ્યાં પ્રકાશ સુલભ હતો ત્યાં કાગળો, રંગો ને પીંછીઓ આપી ગોઠવી દીધા. મને નં. ૧૬ની ગુફાની પરસાળની ભીંત પરની અપ્સરાનું ચિત્ર સોંપાયું. ભોંય પર ઊભા રહી કે બેઠાંબેઠાં કામ કરવાનું હતું, ને સાંજ સુધીમાં દરેક જણે ચિત્ર પૂરું કરવાનું હતું. તે પ્રમાણે ચાર વાગ્યે ચિત્રો એકઠાં કરી પંઢરીનાથ સૈયદ અહમદની ઑફિસમાં લઈ ગયા. ચિત્રો ઉપર કોઈને પણ પોતાની

સહી કે નામ નહિ લખવાની સ્પષ્ટ સૂચના અગાઉથી અપાઈ હતી.

સૈયદ અહમદે બધાં ચિત્રો જમીન ઉપર પાથરી દીધાં અને તે ઉપર ખૂબ નજર ઘુમાવી. પછી સૌપ્રથમ મારું જ ચિત્ર ઉઠાવી કહ્યું: 'યે ચિત્ર મેં અજન્તા કી અસર સબ સે જ્યાદા હૈ.' પછી તેણે અનુક્રમે ચિત્રો લીધાં. કેતકર કંઈક ચોથા નંબરે આવ્યા. આ પ્રસંગથી મારા મનમાં મુંબાઈના અગ્રગણ્ય ચિત્રકારો સાથેની સ્પર્ધાની પરીક્ષા ફર્સ્ટ ક્લાસમાં પાસ કર્યાનો હર્ષ મેં અનુભવ્યો. પછી તો મને બીજા દિવસથી અજન્તાની શ્રેષ્ઠ ગણાતી ચિત્રકૃતિઓ કરનારમાં ગણી લીધો. મેં એક માસમાં પાંચ ચિત્રો કરી આપ્યાં. અજંતાની આ યાત્રા મારા જીવનનું એક મોંઘું સોપાન બની રહી. ત્યાં મેં ભારતની શ્રેષ્ઠ કલાપ્રણાલી જોઈ.

એ એક માસમાં અમે આધુનિક જગત ભૂલી અજન્તાકાળના નાગરિક બની ગયા હતા, અને તેની શૈલી જાણે મારા લોહીમાં ઊતરી ગઈ લાગતી હતી. હું અમદાવાદ આવ્યો ત્યારે કાકાસાહેબ કાલેલકરે મને કહ્યું: 'હવે તમે કલાના સાચા દ્વિજ થયા.' પણ વિશેષ લાભ તો તેમાંની કલાશક્તિનો મારા માટે તેમજ શિક્ષણ માટે હું સફળ પ્રયોગો કરી શક્યો એ હતો. એમાંનાં કેટલાંક ચિત્રોની નકલો વેચાઈ પણ ખરી.

ભારત કલામંડળ

'કુમાર' દ્વારા ધીરે ધીરે ગુજરાતના અને બૃહદ ગુજરાતના ખૂણે ખૂણે અમારી પ્રવૃત્તિ અને ભાવનાનો પ્રભાવ પ્રસરતો હતો, એવામાં સર્વ જનતામાં અને સુશિક્ષિત જનોમાં કલાનો સમાગમ પ્રકટાવવાની પ્રેરણા આપે એવો એક પ્રસંગ બન્યો. કલકત્તાથી 'રૂપમ' નામનું ભારતીય કલાનો પ્રભાવ અને સૌન્દર્યબોધ આપનારું એક મોટું (લગભગ ૧૨ × ૧૫ ઇંચના માપનું) ત્રૈમાસિક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ શરૂ કર્યું. તરત હું તેનો ગ્રાહક થઈ ગયો. વાર્ષિક લવાજમ તે કાળે રૂ. ૨૦ હતું. પાછળથી મને તે ઘણું ખર્ચાળ લાગવાથી જોકે બંધ કરવું પડ્યું; પરંતુ એ ભારતમાં બનેલા હાથબનાવટના કાગળ પર મોટાં સુરૂપ બીબાંમાં દેશવિદેશના પ્રમુખ કલાવિદોના લેખથી ભરપૂર તેમજ કેટલાંક તો જર્મનીમાં છપાએલાં ચિત્રો સાથે નીકળતું હોઈ કલા સામયિકના એક વિશિષ્ટ નમૂના રૂપ હતું. અત્યાર સુધી માત્ર 'મૉડર્ન રિવ્યુ' ભારતીય કળાનો આદર કરતું, તેને પડછે આ પત્ર તો સર્વાંગ ભારતીય ગૌરવ અને વૈભવયુક્ત હતું. એશિયાભરમાં તે પૂર્વની કળાનું સૌપ્રથમ ને શ્રેષ્ઠ પત્ર હતું. તંત્રી શ્રી ગાંગુલી સૉલિસિટર હતા અને મોટી પ્રતિષ્ઠા ધરાવતા હતા. બંગાળમાં જે ઘણા ગૃહસ્થો નિજી ચિત્રસંગ્રહો તથા કલાગુણગ્રાહકતાથી, તેમજ સંગીન અને સહજ આલેખનમાં પ્રવીણતા મેળવી ઇતર વ્યવસાયોમાં પણ અગ્રણી બન્યા હતા તેમાંના એક તે હતા.

તેઓ, કદાચ 'રૂપમ'ના ગ્રાહકો મેળવવા અથવા ગુજરાતની કલાસમૃદ્ધિ જોવા, ઘણે ભાગે શેઠ અંબાલાલ સારાભાઈના મહેમાન થયા હતા. મારા મિત્ર ડૉ. હરિપ્રસાદને તેની જાણ થતાં વેંત તે શ્રી ચૈતન્યપ્રસાદ દીવાનનો સહકાર મેળવી તેમને એક વ્યાખ્યાન આપવાની વિનંતી કરવા ગયા. પણ કળાવિષયનાં વ્યાખ્યાનો કોઈ કલામંડળના આશ્રયે જ સાધિકાર થઈ શકે, અને અમદાવાદમાં તો ત્યારે કલાવિષયક પ્રવૃત્તિ કરનારું કોઈ મંડળ રહ્યું નહોતું. કવિ નાનાલાલે સ્થાપેલું 'કલાપ્રવર્તક મંડળ' તો બીજે વર્ષે જ લુપ્ત થઈ ગયું હતું. એટલે શ્રી ગાંગુલી ગુજરાતનાં સ્થળો જોવા ગયા તે દરમિયાન ડૉક્ટરે મને સાથમાં લઈ 'ભારત કલામંડળ'ની સ્થાપના કરી ને પ્રમુખ તરીકે સર (ગિરિજાપ્રસાદ) ચીનુભાઈને, તેમજ પોતાને તથા મને મંત્રીસ્થાને રાખી એક કાર્યવાહક મંડળ રચ્યું. તેમાં કેટલાક અંગત સ્નેહીમંડળના મિત્રોને વાર્ષિક રૂ. ૧ લવાજમ રાખી સભ્યો બનાવ્યા ને તેના ઉપક્રમે શ્રી ગાંગુલીનું વ્યાખ્યાન ગોઠવી દીધું (તા. ૨૪-૨-૧૯૨૭) વખત જતાં વાર્ષિક સભ્ય ફી વધારીને રૂ. ૨ કરી હતી, ઉપરાંત આજીવન સભ્યના રૂ. ૫૦, સહાયક સભ્યના રૂ. ૧૦૦ તથા આશ્રયદાતા માટે રૂ. ૫૦૦ની રકમ ઠરાવી હતી.

પછીનાં ઘણાં વર્ષો સુધી આ મંડળ દ્વારા ગુજરાતની કલા-પ્રવૃત્તિઓ કેન્દ્રિત કરીને મેં અનેક દેશપરદેશની સંસ્થાઓ, કલાકારો અને કલામર્મજ્ઞોનો ગુજરાતને પરિચય કરાવ્યો હતો અને ભારતીય સર્વ પ્રમુખ કલાસંસ્થાઓ સાથે આદાનપ્રદાનનો વ્યવહાર સ્થાપ્યો હતો. તેના દ્વારા જે અનેક નાનામોટા કલાપ્રસંગો અને સમારંભો યોજાયા હતા તેમાંના ગણનાપાત્ર પ્રસંગોની આછી નોંધ માત્ર અહીં આપી છે:

તા. ૨૪-૨-૧૯૨૭: 'ભારત કલામંડળ'ની સ્થાપના.

૧૧-૩-'૨૮: વાસંતી ચિત્રકલા-પ્રદર્શન.

૧૧-૧-'૨૯: વાર્ષિક સંમેલન, કલા-સાહિત્ય પ્રદર્શન.

૨૯-૧-'૨૯: પ્રો. જેઈમ્સ કઝિન્સનું વ્યાખ્યાન: 'કલાની કેળવણીમાં અમેરિકાના અખતરા'.

૧૦-૨-'૨૯: શ્રી નાનાલાલ ચમનલાલ મહેતા (આઈ. સી. એસ.)નું 'ભારતીય કલા' પર વ્યાખ્યાન.

૫-૯-'૨૯: બંગાળના ચિત્રકારોનાં ચિત્રોનું પ્રદર્શન.

૧૫-૪-'૩૧: હાથવણાટ અને ભરતકામની કારીગરીવાળા ભારતીય વસ્ત્ર-નમૂનાઓ.

૨-૯-'૩૪: અમેરિકાના કલાવિદ પ્રો. નૉર્મન બ્રાઉનનું દીપચિત્રો સાથેનું 'ભારતીય કલા' પર વ્યાખ્યાન.

ઈ. ૧૯૩૫: અમદાવાદ મ્યુનિસિપલ શતાબ્દી નિમિત્તે પ્રદર્શન.

૩૧-૧૦-'૩૬: સાહિત્ય પરિષદ વતી ગુજરાતની કલાનું પ્રદર્શન.

૧૯-૧૨-'૩૭: 'કલાશિક્ષણ દેશના કલાકારોને હસ્તક રહેવું જોઈએ' એવો ઠરાવ મંડળ તરફથી કરીને સરકારને મોકલાયો.

૨૭-૮-'૩૮: મંડળનો એકાદશ મહોત્સવ.

૨૦-૧૦-'૩૮: કલાકારો શ્રી યજ્ઞેશ્વર શુક્લ અને નટરાજ વશીનું સન્માન.

૪-૨-'૩૯: મહારાષ્ટ્રના કલાવિદો તથા કલાકારો મામા વરેરકર, શ્રી અલતેકર અને શ્રી કરમારકરનું સન્માન.

જૂન ૧૯૩૯: હિમાલયવાસી રશિયન કલાકાર મહર્ષિ નિકૉલસ રોરિકનાં હિમગિરિનાં દૃશ્યોનું પ્રદર્શન.

ઈ. ૧૯૪૧: શ્રી નિકૉલસ રોરિક અને તેમના પુત્ર સ્વેતોસ્લાવનાં ચિત્રોના પ્રદર્શન સાથે ડૉ. જેઈમ્સ કઝિન્સનાં વ્યાખ્યાનોનું સપ્તાહ.

ઈ. ૧૯૪૩: મુંબાઈના કલાકારો શ્રી સ્યાવક્ષ ચાવડા અને શ્રી માધવ સાતવળેકરનું સન્માન.

ઈ. ૧૯૪૩: ઈરાની કલાકાર શ્રી સર્ખિસ કચાદોરિયાંનાં પ્રાચીન ભારતીય ભીંતચિત્રોનું પ્રદર્શન.

૧૪-૧૦-'૪૪: ભારત કલામંડળના કલાકારોનું ચિત્ર-પ્રદર્શન.

૨૦-૧૦-'૪૫: અમદાવાદના કલાકારોની કૃતિઓનું પ્રદર્શન.

૧૧-૧-'૪૮: બંગાળી કલાકાર વૈજનાથ દાસનાં ચિત્રોનું પ્રદર્શન.

૨૯-૯-'૪૮: ભારતીય કલાકાર રાજા રવિવર્માની જન્મ-શતાબ્દી.

૨૦-૪-'૪૯: મુંબાઈના 'પ્રોગ્રેસિવ આર્ટિસ્ટ્સ'નાં ચિત્રોનું પ્રદર્શન.

૧૦-૧૧-'૫૦: વાસુદેવ સ્માર્તનાં ચિત્રોનું પ્રદર્શન.

ઈ. ૧૯૫૫માં આ મંડળની છેવટની સામાન્ય સભા મળી તેના નિવેદનમાં જણાવ્યું કે 'હવે રાષ્ટ્રીય સરકારે કલાના ઉત્કર્ષ માટે અકાદમીઓની સ્થાપના કરી છે ત્યારે અલ્પ સાધનો અને દ્રવ્યના અભાવવાળા આ મંડળને લુપ્ત કરવું જોઈએ.' તે પછી થોડા વખતે સર્વ સભ્યોને તેનું જાહેર નિવેદન અને હિસાબ બહાર પાડી કાયદેસરરીતે વધેલી રકમ 'કલારવિ' ટ્રસ્ટને એવી શરતે સોંપી કે તેના વ્યાજમાંથી ભારત કલામંડળના નામે વિદ્યાર્થીઓમાં ચિત્રસ્પર્ધા વગેરે બાબતોનાં ઈનામો આપવાં. (ચાલુ)

કલાવાર્તા

સ્વ. કલાકાર જગન્નાથ અહિવાસી



ગઈ તા. ૨૮મી ડિસેમ્બરે ચિત્રકળાના પુનરુદ્ધારકાળના એક ઘડવૈયા જગન્નાથ મુરલીધર અહિવાસીના અવસાનથી ભારતીય ચિત્રકલાપરંપરાના એક અધ્યાયનું જાણે કે સમાપન થઈ ગયું. છેલ્લી અર્ધી સદીથી ચિત્રકલાના ભારતીય તત્ત્વવિકાસ પર એમનો પ્રભાવ હતો. એમનું આદર્શયુક્ત, સાદગીભર્યું, શાંત, ઋજુ, છતાં પ્રભાવશાળી વ્યક્તિત્વ ભારતીય પરંપરાના આજના અનેક નામી કલાકારોને પ્રેરણાદાયી હતું. કલાના પાઠ આપવા સાથે એમણે પોતાના વિદ્યાર્થીઓમાં જીવનસંસ્કારોનું સિંચન કર્યું હતું. વિદ્યાર્થીનો સર્વાંગીય વિકાસ અને એનું સદ્‌ચરિત્ર એમને મન મોટો નિધિ હતો. વિદ્યાર્થીઓ પર પોતાના વિચાર કે શૈલી લાદવાનો પ્રયત્ન એમણે કદી કર્યો નહોતો, છતાં ભારતીય કલાનાં વિવિધ અંગની મનનીય ચર્ચા સાથે સંસ્કૃત અને વ્રજભાષાના સાહિત્યનો વાર્તાવિનોદ તથા પરમ વૈષ્ણવ સમા એમના સંસ્કારયુક્ત નિર્મલ વ્યક્તિત્વ વડે એમણે મુંબાઈની સર જે.જે. સ્કૂલ ઑવ આર્ટસમાં કલાનું એક આગવું જ મંડાણ કરીને ભારતીયતા પ્રત્યે અનુરાગનું એક નવું જ સુંદર વાતાવરણ સર્જ્યું હતું. અને ત્યાંથી નિવૃત્ત થયા બાદ બનારસ હિંદુ યુનિવર્સિટીના કલા મહાવિદ્યાલયને વિકસાવી એક સબળ વિચારધારાનો એમણે પ્રસાર કર્યો હતો.

પણ ચિત્રકલા એ તો એમના વૈષ્ણવ સંસ્કારથી સભર જીવનનું એક પાસું જ હતું. પરંપરાગત વ્રજભાષાના તેઓ સૂક્ષ્મ જ્ઞાતા અને રસિક હતા. અસંખ્ય અપ્રકટ પદો એમને કંઠસ્થ હતાં. એમને મન કાવ્ય એ દરેક કલાનું મૂલ હતું. કવિને તેઓ ઈશ્વરતુલ્ય માનતા. પ્રાચીન ભારતીય ચિત્રોને સમજવા ભારતીય સાહિત્યના જ્ઞાનને તેઓ આવશ્યક ગણતા. અનેક ચિત્રોને તેઓ પદો દ્વારા સમજાવતા. રસિકતા એ એમનો એક ખાસ ગુણ હોઈ કાવ્યમાં કે ચિત્રમાં રસિકત્વનો તેઓ સુંદર રીતે પરિચય કરાવતા. ભાષાના તેઓ સૂક્ષ્મ અભ્યાસી હોઈ મેરઠમાં હિંદી સાહિત્ય સંમેલનમાં વ્રજભાષાના અધ્યક્ષ તરીકે એમની વરણી થએલી. વ્રજભાષામા સાહિત્ય પર કલાકો સુધી તેઓ અસ્ખલિતપણે બોલી શકતા. દુર્ભાગ્યે એમના જ્ઞાનના આ પાસાને અક્ષરદેહમાં સંગ્રહીત ન કરી શકાયો તે આપણી ઊણપ છે.

પિતા મુરલીધર સૌરાષ્ટ્રમાં પોરબંદરની વૈષ્ણવ હવેલીમાં કીર્તનકાર અને એક ઉચ્ચ કોટિના સંગીતકાર હોઈ બચપણથી જ સંગીતની સાથે પુષ્ટિમાર્ગીય સૂક્ષ્મ ભાવનાઓનું એમનામાં સિંચન થએલું. ઠાકોરજીની સેવા કે લાલજીના લાલનપાલનમાં એમણે જીવનની આત્મીયતા સેવી હતી. બધી કળાઓનો સમન્વય એમણે આ દેવસેવામાં સાધ્યો હતો. વૈષ્ણવ પરંપરાનુસાર ઋતુઋતુના ને સંધિકાળના દેવશણગારમાં તેઓ રંગોની રમણીયતા સર્જતા. પુષ્પો, વસ્ત્રો, આભૂષણો, વાતાવરણ એ બધું એમને મન ચિત્રવત્ હતું ને એમાં એ લીન થઈ જતા. દેવપૂજાના સમયે પદો ગાતાંગાતાં તેઓ કોઈ રસસમાધિ માણતા. વૈષ્ણવ સંપ્રદાયનાં ગણ્યમાન ધામો અને મંદિરોમાં સંપ્રદાયના એક સ્તંભ તરીકે એમનું ઘણું માન હતું. સેવાનાં વિવિધ પદોનું એમણે કરેલું સંપાદન એ આ સંપ્રદાયને એમની મોટી દેણગી છે. સંગીતના પણ એ રસિયા. હવેલી સંગીતના ઉચ્ચ કોટિના જ્ઞાતા, ધ્રુપદધમારના અચ્છા ગાયક. ગવૈયા કે બજવૈયાનાં સૂક્ષ્મ કલાકૌશલના પરખંદા. અને એટલે અનેક નામી સંગીતકારોમાં એ નિકટથી પરિચિત હતા.

પિતાના એકમાત્ર પુત્ર, માતા વિહોણા, અને અનહદ લાડપ્યારમાં ઉછેર, છતાં એમનામાં આવી સ્થિતિમાં સ્વાભાવિક આછકલાઈને બદલે કોઈ ઋજુ વિનમ્રતાનું સૌજન્ય ખીલ્યું હતું. પોરબંદરમાં જ જાણીતા ચિત્રશિક્ષક માલદેવ રાણા પાસે એમણે ચિત્રકલાની પ્રાથમિક તાલીમ લીધી. મુંબાઈમાં કલાભ્યાસ આરંભ્યો તે પહેલાં તો લગ્ન પણ થઈ ગએલાં અને એક પુત્રના પિતા બનેલા. પિતાના આશીર્વાદ, પત્ની ભગવતીદેવીના કુશળ ગૃહસંચાલન અને મુંબાઈના મોટા મંદિરના આશ્રયે કલાભ્યાસ આગળ ધપાવ્યો. અંગ્રેજી અનભિજ્ઞતા અને કલાશાળામાં ભારતીયતા પ્રતિના ઉપેક્ષાભર્યા વાતાવરણ વચ્ચે એમણે પોતાની કલાપ્રતિભાથી આચાર્ય ગ્લૅડસ્ટન સૉલોમનની પ્રીતિ સંપાદિત કરેલી. એમની શક્તિ પિછાની સૉલોમને ત્યાં ભારતીય કલાનો નવો વર્ગ આરંભી એનું સંચાલન એમને સોંપેલું. વર્ષો સુધી ત્યાં નિતાંત ભારતીય કલાની સેવા સાથે આજના અનેક નામી કલાકારોનું ઘડતર કર્યું. પોતાની વેધક દૃષ્ટિ, મૃદુ ભાષા, વિદ્યાર્થીઓ પ્રત્યેની વત્સલતાભરી આત્મીયતા અને સંસ્કારપૂર્ણ કલાની લગનીથી એમનો એકાદ વારનો સંપર્ક પણ ચિરસ્મરણીય બની રહેતો.

એમનાં ચિત્રો ભારતના, વિદેશના અને અનેક કલારસિકોના નિજીસંગ્રહમાં સ્થાન પામ્યાં છે. નવી દિલ્હીમાં વાઈસરીગલ લૉજમાં, પાર્લમેન્ટ હાઉસમાં ને રાષ્ટ્રીય કલાસંગ્રહમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. પશ્ચિમી કલાશૈલીની બોલબાલાના સમયમાં પણ પોતાની ભારતીય ચિત્રશૈલી બદલ એમણે અનેક ઉચ્ચ પારિતોષિકો પણ મેળવ્યાં છે. ભારતીય કલામાં પ્રયોજાતાં પશુપક્ષીઓ, વૃક્ષો, વાદળો, જલાશયો વગેરેનાં અનેકવિધ સુંદર રેખાંકનોનો અભ્યસનીય અને અતિ સમૃદ્ધ સંગ્રહ એમણે અપાર સંશોધનો અને ઊંડી અભ્યાસદૃષ્ટિથી તૈયાર કરેલો. જીવનભરની એમની કલાસાધનાના નિચોડ જેવા એ સંગ્રહમાંથી અંશતઃ વાનગી 'રેખાંજલિ' રૂપે અને હમણાં થોડા સમય પર એમનાં ચિત્રોનો એક સંપુટ 'ચિત્રમંજૂષા' નામે પ્રકટ થએલો છે. ગુજરાતી તેમજ હિંદી ભાષામાં એમણે કલાવિષયક અનેક મનનીય લેખો પણ લખ્યા છે. ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ એમની કળાસેવાનું બહુમાન પણ કરેલું.

પણ આ બધી શક્તિ ઉપરાંત તેઓ માનવતાના પૂજારી હતા. કોઈને પણ દુઃખી જોઈ તેઓ દ્રવી જતા અને સહાનુભૂતિથી સહાય કરતા. અનેક અસહાય વિદ્યાર્થીને એમણે પોતાને ઘેર રાખીને વિદ્યાની સાથે તેનામાં ઉદાત્ત સંસ્કારોનું સિંચન કર્યું છે. જીવનના અનેક સંઘર્ષો વચ્ચે યે પ્રસિદ્ધિના મોહથી તદ્દન અલિપ્ત રહીને સર્જનાત્મક ક્રિયાવૃત્તિને વિકસાવવાના આગ્રહી એમની નિષ્કામ કલાઉપાસના ને સ્વાવલંબનના પાઠ આજના યુગમાં સાધનસહાય ને ઓથ વગરના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી બની રહે તેમ છે. **વાસુદેવ સ્માર્ત**

વિશિષ્ટ કલાત્મક ડાયરી



કાગળની જાત, રંગ, રચના અને વિવિધ વિષયની રજૂઆત વગેરેમાં રોજિંદા વપરાશની સ્ટેશનરી, ડાયરી, નિમંત્રણો, અભિનંદનપત્રો વગેરે જેવાં સર્જનોમાં વ્યાવસાયિક સૂઝ સાથે પૂર્ણતઃ ભારતીય સ્પર્શવાળી અનોખી કલાદષ્ટિ દાખવવામાં મુંબાઈની 'ચીમનલાલ પેપર કંપની'એ પાછલાં કેટલાંક વર્ષોથી આગવી જ દેણગી કરી છે. આમાં આ વર્ષે ૧૯૭૪ માટે કેન્દ્ર સરકારના 'ટૂરિઝમ ડેવલપમેન્ટ કૉર્પોરેશન'ને સારુ બનાવેલી ડાયરી પણ એક વિશિષ્ટ પ્રદાન છે. એનો કેન્દ્રવર્તી વિચાર છે ભારતીય રમતો. રોજિંદી નોંધ માટેનાં પાનાંઓની વચ્ચેવચ્ચે ભારતીય ગંજીફો, પતંગ, ચોપાટ, ઈકીદુકી, દોરી ચક્કર ('યોયો'), વાઘબકરી, ભમરડો, ચોગાન ('પોલો'), પચેટા, પાપપુણ્યની સાપ-સીડી ને પૈસા-ખાનાં વગેરે જેવી વિવિધ રમતોની તેમ અનોખી રજૂઆત છે. કાપડ ચોડેલા પૂઠા પર શતરંજનો પટ આપ્યો છે તો પ્રાચીન ભારતીય ગંજીફાનાં લગભગ મૂળ કદનાં જ બાર ચિત્રો છાપ્યાં છે. પતંગની રજૂઆતમાં તો વાંસના ઢઢ્ઢાકમાન સાથે ટચૂકડો સુંદર પતંગ જ ચોડયો છે અને બુકમાર્ક તરીકે પાનાંની નિશાની રાખવા જાડા કાગળમાં કોરેલી ફીરકી લટકાવી છે! એકબીજા સાથે જોડાતાં ધડમસ્તકનાં જુદાંજુદાં દેવતાનાં ચિત્રો માટે તો ડાયરીનાં પાનાંથી યે મોટા કાગળ પર આ રમત રમી શકાય તેવડાં રંગીન ચિત્રો મૂકયાં છે, તો ચોપાટની રમતના ઐતિહાસિક ચિત્ર સાથે રમી શકાય તેવડી કાગળની વાળેલી મોટી ચોપાટ જ લગાડેલી છે. ઈકીદુકીનાં ખાનાંના આલેખન સાથે એ રમતની સમજ છે તો ફેરકુદરડીમાં એ રમતાં રાધાકૃષ્ણનું પૂર્ણરંગી ચિત્ર. દોરી ચક્કર એ મહારાષ્ટ્ર તરફનું જૂનું મનોરંજન ગણાતું હોઈ એને અનુરૂપ ચિત્ર છે તો વાઘબકરી માટે રમતનો પટ. ભમરડાનું ચિત્ર અને જાદુઈ ચિત્ર માટે કાચને સ્થાને પારદર્શક પ્લાસ્ટિક ચોડી તેની આગળ-પાછળ વાળીને બદલતા જવાનાં આઠ ચિત્રોના કાગળ લગાડયા છે. ચોગાનમાં એનું પ્રાચીન ચિત્ર અને પચેટીમાં એકબીજા સાથે જોડીને પૂર્ણભાત બનાવવાનાં ચોકઠાં. પાપપુણ્યની સાપ-સીડીનો તો આખો પટ જ આપ્યો છે અને છેવટ પૈસા-ખાનાની (નિર્દોષ જુગારની) રમતના પટ સાથે તે રમવાની સમજ આપી છે.

નોંધના પાનાથી માંડી આ બધી રમતોની રચના-રજૂઆતમાં નર્યા ભારતીય સ્પર્શની જાળવણી સાથે જે તે રમતને અનુરૂપ વિવિધતાવાળા કાગળ અને છપાઈ સાથે સુંદર રંગસંયોજનવાળી આ ડાયરી માત્ર એક નોંધપોથી ન બનતાં જેમના માટે એ બની છે તે ભારત આવતા વિદેશી સહેલાણીઓ માટે અહીંનું એક સુંદર સંભારણું બની રહે તેવી બની છે.

ડાયરી પર તેની કિંમત છાપી નથી તથા ભારતીય રસિકો માટે એ સુલભ છે કે નહિ, તેની સ્પષ્ટતા તેના પર નથી. પણ જો એ શકય બન્યું હોત તો આ ડાયરી ઘણો જ આવકાર પામત એ નિશ્ચિત છે. જેમનાથી શકય બને તેમણે એ નિશ્ચે હાથ કરી લેવા જેવી મૂલ્યવાન વસ્તુ છે.

અથાણું

પ્રમુખ વૂડ્રો વિલ્સન પ્રિસ્ટન યુનિવર્સિટીના કુલપતિ હતા ત્યારે એક માતાએ પોતાના પુત્રને ત્યાં દાખલ કરાવતી વેળા કહ્યું: 'મારા પુત્રને ઉત્તમમાં ઉત્તમ કેળવણી આપવી છે કે જેથી તે જિંદગીમાં સફળ અને ચારિત્ર્યશીલ બને. બોલો, તમારાથી એ બની શકશે?'

વિલ્સને જવાબ આપ્યો: 'બાનુ, કબૂલ છે. આપને સંતોષ ન થાય તો છોકરો પાછો!'

અતૃપ્ત તલપ

· અનુષ્ટુપ ·

પોષની પાછલી રાતે, ગાભા-ગોદડ ઓઢીને
બેઠેલો દીન ને હીન બીડી-બંધાણી કો' વદે:
'બીડિયું જગવી બેઠા દેવો ચોપાટ આભની,
કો'ક તો, બાપલા, ફેંકો ઠૂંઠું એકાદ આ ભણી.'

ન. પ્ર. બુચ

∞

બે ફ્રેંચ લેખકો કોઈ એક ચર્ચામાં ઊતરી પડયા. અંતે એ પ્રશ્ન પર બંનેએ દ્વંદ્વ ખેલવાને એકબીજાને આહવાન આપ્યું. એ માટે સ્થળ અને સમય પણ નક્કી કરી લીધાં. પણ દ્વંદ્વને દિવસે સવારે પોલીસને એક અજાણ્યા આદમીનો ફોન મળ્યો ને પેલા દ્વંદ્વના સ્થળ અને સમયની જાણ કરી એ અટકાવવા જણાવ્યું.

'હા હા, મને ખબર છે;' પોલીસે કહ્યું: 'અમારા માણસો એ માટે રવાના પણ થઈ ગયા છે. તમારા હરીફે એ માટે કયારનો ફોન કરી દીધેલો.'

એક માછીમાર છ ફૂટ લાંબી માછલી પકડી પાછો ફરી રહ્યો હતો. માર્ગમાં એક બીજો માછીમાર મળ્યો જેના ખભા પર નાની છએક માછલીઓ લટકતી હતી.

'રામરામ!' કહી પહેલો માછીમાર પોતે પકડેલી મોટી માછલીના ગર્વથી પેલાની સામે આનંદથી જોઈ રહ્યો. એને આશા હતી કે એ પોતે પકડેલી જંગી માછલી અંગે કંઈ કહેશે.

પેલો એની માછલી સામે ટગર ટગર જોઈ રહ્યો ને અંતે બોલ્યો: 'બસ, એક જ પકડાઈ?'

∞

દીપચંદ દાદા છેલ્લા શ્વાસ લેતા હતા. કુટુંબમંડળ એમને ઘેરાઈને બેઠું હતું. એવામાં મહા પ્રયત્ને દાદા બોલ્યા: 'બેટા કપુર, કયાં છો?' કપૂરે ડૂસકું રોકીને કહ્યું: 'અહીં જ છું—બાપા.'

'ને દીકરો કેશવ?' શ્રાવણ ભાદરવો વરસાવતી આંખે કેશવે પાસે આવીને કહ્યું: 'હું પણ અહીં જ છું, બાપુજી.'

આટલું પૂછતાં તો દાદા હાંફી રહ્યા. સૌને લાગ્યું કે હવે અંતઘડી છે. ત્યાં દાદાએ પૂછયું: 'ને કેવળ કયાં છે?' કેવળે ડૂપામાંથી માંડ અવાજ કાઢતાં કહ્યું: 'આ રહ્યો દાદા.'

એ સાંભળતાં જ દાદા છળી ઊઠયા: 'કમબખતો! તમે બધા જ અહીં ગુડાણા છો, તો ત્યાં દુકાન કોણ, મારો બાપ સંભાળે છે?'

હરિ ૐ આશ્રમ તરફથી દર મહિને અપાતું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
ડિસેમ્બર અંકમાંના ચરિત્ર 'લીઓનાર્દો દ વિંચી'ના લેખક
શ્રી વિપિન શાહને અને
જાન્યુઆરી અંકમાંના ચરિત્ર 'અતિમનસનાં યોગયાત્રી'ના લેખક
શ્રી 'ઉપમન્યુ'ને મળે છે.

શતરંજના વિશ્વવિજેતાઓ: ટીગ્રન પૅટ્રોશ્યન

ટીગ્રન પૅટ્રોશ્યનને ઈ. ૧૯૬૩માં બૉટવીનિકને આહ્વાન આપવાની તક મળી. ૧૨½-૯½ પૉઈન્ટથી તે મૅચ જીતીને પૅટ્રોશ્યન વિશ્વવિજેતા બન્યા. આ દરમિયાન વળતી મૅચની પ્રથા રદ થઈ ગઈ હતી તેથી બૉટવીનિકને આ વખતે એક વર્ષમાં વળતી મૅચ આપીને ફરી વિશ્વવિજેતા બનવાની તક મળી શકી નહિ.

પૅટ્રોશ્યનને પહેલી મૅચ ૧૯૬૬માં સ્પાસ્કી સામે રમવાનું આવ્યું. તે મૅચ જીતી તેમણે વિશ્વવિજેતા પદ જાળવી રાખ્યું, પણ ૧૯૬૯માં તેઓ સ્પાસ્કી સામે જ હાર્યા. આમ તેઓ છ વર્ષ (૧૯૬૩ થી ૬૯) સુધી વિશ્વવિજેતા રહ્યા.

તેમની શૈલી રક્ષણાત્મક છે. આક્રમણ કરવાને બદલે ધીરેધીરે પોતાની સ્થિતિ સબળ બનાવવા તરફ તેમનું લક્ષ વધારે રહે છે. આને લઈને તેઓની ઘણી રમત ડ્રૉ જાય છે; પણ તેમને હરાવવા એ બહુ મુશ્કેલ છે.

બૉટવીનિક સામેની મૅચમાંની પાંચમી રમત આપણે અહીં જોઈશું: એમાં સફેદ મહોરાં પૅટ્રોશ્યનનાં અને કાળાં બૉટવીનિકનાં છે.

1 P-QB4, P-KN3; 2 P-Q4, N-KB3; 3 N-QB3, P-Q4; 4 N-B3, B-N2; 5 P-K3, O-O; 6 B-K2. (અહીં આક્રમક ચાલ 6 Q-N3 પણ રમાય છે. પરંતુ પૅટ્રોશ્યને પોતાની શૈલીને અનુકૂળ આ ધીમી ચાલ પસંદ કરી.)

6..., P×P; (અહીં 6..., P-B3 અથવા 6..., P-K3 વધુ સારી ચાલ હતી. આ ચાલથી કાળાનો વચ્ચેના ખાનાનો કાબૂ છૂટી જાય છે.)

7 B×P, P-B4; 8 P-Q5, P-K3; 9 P×P. (પ્યાદાને બચાવવા 9 P-K4 કરતાં આ સારી ચાલ છે. દા. ત. 9 P-K4, P×P; 10 P×P, R-K1ch.; 11 B-K3, N-N5; પછી કાળાની સ્થિતિ સુધરે છે.)

9..., Q×Qch; 10 K×Q, B×P; 11 B×B, P×B; 12 K-K2, N-B3; 13 R-Q1, QR-Q1; (અહીં 13..., K-B2 અને પછી K-K2થી રાજાને વચ્ચે લાવવામાં વધુ લાભ છે.)

14 R×R, R×R; 15 N-KN5, R-K1; 16 N/5-K4, N×N; 17 N×N; P-N3; 18 R-N1, N-N5; 19 B-Q2, N-Q4; (અહીં કાળો પ્યાદું જીતવા જાય તો 19..., N×P; 20 R-QR1, N-N5; 21 B×N, P×B; 22 R×P, B×P; 23 R-QN7થી સફેદ સહેલાઈથી જીતી શકે.)

20 P-QR4, R-QB1; 21 P-QN3, B-B1 (સફેદને 22 N-Q6 રમતો અટકાવવા ઉપરાંત, 22..., P-B5ની ધમકી આપે છે.)

22 R-QB1, B-K2, આ ચાલ ભૂલ ભરેલી છે. સફેદ તેનો તુરત લાભ લે છે. અહીં 22..., R-N1 રમીને પ્યાદાને અણુશેઠમાંથી બહાર લાવવાની જરૂર હતી.)


23 P-QN4, P-B5 (અહીં કાળાએ 23..., K-B2, રમવું જોઈતું હતું. તેમ છતાં રમત સફેદની તરફેણમાં જ રહેત. દા. ત. 24 P×P, B×P; 25 N×B, R×N; 26 R×R, P×R; 27 K-Q3 વગેરે અહીં ચલાએલી ચાલથી QBP જુદું પડી જાય છે.)

24 P-N5, K-B2; 25 B-B3, B-R6; 26 R-B2, N×B; 27 R×N, B-N5; 28 R-B2, K-K2; 29 N-Q2. આ ચાલથી પ્યાદા પર હુમલો થતાં તેને આગળ વધવા ફરજ પડે છે. તે સફેદ રાજાથી નજીક ને કાળા રાજાથી દૂર પડે છે અને તેથી તેને મારવું વધુ સરળ બને છે.

29..., P-B6; (અહીં 29..., B×N; 30 K×B, K-Q3; 31 K-B3, K-B4; 32 R-Q2 ને 33 R-Q+ પછી પ્યાદું પડે છે. 33 R-Q4ને રોકવા કાળો 32..., P-K4? રમે તો 33 P-K4 ને 34 R-Q5 મહાત થાય)

30 N-K4, B-R4; 31 K-Q3, R-Q1ch.; 32 K-B4, R-Q8.

બૉટવીનિક



પૅટ્રોશ્યન

29 N-Q2 પછીની સ્થિતિ

(32..., R-Q7, પછી 33 K-N3 ચાલ બાદ સફેદને QBP મળે છે, પણ 33 N×R? P×N; પછી કાળો જીતે.)

33 N×P, R-KR8; 34 N-K4, (34 P-R3થી સફેદ પ્યાદું બચાવી શકાત, પણ તેનો વ્યૂહ જુદો છે.)

34..., R×P; 35 K-Q4, K-Q2; 36 P-N3, B-N5; 37 K-K5, R-R4ch.; 38 K-B6, B-K2ch.; 39 K-N7, P-K4; 40 R-B6, R-R8; 41 K-B7! (ઘણી જ સુંદર ચાલ.) 41..., R-R8; 42 R-K6, B-Q1; 43 R-Q6ch., K-B1; 44 K-K8, B-B2; 45 R-QB6, R-Q8, (અહીં કાળો 45..., R×Pથી પ્યાદું જીતવા જાય તો સફેદ 46 N-B3, અને 47 N-Q5થી કાળાનો ઊંટ જીતે.)

46 N-N5, R-Q1ch.; 47 K-B7, R-Q2ch.; 48 K-N8.

હવે સફેદ કાળાના રાજા તરફનાં ત્રણેય પ્યાદાં ધીરેધીરે જીતશે માટે 48..., Resigns.

આ રમતમાં પૅટ્રોશ્યને રાજાનો જે સુંદર ઉપયોગ કર્યો છે તે શીખવા જેવું છે.

સુરેશ મોદી

◖ ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું અધિવેશન વલ્લભવિદ્યાનગર ખાતે મળી ગયું. તે સમયે સમિતિએ મકાનફંડ માટે રૂપિયા દસ લાખ એકઠા કરવાનો સંકલ્પ કર્યો છે. તે માટે માતબર મકાનફંડ એકઠું કરવા ગુજરાત અને ગુજરાત બહારના સર્વ સાહિત્યકારો અને ગુજરાતની પ્રજાનો સહકાર માગવામાં આવ્યો છે. લખો: મંત્રી ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o હ. કા. કૉલેજ, આશ્રમ રોડ અમદાવાદ.

◖ જામકંડોરણા હાઈસ્કૂલે એકસઠ વર્ષ પૂર્ણ કરેલાં છે. તે પ્રસંગે એક મૅગેઝીન તા. ૨૨-૬-૭૪ સુધીમાં પ્રકટ કરવા વિચારેલું છે. તે અંકને સમૃદ્ધ કરવા માટે સંસ્થાને લગતી માહિતી ઇતિહાસ-પ્રેરક પ્રસંગ અને શુભેચ્છક બનીને રૂ. ૧૧-૦૦ મોકલી આપવા વિનંતી છે. હિસાબો અંકની સાથોસાથ જ પ્રગટ થશે. મદદ કે માહિતી તા. ૩-૩-૭૪ સુધીમાં આચાર્ય, જામકંડોરણા હાઈસ્કૂલ, જામકંડોરણાને મોકલી આપવા વિનંતી છે.

હરિ: ૐ આશ્રમ પ્રેરિત આનંદશંકર બાપુભાઈ ધ્રુવ સ્મારક સર્વધર્મ દર્શન પ્રકાશન ટ્રસ્ટ

હરિ: ૐ આશ્રમે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરને રૂપિયા બે લાખની માતબર રકમ ભેટ આપેલી જેનું ટ્રસ્ટ બનાવવામાં આવ્યું છે. એ રકમના વ્યાજમાંથી, જુદા જુદા ધર્મો અને દર્શનો વિશેના ગ્રંથો ગુજરાતી ભાષામાં પ્રકાશિત કરવામાં આવશે. પુસ્તકો તૈયાર કરવાની કારવાઈ સરદાર પટેલ યુનિવર્સિટી હસ્તકના ઉપર્યુક્ત ટ્રસ્ટે હાથ ધરી છે. આ અનોખી યોજના માટેનું દાન સરદાર પટેલ યુનિવર્સિટીને આપવા માટે હરિ: ૐ આશ્રમ તથા પૂ. મોટાને અભિનંદનો ઘટે છે. વિગતો માટે સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રકાશન વિભાગનો સંપર્ક સાધવાની વિનતી છે.









કલાનાં ચાહકો (૧) માદામ મારી તુસૉ (Marie Tussaud)

(૧) લંડનની એક ઊભરાતી શેરીમાં, પોતે બનાવેલાં દુનિયાભરની ખ્યાતનામ વ્યક્તિઓનાં મીણનાં પૂતળાં જોવા આવતા લોકપ્રવાહને ઘરની બારીમાંથી જોતી બેઠેલી નાની કાઠીની ૯૦ વર્ષની એક વૃદ્ધા ભૂતકાળની કડવીમીઠી યાદને વાગોળી રહી છે. (૨) પારી(સ)માં પોતાના કાકા પાસેથી આ કળા શીખ્યા પછી ૧૭ વર્ષની વયે એણે ફ્રેન્ચ લેખક વૉલ્તેર અને અમેરિકન રાજનીતિજ્ઞ બેન્જામિન ફ્રૅંક્લિન જેવાનાં મીણનાં પૂતળાં બનાવેલાં. (૩) એ મૂળ મારી ગ્રૉશોલ્ત્ઝ, એક સ્વિસ સૈનિકની પુત્રી. ઈ. ૧૭૬૧માં એનો જન્મ. પારી(સ)માં રાજા લૂઈ ૧૪મા અને તેની રાણી મારી આંત્વાનેતની ઓળખનો એ લાભ પામેલી. પોતાની જ વયની રાજાની બહેન ઇલિઝાબેથની એ સહિયર અને કલાશિક્ષિકા બનેલી. (૪) એ ભૂતકાલીન વૈભવની સ્મૃતિ સાથે એને ફ્રાંસના વિપ્લવની કડવી યાદ પણ આવી ગઈ, જ્યારે એને રાજકુટુંબીઓ ને શ્રીમંતોનાં કપાએલાં મસ્તક પરથી એને એમનાં મહોરાં (ડેથ માસ્ક) બનાવવાં પડેલાં.









(૫) આની સાથે એને કેદખાનામાં પુરાઈને પોતાનાં નિકટનાં પરિચિત રાજારાણી ને પ્રિય સખી ઇલિઝાબેથના કપાએલા મસ્તક પરથી પણ મીણનાં મહોરાં બનાવવાની કપરી ફરજ પડેલી એ પણ યાદ આવ્યું. જો એ નકાર્યું હોત તો કદાચ એને પોતાને પણ ગીલૉટિન પર વધેરાવાનો વારો આવ્યો હોત. (૬) ઈ. ૧૮૯૨માં ફ્રાંસ છોડી એને ઇંગ્લૅંડ આવવું પડ્યું. ત્યાર સુધીમાં તો એણે મીણનાં પૂતળાં બનાવવાનો પોતાનો વ્યવસાય વિકસાવી દીધો હતો. હવે એ પરિણીતા હોઈ પોતાના બેમાંથી ચાર વર્ષના પુત્ર જૉસેફ અને પોતે બનાવેલાં મીણનાં પૂતળાં ભરેલી પેટીઓ એની સાથે હતી. (૭) નવા જ જીવનનો એ પ્રારંભ હતો. અનેક કડવા-મીઠા અનુભવો પછી વર્ષો બાદ એ લંડનમાં પોતાની કૃતિઓનું સ્થાયી સંગ્રહસ્થાન સ્થાપવા શક્તિમાન બની હતી. ઈ. ૧૮૦૩માં એ દરિયા માર્ગે સ્કૉટલૅન્ડ જવા નીકળી. (૮) પુત્ર-અને પોતાની સરજેલી કૃતિઓ સાથેની લંડન અને લીથ વચ્ચેની એક પખવાડિયા જેટલી લાંબી એ સફરમાં સતત ફૂંકાતા વાવાઝોડા વચ્ચે હાલકડોલક થતા જહાજમાં કોઈ પણ પળે દરિયામાં ફંગોળાઈ જવાના ભયથી એ ફફડતી રહી.









(૯) સ્કૉટલૅંડમાં ઊતર્યાં બાદ જોયું તો વહાણમાં ફંગોળાતી રહેલી પેટીઓમાં એનાં પૂતળાં તદ્દન બેહાલ બની ગએલાં. છતાં નિરુત્સાહી ન થતાં રાતદિવસ મહેનત કરી એણે એ બધાં નવાં કર્યાં. (૧૦) પાંચમે દિવસે તો ઍડિનબરઅમાં માદામ તુસૉનાં પૂતળાંઓનું પ્રદર્શન ખુલ્લું મુકાયું અને ૪૨ વર્ષની એ કૃતનિશ્ચય માદામ પ્રદર્શન ખંડના બારણે પ્રેક્ષકો પાસેથી દાખલ ફી ઉઘરાવતી બેઠી હતી. (૧૧) આ રીતે સારી કમાણી કરી થોડા માસ પછી એ ગ્લાસગો ગઈ અને

ઇ. ૧૮૦૪ના આરંભમાં દરિયો ઓળંગી આયર્લૅન્ડ જવા ઊપડી. ફ્રાંસ ને બ્રિટન વચ્ચેની યુદ્ધ-સ્થિતિને કારણે નૌકાદળના જહાજોના કાફલા સાથે એણે ક્લાઈડ નદી પસાર કરી. (૧૨) સફરમાં ફ્રાંસનો કાફલો તો ન ભેટયો પણ ભારે તોફાનમાં બધાં જહાજો છૂટાં પડી ગયાં અને પોતાનાં મીણનાં શિલ્પો જેમાં હતાં એ જહાજને એણે પોતાની નજર સામે જ ડૂબી જતું જોયું! પુત્ર જૉસેફ સાથે જ્યારે એ કૉર્કના બારામાં ઊતરી ત્યારે પાસે પૈસો યે રહ્યો ન હતો.









(૧૩) પણ ના હિંમત ન થતાં જેમતેમ કરી (કદાચ ફ્રાંસનાં હિજરતીઓની મદદથી એણે થોડા પૈસા એકઠા કરી), ફરી નવાં પૂતળાં બનાવવા માંડયા અને ત્રણ માસ પછી રાજધાની ડબ્લિનમાં સફળ રીતે નવું પ્રદર્શન ભર્યું. (૧૪) ત્યાંથી ઇંગ્લૅંડ પાછા આવી એણે વણઝારા રૂપે ગામેગામ ફરી પોતાની કૃતિઓ બતાવવા માંડી. ત્યારના કાચા માર્ગો પર મોખરાની ગાડીમાં મા-દીકરો બેસતાં, જ્યારે પાછળનાં વાહનોમાં એણે બનાવેલા મીણના રાજા જ્યૉર્જ ત્રીજા, ઍડમિરલ નેલ્સન ને જ્યૉર્જ વૉશિંગ્ટન એકબીજા સાથે અથડાતા કૂટાતા આવતા! (૧૫) પછી તો

ઉત્તરોત્તર એનો સંગ્રહ વધીને એમાં માત્ર સુખ્યાત વ્યક્તિઓનાં જ નહિ, પણ તત્કાલીન નામીચા ગુંડાઓનાં પણ ઉમેરાયાં: દા. ત. નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટના પૂતળા સાથે જેને પોતે જેલમાં જઇને મળેલી તે બર્ક અને હેર જેવાનાં પૂતળાં પણ તેમાં હતાં. (૧૬) સિત્તેરની વયે પણ એ જોમ ને કલ્પનાઓથી ઊભરાતી. ત્રીસથી યે વધુ વર્ષો સુધી બ્રિટનના માર્ગો પર પ્રદર્શનયાત્રાઓ કર્યા પછી એણે લંડનમાં એક સ્થાયી પ્રદર્શન સ્થાપ્યું. 'માદામ તુસાૅ' નામે વિખ્યાત એ સંગ્રહસ્થાન જોવા આજે યે દુનિયાભરમાંથી લોકો ઊમટે છે. ઈ. ૧૮૫૦માં એનું અવસાન થયું.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ગોવિંદ–ગોવન–ગોવો–ગોવલો

મહાભારતમાં ગીતામાં તો માત્ર બે જ વાર, પરંતુ બીજાં પર્વોમાં એકથી વધુ વાર વપરાએલો સંસ્કૃત શબ્દ 'ગોવિંદ' તળપદી ગુજરાતીમાં 'હર ગોવન'માંના 'ગોવન' તરીકે, 'ગોવિંદ'ના લાઘવ રૂપે 'ગોવો' તરીકે અને તુચ્છકારમાં 'ગોવલો' તરીકે જોવા મળે છે. ભાગવત પુરાણમાં ઇંદ્રમાન-ભંગના પ્રસંગમાં गवाम + इन्द्रः = गोविन्दः 'ગાયોનો સ્વામી' એ રીતે શ્રીકૃષ્ણ માટે સૂચવાયો છે. આ નિરુક્ત પ્રકારની વ્યુત્પત્તિથી સંતોષ ન પામનાર गां विन्दति = गोविन्दः–'ગાય' કે 'ઇંદ્રિય'-(કે 'ભૂમિ')ને મેળવે તે, એવી રીતે માને-મનાવે છે. પણ ઋગ્વેદનાં જરા મોડેનાં સૂક્તોમાં વિષ્ણુને गोपाः કહ્યો છે, એટલે પછીથી વિષ્ણુના 'ગોપ' કોટિના અવતાર ગણાએલા શ્રીકૃષ્ણને માટે गोपेन्द्र એ સ્વાભાવિક રીતે મળ્યો. જૈન આગમોમાં આ શબ્દના પ્રાકૃત વિકાસમાં 'ગોવિન્દ' નોંધાએલો છે. પછીથી એને કૃત્રિમ રીતે સંસ્કૃત માની લેવામાં આવ્યો, અને સૌપ્રથમ જયસંહિતામાંથી ભારતસંહિતા વિકસ્યા બાદ જ્યારે 'મહાભારત' સંહિતાનો જે ઉત્તરકાલમાં વિકાસ થયો (આ સમય જૈનાગમ ગ્રંથો—અંગ ગ્રંથોના ઉત્તરકાલનો શક્ય મનાયો છે) તે કાલમાં એ કેવળ શ્રીકૃષ્ણના એક સૂચક નામ તરીકે વિકસ્યો. આમ એ શુદ્ધ સંસ્કૃત નહિ, પણ 'ગોપેન્દ્ર'નો 'ગોવિન્દ' થઈ મળેલો પ્રાકૃત શબ્દ છે. મધ્યકાલીન ગુજરાતીમાં આનું લઘુપ્રયત્ન 'ય' શ્રુતિવાળું 'ગોવ્યંદ' લેખનમાં ખૂબ પ્રચલિત હતું કે જેણે 'હરગોવિંદ'નું 'હર ગોવન' થવાનું પગથિયું કરી આપ્યું છે. બોહટલિંગ અને રૉથે 'સંસ્કૃત વૉર્ટરબુક (સં. કોશ)માં गोपेन्द्र સાથે गोविन्द ના સંબંધનો ઈશારો કર્યો છે એ નોંધવું જોઇએ.

કે. કા. શાસ્ત્રી

નવાં પ્રકાશનો

આશ્રમ સંસ્મરણો : મહાત્મા ગાંધીજીના સાબરમતી આશ્રમનાં રોચક સ્મરણોનું વનમાળા દેસાઈ અને મંગળા દેસાઈએ કરેલું આ સંપાદન પરપ્રાંતીઓના લાભાર્થે દેવનાગરી લિપિમાં છાપ્યું છે. (પ્રકા. સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, હરિજન આશ્રમ, અમદાવાદ-૧૩; પાકું પૂઠું, પૃ. ૨૫૫, રૂ. ૩)

સૌરાષ્ટ્રમાં ગાંધીજી: આશા અને પૂ્રાત : સ્વાતંત્ર્યલડતમાં સૌરાષ્ટ્રે આપેલા ફાળામાં ગાંધીજીની જે અસર હતી તેને શ્રદ્ધેય રીતે જાણવા-માણવા શ્રી કાંતિલાલ મ. શાહનું આ સચિત્ર પુસ્તક ખૂબ જ ઉપયોગી હોઈ તેનું દસ્તાવેજી મૂલ્ય પણ ઓછું નથી. (શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન. લિ. રાજકોટ; પાકું પૂઠું, પૃ. ૩૫૦; રૂ. ૧૨-૫૦)

હરિપુરા મહાસભા : સ્વાતંત્ર્ય સંગ્રામમાં હિંદી મહાસભા (કૉંગ્રેસ)નું પ્રદાન અજોડ અને અમૂલ્ય રહ્યું છે. તેમાં યે હરિપુરાની બેઠકની ઐતિહાસિક કથા સ્વાતંત્ર્ય-સંગ્રામના કોઇ પણ ચાહકને ભાવે તેવી છે. ઈશ્વરલાલ ઈ. દેસાઈ સંપાદિત આ પુસ્તકમાં એ આધારભૂત રીતે પ્રસ્તુત થઈ હોવાથી એનું દસ્તાવેજી મૂલ્ય પણ ઘણું રહેશે. (પ્ર. સ્વાતંત્ર્ય ઇતિહાસ સમિતિ, જિલ્લા પંચાયત, સુરત; પાકું પૂઠું, પૃ. ૨૩૬, રૂ. ૧૫)

હમ્મીર પ્રબંધ : લગભગ અજ્ઞાત કવિ અમૃતકલશકૃત, મારુ-ગુર્જર ભાષામાં ૧૬મી સદીમાં લખાએલા પ્રબંધકાવ્ય 'હમ્મીરપ્રબંધ'-નું અભ્યાસીઓને ઉપયોગી અને પ્રાચીન ગુર્જર સાહિત્યરાશિમાં ઉમેરો કરતું આ કુશળ સંપાદન ભોગીલાલ સાંડેસરા ને સોમાભાઈ પારેખે કર્યું છે. (પ્રકા. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા, પાકું પૂઠું, પૃ. ૭૫ રૂ. ૪-૫૦)

ગીતાર્થ સોપાન : આજે સંસ્કૃત અને તેનો અભ્યાસ મૃતઃપ્રાય બની રહ્યો છે ત્યારે આ પુસ્તકમાં ગીતાને કેન્દ્રમાં રાખી તેમાંની સંસ્કૃત ભાષા દ્વારા સંસ્કૃત શીખવાનો સ્તુત્ય પ્રયાસ થયો છે તે 'એક પંથ અને બે કાજ' જેવું છે. સહુ સંસ્કૃતપ્રેમીઓને ગમે તેવું આ પુસ્તક તેના લેખક રા. મો. ધર્માધિકારીની નિષ્ઠા ને પરિશ્રમનું સુફલ છે. (પ્રકા. લેખક પોતે જ, ૧૯૧, કસબા પેઠ, પૂના ૧૧; કાચું પૂઠું, પૃ. ૧૬૫, રૂ. ૫)

પુષ્પસંયોજન : જપાન દેશ છે પુષ્પોનો. પુષ્પોની વિવિધ કલાત્મક સજાવટ ત્યાંની પ્રજાએ ખીલવી છે. લોકો ફૂલ સંયોજનામાં રસ લેતાં થયાં છે ત્યારે જપાનની પુષ્પસંયોજનાનું વિશદ આકલન અને સુંદર આલેખન કરતું રતિલાલ છાયાનું આ રૂપકડું પુસ્તક ઘણું ઉપયોગી બની રહેશે. (પ. ધ હૉર્ટિકલ્ચરલ સોસાએટી, પોરબંદર; કાચું પૂઠું, પૃ. ૭૪, રૂ. ૫)

૫૦ ('કુમાર' અંક ૬૦૨)

મઝધાર : જાણીતાં લેખિકા રંભાબેન ગાંધીની જૂનાં-નવાં વલણો દાખવતી ૨૧ વાર્તાઓનો સંગ્રહ (સ્વાતિ પ્રકાશન; ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પાકું, પૃ. ૨૯૬. રૂ. ૭-૫૦)

ગુજરાતના વિકાસ-પ્રશ્નો : વીજળી, ઉદ્યોગ, બંદરો, રસ્તાઓ, ખેતી, ટૅકનિકલ શિક્ષણ વગેરેને લગતા ગુજરાતના વિકાસપ્રશ્નોની ચર્ચા કરતી પુસ્તિકા. (પ્રકા. ફૉરમ ફૉર ડૅવેલપમેન્ટ ઑવ ગુજરાત, ગુજરાત વેપારી મહામંડળ, રણછોડલાલ માર્ગ, અમદાવાદ-૯; કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૧-૨૫)

પુણ્યશ્લોક અંબુભાઈ પુરાણી : ગુજરાતમાં વ્યાયામની પ્રવૃત્તિના પ્રચારક અને પુરસ્કર્તા અંબુભાઈ પુરાણીની સુરેખ જીવનકથા આલેખી છે પંડિતરાવ રાવળે. પુસ્તક તે કવિશ્રી પૂજાલાલનું શિષ્ટ બાનીમાં લખાએલું 'અંબુભાઈ પુરાણી' નામક છંદોબદ્ધ કાવ્ય પણ છે. (પ્રકા. ગુર્જરાત વ્યાયામ પ્રચારક મંડળ, રાજપીપળા, જિ. ભરૂચ; કાચું, પૂઠું, પૃ. ૧૨૫, રૂ. ૩)

સિતાર દર્પણ : ગીતબંદિશ રચના સાથે સિતારવાદનનું શિક્ષણ આપતું શાસ્ત્રીય અને શ્રદ્ધેય આ હિંદી પુસ્તક સંગીતશોખીનોને ઉપયોગી થશે. સંપાદક: ઉસ્તાદ અનવરખાઁ ભીકનખાઁ; ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય મહાવિદ્યાલય, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા; પૃ. ૩૯૬, રૂ. ૬-૬૦)

આપણા કસબીઓ : સુંદર છપાઈમાં સારા જાડા કાગળો પર પ્રત્યેક પાને અનેક દ્વિરંગી ચિત્રોથી શોભતા આ પુસ્તકમાં લોકકથા શૈલીએ ગ્રામજીવનના કસબીઓના તેર રસપ્રદ પરિચયો જોરાવરસિંહ જાદવે આલેખ્યા છે. (પ્રકા. દીપક પબ્લિશર્સ, દીપક પ્રિન્ટરી, ૨૭૭૬/૧, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ ૧; પાકું પૂઠું, પૃ. ૧૫૪, રૂ. ૧૦)

દષ્ટિવિલોપન : અંધ યુવક મુકુલ અને કુરૂપ યુવતી અર્ચના વચ્ચે પ્રગટતા પ્રથમ આકર્ષણથી શરૂ કરી, અંત સુધી પહોંચતાં માનવમનની સહજ આવેગ-વૃત્તિઓના અનુભવે સર્જાતી પ્રસંગમાલાને ચલચિત્રની ઢબે નિરૂપતી સુશીલા ઝવેરીની આ પ્રથમ પ્રકાશિત લઘુનવલ, ભાષા શૈલીની કચાશ છતાં પ્રસંગાયોજનની કુશળતાને લઇને રસમય વાચન પૂરું પાડે તેવી બની શકી છે. (પ્રેરણા પ્રકાશન, કાલબાદેવી, મુંબાઈ-૨, પાકું. પૃ. ૧૨૮, રૂ. ૪)

ધરતીનો છોડ : જાણીતા લેખક બાબુ-

ભાઈ વૈદ્યની, નિરૂપણશૈલીના નાવીન્ય વગરની કથનરીતિએ લખાએલી માનવીય ગુણોને પોષક પંદર સુવાચ્ય ટૂંકી વાર્તાઓનો સંગ્રહ. (પ્રકા. ઉપર મુજબ, પાકું, પૃ. ૨૯૨, રૂ. ૬)

'સંતશિષ્ય'ની જીવનસરિતા: માનવધર્મ પ્રબોધક અને સમાજકલ્યાણનાં અનેક કાર્યો તથા સંસ્થાઓના પ્રેરક જૈન ગુરુવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજનું પ્રેરક જીવનચરિત્ર—તૈયાર કર્યું છે પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયાએ. (પ્રકા. કવિશ્રી નાનચંદ્રજી મહારાજ સ્મારક ટ્રસ્ટ, મુંબાઈ; પાકું, પૃ. ૧૮૯, રૂ. ૫)

ગુજરાતી રંગભૂમિના ઘડવૈયા: ગુજરાતી રંગભૂમિને ઘડવામાં ફાળો આપનારા પૈકી જેમના વિષેની માહિતી ઉપલબ્ધ થઈ શકી તે સર્વ વિષે આ સંદર્ભગ્રંથ જેવા ઉપયોગી પુસ્તકમાં લેખક ચંદુલાલ એમ. શાહે સારો પરિશ્રમ લીધો છે. જે કેટલાક સાચા ઘડવૈયાઓનાં નામ જોવા મળતાં નથી તેમનો સમાવેશ પછીના ગ્રંથમાં કરવાનું યોગ્ય સૂચન આમુખકાર ધનસુખલાલ મહેતાએ કર્યું છે; છતાં થયો છે તે બધો શ્રમ નિષ્ઠાપ્રેરિત હોઈ લેખે લાગ્યો જોઈ શકાય છે. (પ્રકા. પોતે જ, વિદ્યા પબ્લિશર્સ વતી, ૨૨૦, ફીકા સ્ટ્રીટ, મુંબાઈ-૨; પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ ૨૦)

કાવ્યલોક: કવિ વિવેચક પ્રા. જયંત પાઠકે સૂરતના દૈનિક 'ગુજરાત મિત્ર'માં 'કાવ્યમધુ'ની કટારમાં દેશી-પરદેશી, પ્રાચીન અર્વાચીન કવિઓની સફળ કાવ્યરચનાઓના આસ્વાદ કરાવેલા તેનો આ સંચય જોતાં લાગે છે કે આસ્વાદકે ઘણા ઠેકાણે આસ્વાદ કરાવતાં કરાવતાં જે કાવ્યેતર વાતો જરા વધુ કરી લીધી છે, અને ભૂમિકામાં વધુ શબ્દો ખર્ચી નાખ્યા છે, તે સામાન્ય વાચકને નજર સમક્ષ રાખવાને કારણે હશે. છતાં આસ્વાદ અંશ જરૂર પ્રશસ્ય બન્યો છે. (પ્રકા. સુરેશ પુસ્તકાલય, ખપાટિયા ચકલા, સૂરત; પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૬)

ઝંખના: પ્રા. કનુભાઈ ગેરના ૧૦૦ ગીતો અને સંગીતિકાઓના આ સંગ્રહની કૃતિઓમાં લય પર કાબૂ ને સરળ ભાષ શૈલી ધ્યાન ખેંચે છે, પણ કાવ્યતત્ત્વ ઓછું લાગ્યા કરે છે (પ્રકાશક શ્રીમતી કુસુમ આર. શુક્લ, બી. એ. એડ ૧૦, આદિપુર કચ્છ; કાચું પૂઠું, પૃ. ૧૩૬ રૂ. ૩)

સુભજનાવલી: જ્ઞાન ભક્તિ-વૈરાગ્યનાં પ્રાચીન-અર્વાચીન ભજનોનો સંગ્રહ (પ્ર. ભૂપેન્દ્રભાઈ પટેલ, ૩, સાધના કૉલોની, અમ૦ ૧૪)

જામ રણજી: મહાન ક્રિકેટવીર રણજિતસિંહની રમતની લીલા અને જીવનઝરમર સમાવતી આ પુસ્તિકા સૌ ક્રિકેટરસિયાઓ આવકારશે. (લે. દશરથ ગાંધી, પ્રકા. જયંતીલાલ એલ. શાહ; પખાલીની પોળ, રાયપુર,

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



વિમલા પાટિલ

વિખ્યાત અંગ્રેજી સ્ત્રી-સામયિક 'ફેમિના'નાં તંત્રી. જન્મ: છઠ્ઠી એપ્રિલ, ઈ. ૧૯૩૪ મુંબાઈમાં. અંગ્રેજી સાહિત્ય અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષય સાથે મુંબાઈ યુનિ૦માંથી બી.એ. થઈ એમણે કાયદાનો અભ્યાસ કર્યો અને પછી લંડનના રીજન્ટ પોલિટેકનિકમાં પત્રકારત્વની તાલીમ લીધી. પંદરમી સદી પછીના હિંદુસ્તાની સંગીતનો ઈતિહાસ, એની કલામયતા અને એનાં વૈજ્ઞાનિક પાસાં તથા કાવ્યત્વનાં ઊંડાં અભ્યાસી. એ વિષે અનેક સંશોધનાત્મક લેખો લખ્યા છે. હાલમાં તેઓ હિંદુસ્તાની સંગીતની ઘરાના પ્રણાલિ અંગે વિખ્યાત કલાસામયિક 'માર્ગ' માટે ખાસ સંપાદન કરી રહ્યાં છે. અંગ્રેજી, મરાઠી, હિંદી, ગુજરાતી અને કન્નડ ભાષાનાં જ્ઞાતા છે.

૧ 'ફેમિના'નાં તંત્રી તરીકે નારીજગતનાં એક પ્રતિનિધિ હોઇ વર્તમાન નારીજીવનનો પ્રાણપ્રશ્ન અને તેનો ઉકેલ સૂચવશો?

ઉ હાલના પલટાતા સંયોગોમાં શારીરિક ને માનસિક રીતે સ્ત્રી હવે ઘરમાં જ રહે એ દિવસો નથી રહ્યા. હવે તો દરેક નારીએ પોતાનાં વ્યક્તિત્વ અને શક્તિને વિકસાવીને દેશના ભાવિમાં સુરેખ પલટો આણવા સક્રિય બનવું ઘટે છે.

૨ 'ફેમિના'ની વાર્ષિક સૌંદર્યસ્પર્ધામાં વિજયી થવા શું જોઇએ?

ઉ સૌપ્રથમ તો રૂપસભર સપ્રમાણ દેહ અને તેજસ્વી વ્યક્તિત્વ. આ સાથે માનસિક સ્વસ્થતા, આત્મશ્રદ્ધા અને બુદ્ધિમતિભાની ચમક પણ જરૂરી ખરી.

૩ 'સ્ત્રીઓ કદી કુરૂપ હોતી નથી. હા, એવી હોય છે જે પોતાને સુંદર બતાવવાની કળા જાણતી નથી.' આપનું શું કહેવું છે?

ઉ સૌંદર્યની વ્યાખ્યા દૃષ્ટિ ને માન્યતા પર અવલંબે છે. ખરું રૂપ ગૂઢ આકર્ષણ જમાવે છે જ. સ્ત્રીની શોભા લજ્જાસભર લાવણ્ય, પ્રેરક મેધા, આપ્તજનો પ્રતિ વત્સલતા, હૈયાસૂઝ ને પોતે સુખી થઈ સંસારને સુખી કરવાની એની આવડતમાં છે.

૪ રૂપસજાવટ માટે બાહ્ય પ્રસાધનો આવશ્યક ખરાં?

ઉ શીલ, લજ્જા, સંસ્કાર વગેરેથી આત્મસૌંદર્ય સધાય તો પછી પ્રસાધનોનો ઉપયોગ થાય ન થાય, બંને સરખું જ છે.

૫ જીવનપંથે કોણ ચડે—નર કે નારી?

ઉ બંને પોતપોતાના પંથે સમાન છે. કર્તવ્યપરાયણતા હોય તો ભલે ને એક યા બીજું લઘુ બને.

૬ પૂર્વ અને પશ્ચિમની નારી વચ્ચે કોઈ મુખ્ય તફાવત ખરો?

ઉ પૂર્વનું નારીજીવન ધાર્મિકતાને અને પશ્ચિમનું અર્થતંત્રને આગવું સ્થાન આપે છે.

૭ 'ફેમિના'નાં તંત્રી તરીકે આપનો ઉદ્દેશ શો?

ઉ નારીજીવનના ભાવિને સુદૃઢ કરીને સુસંસ્કારિત કરવાનો.

૮ તંત્રી તરીકે આપના ખ્યાલ કહેશો?

ઉ સૌપ્રથમ તો તંત્રીમાં અખૂટ ધીરજ જોઇએ. પ્રતિકૂળતાને નિભાવતાં આવડવું જોઇએ. વાચકોને પ્રોત્સાહક નીવડે તેવી સામગ્રી તથા સર્વમાન્ય સહાનુભૂતિ છતાં નારી જગતના અન્યાયો દૂર કરી એને પુરુષ સમોવડી બનવાની પ્રેરણા અને પ્રજ્ઞા રાખવાની મહત્ત્વાકાંક્ષા જોઈએ.

૯ આપનું પ્રિય પુસ્તક, પ્રિયપાત્ર, પ્રિય કવયિત્રી, પ્રિય ભક્તકવિ?

ઉ. પુસ્તક જવાહરલાલજીની આત્મકથા; પાત્ર કાલિદાસની શકુંતલ; કવયિત્રી સરોજિની નાયડુ; સંત કવિ જ્ઞાનેશ્વર.

૧૦ ખાસ શોખ? ઉ ભારતીય સંગીતની સાધનાનો અને શરણાઈના સૂરો સાંભળવાનો.

૧૧ ગુજરાતી ન હોવા છતાં શુદ્ધ ગુજરાતી બોલી શકો છો તેનું કારણ?

ઉ. એનું કારણ મારો સંસ્કૃત ભાષાનો પ્રેમ વર્ષો સુધી મેં તેનો અભ્યાસ કર્યો છે. ભારતની લગભગ બધી ભાષાઓ તેમાંથી જ ઊતરી આવી હોઈ અન્ય ભારતીય ભાષાઓ સરળ લાગે છે અને પ્રયત્ન કરું તો વધુ ભાષાઓ પણ શીખી શકું.

વિમલા પાટિલ

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૫૩] — કરાવનાર · જલન માતરી



મૂળશંકર 'પૂજક'

ઈ. ૧૯૭૩ના ઑગસ્ટમાં આઈ. એન. ટી. યોજિત મુશાયરામાં ભાગ લેવા હું મુંબાઈ ગયો ત્યારે ત્યાંના સુમન પ્રકાશનના સંચાલકે મારા હાથમાં એક તાજો ગઝલસંગ્રહ (નામ: 'તમારા ગયા પછી') મૂકીને કહ્યું કે આ નવોદિત ગઝલકારને નિરાંતે વાંચજો. ઉપરઉપરથી નજર ફેરવતાં જ લાગ્યું કે હાથ ઘડાએલો છે. એક શે'રમાં કહેલું કે 'મારી ઓળખ વિષે મને પૂછશો નહિ, કેમ કે મારી તમોને જો ખબર નથી તો મને પણ ખબર નથી.'

આમ પોતાને વિષે કશું ન જાણનારા એ શાયર વિષે હું જે કાંઈ જાણું છું તે જણાવી દઉં કે એ છે ભાવનગરના વતની ભાઈશ્રી મૂળશંકર હરગોવિંદ ત્રિવેદી. એમનું તખલ્લુસ છે 'પૂજક'. ભાવનગર પરામાં વેસ્ટર્ન રેલવેની કંટ્રોલ ઑફિસમાં હેડ ટી. એન. સી. તરીકે ફરજ બજાવી રહ્યા છે. જન્મ તા. ૨૪-૬-૧૯૨૯. અભ્યાસ મૅટ્રિક સુધીનો. ઈ. ૧૯૬૯ના ડિસેમ્બરથી જ ગઝલસાહિત્યમાં પ્રવેશ કર્યો હોવા છતાં આટલા ટૂંકા ગાળામાં પણ સદા જીવતી રહે એવી ગઝલોનું સર્જન કર્યું છે. ભાવનગરથી પ્રકાશિત 'સંબંધ' નામના સાઈક્લોસ્ટાઈલ સામયિકના સંપાદક છે. ગુજરાતનાં શિષ્ટ સામયિકોમાં એમની ગઝલો અવારનવાર પ્રગટ થતી રહે છે.

વધારે ને વધારે દર્દને ગઝલમાં ઘૂંટીને યુગોની પ્યાસ બુઝાવવા માગતા, તૃષાના જોર પર ઝાંઝવાં પી ગએલા આ આશાસ્પદ શાયરના શે'રોનો આનંદ લઈએ:

તસ્વીર લટકે રોજ દીવાલે નવી-નવી;
ને નિત નવી ખીલીથી પીડાતું રહે છે ઘર.

ખુશ્બૂ ભલે ન આપે, પોષણ ભર્યું છલોછલ;
પીળાશથી ચમકતું જંગલનું ઘસ છું હું.
અરમાનની ઈમારત ખંડેર થઈ, ભલે થઈ;
વીતી ગએલ પળનો થોડોક ભાસ છું હું.

જાણું ન કાંઈ હું ય ખિઝાં શું, બહાર શું?
છું બારમાસી ફૂલ, ખીલું ને ખર્યા કરું.

તમારી યાદ વાગોળ્યા કરું છું એટલે તો હું,
નથી જોયું કે જાણ્યું કૈંઅીજું સંભારવા જેવું.
કરું કેવી રીતે હિંમત જગતને રણ કહેવાની?
નથી અણસારમાં પણ કાંઈ જોયું ઝાંઝવા જેવું.

બે દિલની આસપાસ અકળ આવરણ હતું;
ઉજાગરો અહીં અને ત્યાં જાગરણ હતું.
હારી ગયાં છે અંતે મૃગો જિજીવિષાનાં;
આગળ ચરણ હતાં અને પાછળ મરણ હતું.

દર્દીને કૈં કરાર મળે કે મળે નહિ;
ચર્ચા થતી રહે છે સતત સારવારની.

હતી ખાનગી આપણી વાત સઘળી,
જમાનો હવે સાંભળે છે ગઝલમાં.

દીવાનગી વરી છે રહેનારને કશી!
નિશ-દિન પડી-પડીને રચાતું રહે છે ઘર.

કેટલી નાજુક ઘડી એ જિંદગીના દાવની!
જીત પર બાજી હતી ને હારવાનું મન હતું!
કૈંક વાતો આમ તો ભૂલી ગયો છું હું હવે;
શ્વાસશ્વાસે જે સદા સંભારવાનું મન હતું.

ભલે કહો 'ના' હજાર
તો પણ અહીં કશી ના અસર થવાની;
દીવાનગીને શું હોય બીજું?—
નકારમાં પણ હકાર, સોનલ.

ક્યાંય પણ ભીનાશનો અણસાર શોધ્યો ના જડયો,
ને તરસના જોર પર હું પી ગયો છું ઝાંઝવાં.

શમણાં જલી ગયાં અને જોતો રહી ગયો,
આગ અશ્રુથી ઠરીને કહે ક્યાં સુધી ઠરે?
રેતી ઉપર વહાણ કે પાણીમાં પથ્થરો,
આખર તરીતરીને કહો ક્યાં સુધી તરે?

સાંજ અંધારાં ભલેને પાથરી લે રાતભર,
રોજ ઊગે છે પ્રભાતે તેજના પુંજો નવા.

નિત-નવાં રૂપે તમારી મૂર્તિ કંડાર્યા કરું,
ભૂલતો જાઉં મને તમને જ સંભાર્યા કરું.
છે મઝા બસ એટલી, બાજી રમાતી જાય છે;
જીત ચાહે હો તમારી, હું સતત હાર્યા કરું.

સ્મરણોની રજ રોજ ઊડયા કરે;
ચોખ્ખું ચણક આ રજોટાય ઘર.
વાચા મળે મૌનને ના ભલે,
શેરીએ શેરીએ ચર્ચાય ઘર.
એકે નથી આભમાં વાદળી,
મોસમ નથી તોય ભીંજાય ઘર.

શણગાર ફૂલના ને સુખડનાં દહન મળ્યાં,
શબની ય સારવાર ભલા થાય ક્યાં સુધી?
ફૂલો કરે છે રોજ શિકાયત જતન તણી,
કંટક તણો જ સાથ નિભાવાય ક્યાં સુધી?

છું થોક-થોક લોકની વચ્ચે ય એકલો,
એકાંત સઘળું આંખ મહીં સંઘરી લીધું.

સદા શ્વાસ ઊંડા જ ભરતી રહી,
ઉદાસી અહંકાર કરતી રહી;
અનોખી અદાથી આ દીવાનગી
ઊજડતી રહી ને ઊછરતી રહી.

અભિગમ અનોખો છે દીવાનગીનો:
ખીલું પાનખરમાં, બહારે ખરું છું.

મંઝિલ નથી, મુકામ નથી ને સફર નથી,
જીવું છું જિંદગી ને જીવનની અસર નથી.
મારી જ ઓળખાણ મને પૂછશો નહિ;
તમને ખબર નથી, તો મને પણ ખબર નથી.

અમદાવાદ; કાચું પૂઠું, પૃ. ૧૨૭, રૂ. ૨)

ઑલીમ્પિક: એ જગખ્યાત રમતોત્સવનો આરંભથી ઈ. ૧૯૭૨ સુધીનો રસિક ઇતિહાસ હિંદીમાં આલેખતું આ પુસ્તક રમતરસિયાઓને ઉપયોગી થઈ પડશે. (લે. અજય, પ્રકા. સુબોધ પૉકેટ બુક્સ, દરિયાગંજ, દિલ્હી-૬ કાચું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૩)

અધ્યાત્મ-નવનીત: મહાન સંતોનાં આધ્યાત્મિક પ્રવચનોમાંથી સારવેલો હિંદી લઘુસંચય. (પ્રકા. હરકિશનદાસ અગ્રવાલ, તુલસીમાનસ-પ્રકાશન, ગુપ્તા મિલ્સ એસ્ટેટ, રે રોડ, મુંબાઈ-૧૦, કાચું, પૃ. ૧૧૩, રૂ. ૨)

કાવ્યવિચાર: સંસ્કૃત કાવ્યશાસ્ત્રની પ્રાથમિક ચર્ચા કરતા શ્રી સુરેન્દ્રનાથ દાસગુપ્તના મૂળ બંગાળી પુસ્તકનો ખૂબ જ ઉપયોગી અનુવાદ નગીનદાસ પારેખે પ્રથમ વાર ઈ. ૧૯૪૩માં પ્રગટ કરેલો તેની આ બીજી આવૃત્તિ છે. (પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯, પાકું પૂઠું, પૃ. ૨૮૬, રૂ. ૮)

અંગૂઠા છાપ: પ્રૌઢ શિક્ષણને ઉત્તેજન આપવા લખાએલી હેતુલક્ષી સરળ નાટિકા. (લે. જ્યોત્સ્નાબહેન શુક્લ, પ્રકા. ગુજ૦ રાજ્ય સમાજશિક્ષણસમિતિ, સૂરત, કાચું, ૫૦ પૈસા)

ઓસડ તરીકે મસાલા: આપણા રોજબ-રોજના ખોરાકમાં હળદર, મીઠું, મરચું, રાઈ હિંગ વગેરે મસાલા આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિએ કેટલા ઉપયોગી છે તે દર્શાવતી આ ઉપયોગી પુસ્તિકાના લેખક છે પશ્ચિમ અને પૂર્વના ખોરાકશાસ્ત્રના અભ્યાસી જ. ઓ. કાનુગા (પ્ર. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૫૬, ૭૦ પૈસા)

પચ્ચીસ વર્ષ પહેલાં



ફેબ્રુઆરી ૧૯૪૯ સળંગસંક ૩૦૨

જેનો આસ્વાદ ગયા અંકમાં આપ્યો હતો તે યોગેન્દ્ર પ્રિયદર્શીની 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર' ઉપરની લેખમાળામાંથી નૃત્યકળાના એક મુખ્ય વિભાગ 'અંગ-ભંગ' ઉપર ત્યારે આવેલો લેખ પણ આસ્વાદ યોગ્ય અને ઉપયોગી છે:

નૃત્યમાં થતા અંગમરોડને 'અંગ-ભંગ' કહે છે. આપણે જોઈ ગયા તે વિવિધ કરણો, સ્થાનકો વગેરે શરીર-રચનાઓ (Postures) તથા નૃત્યમાં થતાં વિવિધ ચલનો આ અંગ-ભંગ ઉપર રચાય છે. નૃત્યની સુંદરતાનો આધાર અંગ-ભંગોની સુંદરતા પર રહેલો હોવાથી નૃત્યમાં અંગ-ભંગનું ખૂબ મહત્ત્વ છે.

પગનાં ચલનો આવડવાથી જ નૃત્ય આવડી ગયાનું ઘણી વખત માની લેવામાં આવે છે; પરંતુ નૃત્ય એ સમસ્ત શરીરની કલા હોવાથી પગ સિવાયનાં બીજાં અંગો પણ તેની સાથે જ સંકળાએલાં છે. આથી તેમાં પગની સાથે બીજા અંગોનાં ચલનોની અપેક્ષા પણ રહે જ છે.

અન્ય કળાઓની જેમ નૃત્ય પણ સૌંદર્યનો આવિષ્કાર હોવાથી લાવણ્ય એ તેનું મુખ્ય અંગ છે. નૃત્યનાં ચલનોમાંથી જ્યારે રૂપ કે લાવણ્ય ઝરે છે ત્યારે જ તે રસાસ્વાદ કરાવી શકે છે; અને કળાની કિંમત રસાસ્વાદ કરાવી શકવાની તેની શક્તિ ઉપરથી જ અંકાતી હોવાથી રસાસ્વાદમાં જ તેની ખરી સિદ્ધિ સમાએલી છે. આ સિદ્ધિનો આધાર અંગ-ભંગ પર રહેલો છે; કેમ કે જેમાંથી એ સિદ્ધિ ઉદ્ભવે છે તે રસાનુભવ તથા લાવણ્યનું ખરુ મૂળ અંગ-ભંગમાં જ રહેલું છે. આમ અંગ-ભંગથી લાવણ્ય, લાવણ્યથી રસાનુભવ, ને રસાનુભવથી સિદ્ધિ ઉદ્ભવે છે. સંસ્કૃતમાં 'સુંદરતા' માટે 'ભંગિ' શબ્દ યોજાય છે, તે આ 'ભંગ' પરથી જ યોજાયો હશે એમ લાગે છે; કારણ કે નૃત્યની જેમ શિલ્પમાં પણ મોહકતા આણવા માટે આ ભંગો યોજાય છે. આમ, રમણીયતાનો વાહક થએલો આ 'ભંગ' ધીમેધીમે સુંદરતાના પર્યાય શબ્દ તરીકે વપરાતો થયો હોય તો નવાઈ નહિ.


નાટ્યશાસ્ત્રમાં અંગ-ભંગોનો ઉલ્લેખ નથી, પણ 'માનસાર'માં તેનું અલ્પ વિવરણ છે. તેના આ પ્રમાણે ચાર પ્રકારના જણાવેલા છે: (૧) અ-ભંગ (૨) સમ-ભંગ (૩) ત્રિ ભંગ. અને (૪) અતિ-ભંગ. તેની સમજ આ પ્રમાણે છે:

અ-ભંગ-સૌષ્ઠવપૂર્ણ સરળ-સમાન-સ્વાભાવિક ભંગ. કશા મરોડ વગર સૌષ્ઠવપૂર્ણ રીતે સીધા ઊભા રહેવું તેને અ-ભંગ કહે છે. પ્રાચીન શિલ્પમાં વિષ્ણુની મૂર્તિઓમાં આ ભંગ યોજાએલો જોવામાં આવે છે. (જુઓ ચિત્ર) કેટલાક સહજ-ભંગને અ ભંગ ગણે છે.

સમ-ભંગ-સૌંદર્યપૂર્ણ સપ્રમાણ સહજ-ભંગ: સર્વ અંગના સપ્રમાણ તથા વધુ કે ઓછા નહિ તેવા સમાન ભંગને સમ-ભંગ કહે છે.

ત્રિ-ભંગ-મુખ, શરીર તથા પગ, એ ત્રણે અંગોના ત્રણ મરોડવાળા ભંગને ત્રિ-ભંગ કહે છે. તે સ્ત્રી-સહજ હોવાથી ઘણીખરી પ્રાચીન સ્ત્રી-શિલ્પાકૃતિઓ ત્રિ-ભંગમાં જ જોવા મળે છે.

અતિ-ભંગ-આત્યંતિક, ઓજસ્વાધિક ઉગ્રભંગ: અતિશયતાવાળા ભંગને અતિ-ભંગ કહે છે. તે તાંડવમાં યોજાતો હોઈ નટરાજ-



પ્રાચીન શિલ્પમૂર્તિઓમાં 'અંગ-ભંગ'નાં ઉદાહરણ: ડાબી બાજુથી (૧) અ-ભંગ; (૨) સહજ-ભંગ; (૩) ત્રિ-ભંગ

ની મૂર્તિઓમાં યોજાએલો જોવામાં આવે છે.

અંગ-સૌષ્ઠવ: અંગ-ભંગના લાવણ્યનો આધાર અંગસૌષ્ઠવ પર રહે છે. અંગોની સમપ્રમાણતાને અંગસૌષ્ઠવ કહે છે. નૃત્ય એ શરીરને લગતી કળા હોવાથી શારીરિક સૌષ્ઠવ તેના પાયા રૂપ છે; કેમ કે સૌષ્ઠવમાં જ સૌંદર્ય રહેલું છે. અંગોની સપ્રમાણતા વગર નૃત્યનાં ચલનોમાં આપવું જોઈતું રૂપ અર્પી શકાય નહિ અને તે ઢંગધડા વગરનું કે બેડોળ લાગે. આથી સંગીત માટે જેટલી અનિવાર્યતા સારા કંઠની છે તેટલી જ નૃત્ય માટે સપ્રમાણ શરીરની છે. તે સિવાય આ વિષયનો શોખ તે પંગુના પ્રવાસ-શોખ જેવો છે. છતાં કહ્યું છે કે પ્રયત્નથી કોઈ પણ વસ્તુ સાધ્ય થઈ શકે છે, અર્થાત્ પ્રયત્ન કે સાધનાથી શરીરસૌષ્ઠવ પણ અમુક અંગે જરૂર સાધી શકાય છે.

અંગસૌષ્ઠવ એ તો નૃત્યમાં જરૂરી બાહ્ય સૌંદર્ય થયું. આ ઉપરાંત તેમાં આંતરિક સૌંદર્ય પણ જરૂરી હોય છે. તે સિવાય કળાકાર પોતાનો આવિષ્કાર મનોરમરીતે પ્રગટ કરી શકે નહિ. આ આંતરિક સૌંદર્ય દરેકના હૃદયમાં પડેલું જ હોય છે, પણ તે સુપ્ત દશામાં હોય છે. તે જાગ્રત થઈ ઊઠે તેવી તાલીમ પણ કળાકારને જરૂરી હોય છે. □




'અતિ ભંગ'નું ઉદાહરણ: નટરાજની મૂર્તિ

આપણા રોજિંદા જીવનમાં વ્યાપી રહેલાં વૈજ્ઞાનિક તત્ત્વોનો પરિચય આપતી લેખમાળા એ કાળે 'રોજિંદા જીવનમાં વિજ્ઞાન' નામથી સ્વ. ડૉ. નરસિંહ મૂ. શાહ લખતા. એમાં આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં માનવમનને મોહ પમાડતા (મૂળે તો લોખંડ અને કોલસાના ટુકડા એવા) હીરાનો પરિચયાત્મક લેખ આવેલો તેમાંથી થોડી વાનગી:

અવકાશમાંથી પૃથ્વી પર આવી પડતા ખરતા તારા દ્વારા હીરા એ માનવીને મળેલી દૈવી બક્ષિશ છે એ માન્યતામાં કેટલુંક તથ્ય છે ખરું, પણ પૃથ્વીના પડમાંથી પણ હીરા મળે છે. લોહને સખત ઉષ્ણતા અને પુષ્કળ દબાણમાં રાખવાથી (જે સ્થિતિ પૃથ્વીની સપાટી નીચે ઊંડાણમાં પ્રવર્તે છે) તેમાં કોલસો-કાર્બન ઓગળી જઈને તે હીરા રૂપે પરિવર્તન પામે છે. આ રીતે બનાવેલા કૃત્રિમ હીરા અને કુદરતી હીરા સરખા જ જણાય છે.

હીરાની સૌથી વિખ્યાત ખાણો દ. આફ્રિકામાં કિમ્બર્લીમાં છે. અત્યાર સુધીમાં ત્યાંથી ૧૦ ટનથી યે વધુ હીરા મળ્યા છે. ઈ. ૧૯૦૫માં ૧.૩૭ પૌંડ (૩૦૨૫ કૅરૅટ)નો દુનિયાનો મોટામાં મોટો હીરો 'કુલ્લિનન' ત્યાંથી જ મળેલો અને એક ઔંસ (૧૫૧.૫ કૅરૅટ)ના તો અનેક હીરા ત્યાંથી મળ્યા છે. આમ મોટા ને અતિ મૂલ્યવાન એવા અનેક હીરા ત્યાંથી મળેલા છે. દુનિયાના ૯૯ ટકા હીરા આફ્રિકામાંથી જ આવે છે. ભારતમાં દક્ષિણમાં ગોવળકૉંડા અને મધ્યપ્રદેશમાં પન્નાની હીરાની ખાણો જાણીતી છે, જો કે આજે એનું પહેલાં જેટલું મહત્ત્વ નથી રહ્યું. વિખ્યાત 'કોહીનૂર' હીરો ગોવળકૉંડાની પેદાશ છે. બ્રાઝિલ, ગુયાના, ન્યૂ સાઉથ વેલ્સ અને આરાકાનમાંથી પણ હીરા મળે છે.


હીરાની કિંમત એને પહેલ પાડ્યા પછી જ અંકાય છે. આ એક અઘરી કળા છે. બેલ્જિયમમાં એન્ટવર્પ અને હોલૅન્ડમાં આમ્સ્ટર્ડામ આ કામ માટે વિખ્યાત છે. રાજમુકુટો અને ધનાઢ્યોનાં આભૂષણોમાં વાપરવા ઉપરાંત સૌથી કઠણ પદાર્થ હોવાને કારણે હીરા અનેક ઔદ્યોગિક કાર્યોમાં પણ વપરાય છે. (હમણાં હમણાં સૂરત અને ગુજરાતનાં અન્ય નગરોમાં ફાલેલો 'હીરાઘસુ'નો વ્યવસાય તેની પ્રતીતિરૂપ છે.)



કેટલાક જગજાણીતા હીરા

◁ મથાળે ડાબી બાજુથી: (૧) હિંદની ગોવળકૉંડાની ખાણનો કોહીનૂર હીરો—ઈ. ૧૮૬૨માં હતો તે રૂપમાં, ૧૦૬ કૅરૅટ વજનમાં; (૨) દુનિયાની સૌથી સમૃદ્ધ દક્ષિણ આફ્રિકાની કિમ્બર્લીની હીરાની ખાણમાંથી નીકળેલા થોડા હીરા—પહેલ પાડ્યા વિનાના, જે રૂપે નીકળે છે તે રૂપમાં. (૩) દક્ષિણ આફ્રિકામાં ઑરેન્જ ફ્રી સ્ટેટમાં આવેલી જૅગર્સફૉન્ટેઈનની ખાણમાંથી મળેલો જગનામી 'એક્સેલ્સીઅર' હીરો જેનું વજન, પહેલ પાડ્યા અગાઉ ૯૭૧ કૅરૅટ હતું. વચ્ચે: દુનિયાનો મોટામાં મોટો હીરો 'કુલ્લિનન'—એ નીકળ્યો તે સમયના, પહેલ પાડ્યા વિનાના રૂપમાં; ને તેની નીચે, તેને કાપીને તેમાંથી બનાવેલા નવ જુદાજુદા હીરા. નીચે ડાબી બાજુથી: (૧) ૮૯.૫૯ કૅરૅટનો 'નાસ્સક' હીરો, જે હાલ અમેરિકામાં છે; (૨) ઑસ્ટ્રિયાના શાહી કુટુંબનો ૧૩૩½ કૅરૅટ વજનનો 'ટસ્કની' અથવા ફ્લૉરેન્ટાઈન હીરો; (૩) યુરોપનો ઇતિહાસપ્રસિદ્ધ ૫૩ કૅરૅટનો 'સૅન્સી' હીરો: જે કાર્ડિનલ મઝારીન, ફ્રાન્સનો લૂઈ ૧૪મો, ઈંગ્લૅંડની રાણી ઈલિઝાબેથ વગેરેને હાથ ફરેલો.

અઢારમી સદીમાં ખંભાતથી વાણિયા ને કાઠિયાવાડથી કપોળો ગયા. ઈ. ૧૮૦૩ના દુષ્કાળથી બચવા જૈનો, ભાટિયા અને લુહાણા, ખોજાઓ, મેમણો અને વોરાઓ ગુજરાત છોડી મુંબાઈ વસ્યા. ૧૮૯૫માં વૈતરણા નદી સુધી ગુજરાતીઓ વસતા અને ત્યાં સુધી ગુજરાતી બોલાતી. (ક. મા. મુનશી)



ત્યારે મરાઠી ભાષાવાદ ઉગ્ર બન્યો હોઈ આત્મરક્ષણ ખાતર ગુજરાતી ભાષાના સીમાડાનો પ્રશ્ન શ્રી મુનશીએ આમ નિરૂપ્યો હતો; પહેલો સીરોહી-આબુ-
નો પ્રદેશ: ગુજરાતનો ઉત્તરસ્તંભ, વિમળ મંત્રીએ જ્યાં અનુપમ સૌંદર્યમંદિરો બાંધ્યાં. પછી ડુંગરપુર, વાંસવાડા, ઝાબુવા ને અલીરાજપુરનો થોડો
ભાગ. પછી આવે ખાનદેશ. એ તો ગુજરાતની સલ્તનતનું જ હતું. પ્રેમાનંદના રણકાર ત્યાં ગાજતા. પછી દમણગંગાની દક્ષિણે તો પ્રાગૈતિહાસિક
કાલથી, દક્ષિણથી ઉત્તર જવાનો ધોરી માર્ગ હતો: નાસિકથી વલસાડ 'બસ' જાય છે તે. એની નીચે ઉત્તર કોંકણનો, સમુદ્ર ને ઘાટ વચ્ચેનો ઊંચો
ગોઠવાએલો ત્રિકોણ. ગુજરાતના મૂળ આદિવાસીઓ દુબળા વારલી ને કાથકરી. જેમ જેમ ઉત્તરથી પ્રજાઓ આવતી ગઈ તેમ તેમ તે કોંકણના
ત્રિકોણમાં જઈ વસ્યા. દુબળાઓની એ ભૂમિ નકશામાં બતાવી છે. એ જાતિની ભાષા આજે ગુજરાતીપ્રધાન છે. તે પછીની ગુજરાતી પ્રજા કોળીની.
એનો એક વિભાગ દરિયાઈ ખારવાનો, કાઠિયાવાડ, કચ્છ ને ગુજરાતમાંથી દરિયાવાટે એમણે કોંકણમાં થાણાં સ્થાપ્યાં. નવસારી, દમણ, સંજાણ,
શૂર્પારક (સોપારા), વસાઈ, માહિમ, મુમ્બાઈ ને ચૌલ એ બધાં એમનાં મૂળ બંદરો. ત્યાર પછી ભૃગુકચ્છ, અપરાંત ને કંકણ નામની આર્ય જાતિઓ
આવી. તેમણે ભૃગુકચ્છ અને શૂર્પારક એ બંને આંતરરાષ્ટ્રીય બંદરો બનાવ્યાં. ભૃગુકચ્છોએ પોતાનું નામ ભરૂચથી વલસાડ સુધીના પ્રદેશને આપ્યું.
કંકણોએ કોંકણને નામ આપ્યું. પછી ભીલો ગુજરાતમાં આવ્યા. એમના વસવાટની મર્યાદા નકશા પર દોરી છે. ઈ. ૬૫૧ પહેલાં આબુ પાસે આવેલું
ભિલ્લમાલ એમનું સ્થાન હતું. કર્ણે આશા ભીલને હરાવી કર્ણાવતી (અમદાવાદ) સ્થાપ્યું. થાણા જિલ્લામાં સાતમી સદી પહેલાં ગુજરાતમાંથી બ્રાહ્મણો
આવ્યા. ૧૦-૧૧મી સદી સુધીમાં થાણા જિલ્લો ને મુંબાઈ લાટમાં ગણાતાં ને ત્યાંની ભાષા લાટી હતી એમ અરબ મુસાફરો કહે છે. મુંબાઈના સાત ટાપુઓ-
માં તો કોળીઓ વસતા. ૧૬૭૧માં ઑન્જીઅરે મુંબાઈ વસાવ્યું અને સૂરતનો વ્યાપાર, વ્યાપારીઓ, ઈંટ પાડનારા ને મજૂરોને ત્યાં લઈ ગયો. (અનુ. સામે)

વૃક્ષ-વેલ-પરિચય (૧૮) પાંડેરવો



પાનખર પછી પર્ણહીન વૃક્ષ પર શાખાઓને છેડે લાલચટક પુષ્પગુચ્છોથી શોભી ઊઠતો પાંડેરવો ભારતની સૂકી કંઠાળ ભૂમિનું મધ્યમ કદનું એક સામાન્ય પણ સુંદર વૃક્ષ છે. જોરદાર પવન સામે આડશ તરીકે, વાડી ખેતરની વાડ તરીકે અને બાગબગીચામાં શોભાયુક્ત છાયા-વૃક્ષ તરીકે તે ઉછેરી શકાય છે. કાંડા જેટલી જાડી ને એકાદ હાથ લાંબી એની ડાળના ખૂંટા ચોમાસું બેસતાં પહેલાં રોપ્યા હોય તો વરસાદ થતાં તુરત એને મૂળને પાન ફૂટી નીકળે છે. જો કે બીજ વડે એ વધુ સારું ઊગે, પણ એનો વિકાસ ઘણો ધીમો હોય છે.

છાલના ભેદવાળી પાંડેરવાની મુખ્ય બે જાત છે. એકની છાલ ખરબચડી બૂચ જેવી ને રંગે ભૂખરી અને બીજાની સુંવાળી ને સહેજ નારંગી રંગની ઝાંયવાળી હોય છે. શાખા પર કાંટા. પાન લાંબી દાંડીવાળાં અને ત્રણ પર્ણિકાવાળાં જેમાંનું છેડાનું પાન વધુ મોટું. આકાર નીચેથી લગભગ ગોળ અને છેડે સહેજ અણિયાળો. ભૂખરી છાલના પાંડેરવાનાં પાન તળે રુંવાંટી પણ હોય છે. આ જાત જંગલી છે.

પાનખરમાં પાન ખરી ગયા પછી માર્ચ-એપ્રિલમાં વૃક્ષ ફૂલોથી છવાઈ જાય છે. બે એક મહિના ફૂલ રહે છે તે દરમિયાન નવાં પાન અને શીંગો આવે છે. પાંડેરવાની શીંગ બંને છેડે સાંકડી ને લાંબી તથા બદામી રંગની અને તેમાં બારેક જેટલાં લંબગોળ સુંવાળાં બીજ હોય છે. આ શીંગ ક્યારેક છેક પાનખર સુધી ઝાડ પર ટકી રહે છે.

પાંડેરવાનું લાકડું પોચું અને જલ્દી નાશ પામે તેવું હોઈ બહુ કામમાં આવતું નથી. પણ શિંબી વર્ગનું હોઈ એના મૂળથી જમીન નાઇટ્રોજનયુક્ત બને છે. □

૫૬ ('કુમાર' અંક ૬૦૨)



માધુકરી

અમોને વાત કો દી' ભૂલથી સુખની ન પૂછો,
કદી આનન્દ છે હૈયે પરંતુ સુખ નથી;
અમોને સાથ કો દી' આવીને આંસુ ન લૂછો,
કદી આક્રંદ છે વીલું પરંતુ મુખ નથી.
અમે તો એટલું જાણી ગયા છીએ ફક્ત કે
મળી છે જિન્દગી: એનું ન સુખ કે દુ:ખ નથી. —મકરન્દ દવે

કવિ નિરંજન ભગત

ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં શ્રેષ્ઠ કદરશનાસી તરીકે લેખાતા આવેલા રણજિતરામ સુવર્ણચન્દ્રકના ઈ. ૧૯૯૯ના વર્ષે માટે ભાજન બનેલા ગુજરાતના મૂર્ધન્ય કવિ શ્રી નિરંજન ભગતનો જન્મ ઈ. ૧૯૨૬ની ૧૮મી મેએ વિ. ૧૯૮૨ના વૈશાખ સુદ સાતમ ને મંગળવારે અમદાવાદમાં લાખા પટેલની પોળમાં દેવની શેરીમાં એમના મોસાળમાં એક જૂના ઘરમાં થએલો, જે ઘર આજે તો હયાત પણ નથી. જ્ઞાતિએ એઓ વૈષ્ણવ વણિક. પિતાનું નામ નરહરિભાઈ અને માતાનું મેનાબેન. એમના દાદા હરિલાલ તજ, લવિંગ, ઇલાયચી આદિ તેજાનાનો વેપાર કરતા એટલે એમની મૂળ અટક ગાંધી. પરંતુ ઉત્તર વયમાં દાદા ભજનકીર્તન કરતા એટલે ભક્તમંડળીમાં 'ભગત' તરીકે ઓળખાવા લાગ્યા. પરિણામે એમના પુત્ર નરહરિભાઈ ને પૌત્ર નિરંજનભાઇને 'ભગત' અટક વારસામાં મળી. એમના કાકા રામ ભગત અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થી અને લંડન જઈ બૅરિસ્ટર થઈ આવેલા. શેઠ કસ્તુરભાઈના એ ખાસ મિત્ર, એટલે એમના કુટુંબમાં શિક્ષણનું કાર્ય કરતા. એ નાતે પિતા નરહરિભાઈને કસ્તુરભાઈની પેઢીમાં વ્યવસાય મળેલો.

નિરંજનભાઈનું બાળપણ કાળુપુર દોશીવાડાની પોળમાં વીતેલું. કુટુંબ વૈષ્ણવ અને એ જ પોળમાં વૈષ્ણવોનું પ્રસિદ્ધ મંદિર, એટલે બાળપણ હવેલીમય વાતાવરણમાં પાંગરેલું. નિરંજનભાઈ દસ વર્ષના હતા ત્યારે પિતાજીએ ઘર છોડયું, આથી કુટુંબ સાથે એઓ એલિસપુલને છેડે આવેલ 'ચંદન ભવન'માં પોતાને મોસાળ વસ્યા.

ત્રણ ભાઈઓમાં નિરંજનભાઈ જ્યેષ્ઠ. પ્રાથમિક શિક્ષણ એમણે મ્યુનિસિપલ શાળામાં ને માધ્યમિક શિક્ષણ અનુક્રમે પ્રોપ્રાએટરી અને નવચેતન હાઈસ્કૂલમાં લીધું. વચ્ચે ૧૯૪૨ની સ્વાતંત્ર્યચળવળમાં અભ્યાસ છોડયો. ૯મી ઑગસ્ટે ગુજરાત કૉલેજ પાસે પોલીસે કરેલા લાઠીમારમાં જમણે હાથે ફ્રૅક્ચર થયું. રાષ્ટ્રભક્તિનો ઉત્કટ ઉત્સાહ હોવા છતાં કૌટુંબિક પરિસ્થિતિને લીધે એમનાથી એ ચળવળમાં આગળ પર વધુ સક્રિય ભાગ ન લઈ શકાયો. પરંતુ મહાત્મા ગાંધીની આત્મકથાના પાંચમા પ્રકરણમાં આવતા 'હિંદુ બાળકે સંસ્કૃતના સરસ અભ્યાસ વિના ન જ રહેવું જોઈએ.' એ વાક્યે દેશસેવાની એક નવી દિશા સુઝાડી અને અત્યાર સુધી માધ્યમિક શાળામાં ફ્રેન્ચનો અભ્યાસ કરતા નિરંજનભાઈએ આઝાદીની ચળવળ ખાતે માંડી વાળેલાં એ ઈ. ૧૯૪૨–'૪૩ના વર્ષ દરમિયાન સ્વામી શ્રી ભગવદાચાર્ય પાસે સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને ફ્રેન્ચને બદલે ભારતીય સંસ્કારની સંસ્કૃતને બીજી ભાષા તરીકે રાખી ઈ. સ. ૧૯૪૪માં ૭૦૦માંથી ૫૫૫ ગુણ મેળવી મૅટ્રિકની પરીક્ષા પસાર કરી.



નિરંજન ભગત તરુણ વયે

હાઈસ્કૂલનાં આ પાછલાં વર્ષો દરમિયાન જ કાવ્યસંસ્કારો ઘૂંટાયા. મુખ્ય પ્રેરકબળ તે ગુજરાત વિદ્યાપીઠમાં રામનારાયણ વિશ્વનાથ પાઠક જેવા અધ્યાપકના શિષ્ય અમુભાઈ પંડયાનું નવચેતન શાળાના વર્ગોમાં ગુજરાતી-શિક્ષણ. ત્યારે અમુભાઈ વર્ગમાં કવિ કાન્તનો ‘પૂર્વાલાપ’ વાંચતા અને સ્વરચિત દૃષ્ટાંતો સાથે છંદો શીખવતા. વિદ્યાર્થી નિરંજન પર આની પ્રગાઢ અસર. વળી, શાળામાં બીજી ભાષા તરીકે ફ્રેન્ચ હતું એટલે શ્રેષ્ઠ સાહિત્ય ધરાવતી એ ભાષા દ્વારા એમણે સાહિત્યપ્રવેશ કર્યો. ઉપરાંત આપમેળે એમણે બંગાળીનો પણ અભ્યાસ કર્યો, જેને પરિણામે રવીન્દ્રનાથ ટાગોરની અસર નીચે આવ્યા. આ જ ગાળા દરમિયાન કવિ રાજેન્દ્ર શાહ સાથે એમને મૈત્રી થઈ અને ગુજરાતી કાવ્યોનું પરિશીલન ચાલુ થયું. સૌપ્રથમ સુંદરમ્‌ની કાવ્યસૃષ્ટિનો પરિચય, પછી ઉમાશંકરની. ત્યાં તો પ્રગટ થયો પ્રહ્‌લાદ પારેખનો કાવ્યસંગ્રહ ‘બારી બહાર’ (ઈ. ૧૯૪૦), અને પછી બાલાશંકર કંથારિયા વિષયક ‘કલાન્ત કવિ.’ (૧૯૪૨). આ બંનેની એમના પર ઘેરી અસર થઈ. એમાં યે બાલાશંકરના શિખરિણીની અસર તો એમના શિખરિણી પર ખાસ પડી. આ રીતે મૅટ્રિક સુધીમાં એમના પ્રતિભાબીજને પૂરતું પોષણ મળી ચૂક્યું.

ઈ. ૧૯૪૪માં ઉચ્ચ અભ્યાસ માટે એઓ અમદાવાદની એલ. ડી. આર્ટ્‌સ કૉલેજમાં દાખલ થયા અને ૧૯૪૬માં ઈન્ટર આર્ટ્‌સ ત્યાંથી પસાર કરી. એ બે વર્ષના ગાળા દરમિયાન વિદ્વાન પ્રા. એસ. આર. ભટ્ટના અંગ્રેજી શિક્ષણના પ્રભાવ નીચે અંગ્રેજી સાહિત્ય તરફ આકર્ષાયા, અને બી. એ.માં અંગ્રેજી સાહિત્ય લેવાનો નિશ્ચય કર્યો. પણ ઈ. ૧૯૪૬માં એમનાં ફોઈના દીકરા અનુભાઈના આગ્રહથી તેમજ કેટલાક મિત્રો પણ મુંબાઈ એમ. એ.નો અભ્યાસ કરવા ગયા તેથી એઓ ત્યાંની એલ્ફિન્સ્ટન કૉલેજમાં જોડાયા. ફોઈને ત્યાં ગિરગામમાં ડૉ. વિગાસ સ્ટ્રીટમાં રહી ઈ. ૧૯૪૮માં એમણે એન્ટાયર અંગ્રેજી સાથે બી. એ.ની પરીક્ષા ત્રીજા વર્ગમાં ઉત્તીર્ણ કરી. દરમિયાન એ વર્ષની ૩૦મી જાન્યુઆરીએ મહાત્મા ગાંધીની હત્યાની વિશ્વ-આઘાતક ઘટના બની. એ દારુણ વિષાદે બી. એ.ની તૈયારીના અંતિમ મહિનાઓમાં જબરો વિક્ષેપ પાડેલો. આ ગાળામાં જ એમણે શિક્ષક થવાનો મનોમન વિચાર કરી રાખ્યો હતો. શિક્ષણનું કાર્ય પણ દેશસેવાનું જ કાર્ય છે એ એમની લગની; જે જ્ઞાન આપણે લૂંટીએ છીએ તે સમાજમાં લૂંટાવવું જોઈએ એ એમની માન્યતા; એટલે, એને ચરિતાર્થ કરવા પાછા વતન અમદાવાદ આવીને એમ.એ.ના અભ્યાસ માટે ઈ. ૧૯૪૮માં ફરી એલ. ડી. આર્ટ્‌સ કૉલેજમાં દાખલ થયા અને અંગ્રેજી મુખ્ય તથા ગુજરાતી ગૌણ વિષય રાખી ઈ. ૧૯૫૦માં એમ. એ. (બીજો વર્ગ) થઈ એ જ વર્ષના જૂનથી પોતાની એ જ વિદ્યાધાત્રી કૉલેજમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે જોડાઈ ગયા. ત્રણ વર્ષ બાદ ઈ. ૧૯૫૩માં એઓ અમદાવાદની સર એલ. એ. શાહ લૉ કૉલેજના આર્ટ્સ વિભાગમાં ખસ્યા. ત્યાંથી ઈ. ૧૯૫૬માં નવી જ શરૂ થએલી મહિલાઓ માટેની બી. ડી. આર્ટ્સ કૉલેજમાં ગયા ને ત્યાર બાદ ઈ. ૧૯૫૮થી આજ દિન પર્યંત એઓ ગુજરાત લૉ સોસાએટી સંચાલિત આર્ટ્‌સ કૉલેજમાં અંગ્રેજી સાહિત્યનું અધ્યાપનકાર્ય કરી રહ્યા છે.

સ્વભાવે અને સ્વધર્મે એઓ પૂરા શિક્ષક છે. એમનાં વિચાર, વાણી અને વર્તનમાં એક શિક્ષકસહજ આદર્શપ્રિયતા સહેજે જણાઈ આવે છે. કોઈ બનાવ કે બાબત, વિચાર કે વિગત, મુદ્દા કે માન્યતાને સૂક્ષ્મ બુદ્ધિથી વિશ્લેષી તટસ્થ તારણો પર આવવાની વિશુદ્ધ તર્કશક્તિ, અને પછી એ તારણ માટે જુસ્સાપૂર્વકની દલીલશક્તિ એમનાં લખાણો અને વાતચીત-વાર્તાલાપોમાં સ્પષ્ટપણે આગળ તરી આવે છે. આ બધામાં પણ એઓ એક સાચા શિક્ષકની તેમજ સારા નાગરિકની સભાનતા ક્યાંય ચૂકતા નથી. સંયમ એમના વ્યક્તિત્વનું મુખ્ય લક્ષણ છે; અધ્યયન અને અધ્યાપન, વિચાર-વિમર્શ અને વાતોચીતો એમની પ્રિય પ્રવૃત્તિઓ.



પ્રા. નિરંજન ભગત - આજે

ઈ. ૧૯૪૨માં એમની સર્જનપ્રવૃત્તિનો આરંભ. ‘મારી પાંપણને પલકારે’, એ એમની પહેલી પંક્તિ (પહેલું કાવ્ય નહિ, કેમ કે પછીથી એ ગીતના અંતરાઓમાં એમણે ફેરફારો કર્યા); અને સાત જ વર્ષ બાદ લાલ ચટ્ટક પૂઠામાં, હાથબનાવટના કાગળો પર, નાગરી ગુજરાતી લિપિમાં છપાઈને ઈ. ૧૯૪૯માં પ્રગટ થયો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ ‘છંદોલય’, જેમાં ગુજરાતી કાવ્યસરિતાનો એક નવો વળાંક પ્રકટ્યો. તરત જ એ સંગ્રહને એ વર્ષ માટેનું રૂ. ૫૦૦નું સરકારી પારિતોષિક મળ્યું. સમાજમાંથી મળેલું સમાજને જ પાછું અર્પવું એ માન્યતાથી પૈસા ક્યાં આપવા એ અવઢવમાં પારિતોષિકના ચેકની મુદત પૂરી થઈ ગઈ. એ રકમનો બીજો ચેક આવ્યો તે મુંબાઇની ‘તાતા કૅન્સર ઇન્સ્ટિટ્યૂટ’ને દાનમાં આપી દીધો. ઈ. ૧૯૪૯ના એ જ વર્ષ દરમિયાન ‘કુમાર’ માસિકમાં શ્રેષ્ઠ મૌલિક પ્રદાન તરીકે એમનાં કાવ્યો માટે એમને ‘કુમાર’ ચંદ્રક એનાયત થયો. બીજે વર્ષે ઈ. ૧૯૫૦માં એમનાં ગીતોનો સંગ્રહ ‘કિન્નરી’ પ્રસિદ્ધ થયો. આ દરમિયાન બે મહત્ત્વપૂર્ણ ઘટનાઓ બની. એક: કવિ હરિશ્ચંદ્ર ભટ્ટ સાથેની મૈત્રી; બે: બલવન્તરાય ઠાકોર સાથેનો પરિચય. હરિશ્ચંદ્ર ભટ્ટે એમને વિશ્વની વિવિધ ભાષાના કાવ્યસંગ્રહો વાંચવા આપ્યા અને આમ એમણે એમને વિશ્વ-કાવ્યસાહિત્યના વિશાળ ચોગાનમાં લાવી મૂક્યા. બ. ક. ઠા. નો પરિચય થોડા જ ગાળામાં મૈત્રીમાં પરિણમ્યો. આમ તો શાળા દરમિયાન ‘ભણકાર’ની કૃતિઓનું વાચન અને કૉલેજના બીજા વર્ષ દરમિયાન ઠાકોર સંપાદિત ‘આપણી કવિતા સમૃદ્ધિ’નું પાઠક સાહેબ દ્વારા શિક્ષણ મળેલું; પરંતુ મુગ્ધ ચિત્ત પર ત્યારે ઠાકોરની અસર નહિ. ‘પૂર્વાલાપ’ની પકડમાંથી હવે એઓ ‘ભણકાર’ની ભીંસમાં આવ્યા! અત્યાર સુધી કીટ્‌સ એમનો માનીતો અંગ્રેજ કવિ હતો, હવે એલિયટે એ સ્થાન લીધું અને મુગ્ધ ને મસ્ત પ્રણયની માધુરી તથા વિરહના

શાક-ભાજી-મરી-મસાલો] ૧૮ [શકરિયાં અને રતાળુ

શકરિયાં અને રતાળુની આ ઋતુ છે. બંને કંદ છે અને ભારતમાં લગભગ સર્વત્ર એના વેલા થાય છે. શકરિયાં માટે ચીકણી નહિ એવી બેસર કે રેતાળ યા કાંપવાળી ભરગરી જમીન વધુ અનુકૂળ છે જ્યારે રતાળુને ઊંડી ફળદ્રુપ અને સારી નિતારવાળી રેતાળ કે બેસર જમીન વધુ માફક આવે છે. પોચી અને વધુ ખાતરવાળી જમીનમાં તેનો સારો પાક ઊતરે છે. જ્યારે શકરિયાં મધ્યમ પ્રમાણમાં અમ્લતાવાળી જમીનમાં વધુ સારો પાક આપે છે. શકરિયાંના પાકને લાંબા અને ગરમ વૃદ્ધિકાળની જરૂર હોઈ જ્યાં વરસમાં ચારેક મહિના દિવસે અને રાતે ગરમી પડતી હોય તેવા, મધ્યમસરનો વરસાદ ને વિપુલ સૂર્યતાપવાળા વિસ્તારમાં એ સારાં ઊગે છે. શકરિયાં મૂળ અમેરિકાનાં મનાય છે અને દક્ષિણ અમેરિકાના યે દક્ષિણ ભાગમાં એ મોટા પ્રમાણમાં થાય છે. ભારત ઉપરાંત, આફ્રિકા, ચીન, જાપાન અને અગ્નિ એશિયાના દેશોમાં પણ એ સુખ્યાત છે. રતાળુ પણ ભારત ઉપરાંત, ચીન, અમેરિકા અને એશિયાના ઘણા પ્રદેશોમાં થાય છે. ગુજરાતમાં સૂરત જિલ્લામાં તો રતાળુ ખૂબ જ જાણીતાં અને લોકપ્રિય છે. રતાળુ સાથેનું સૂરતી ઊંધિયું ને ત્યાંની રતાળુની પૂરી ને ભજિયાં પણ સ્વાદશોખીનોમાં સુખ્યાત છે.

શકરિયાં

પશ્ચિમના કેટલાક દેશોમાં શકરિયાંને મીઠા બટાટા તરીકે અને બટાટાને સફેદ બટાટા યા આઇરિશ બટાટા તરીકે ઓળખે છે. આઠ-દસ ઇંચ ઊંડું ખેડાણ કરીને શકરિયાંનાં મૂળ-કંદ કે તેના વેલાઓમાંથી નીકળેલા ગરજાઓ વાવવામાં આવે છે. આપણે ત્યાં સામાન્યતઃ તેના વેલાઓના એકએક હાથના કકડા કરી પાંચ-છ ઇંચ ઊંડા ખાડામાં રોપીને તેનું વાવેતર થાય છે. વેલો જ્યાં રોપ્યો હોય ત્યાં જ જમીનમાં અંદર શકરિયાં બેસે છે. ઉત્તર ગુજરાતમાં તેની વિશેષ પેદાશ છે.

આમ તો શકરિયાંની સંખ્યાબંધ જાત થાય છે પણ મુખ્ય તો બે: રાતાં અને સફેદ. રાતાં શકરિયાં વધુ મીઠાં હોય છે. રોજિંદા શાકમાં ને વ્રત-ઉપવાસમાં ફળાહાર તરીકે તેનો ઉપયોગ જાણીતો છે. અગ્નિમાં શેકી-ભૂંજીને ખાવાથી એ ખૂબ મીઠાં લાગે છે. રીંગણાં સાથે બનાવેલું તેનું શાક ઓછું વાતકર બને છે. બાફીને દૂધમાં ચોળીને કે એકલાં પણ ખવાય છે. સૂકવીને તેનો લોટ પણ કરાય છે. ગરીબો માટે એ એક ટંકનો આહાર બની રહે છે. આ ઉપરાંત સ્ટાર્ચ, સીરપ-સરકો વગેરે બનાવવામાં પણ તેનો ઉપયોગ થાય છે. શકરિયાંમાં સોળ ટકા સ્ટાર્ચ અને ચાર ટકા શર્કરા હોઈ તેમાંથી મદ્યાર્ક–આલ્કોહોલ પણ બની શકે છે. આ ઉપરાંત, શકરિયાંમાં કૅલ્શ્યમ, ફૉસ્ફરસ, સોડિયમ, પોટાશ્યમ અને લોહ તથા 'એ' અને થોડા પ્રમાણમાં 'સી' વિટામિન પણ છે. બટાટા કરતાં શકરિયાંમાં કાર્બોહાઈડ્રેટ, કૅલ્શ્યમ અને વિટા. 'એ' વધુ પ્રમાણમાં છે. વળી, બટાટા કરતાં શકરિયાંની એકર દીઠ ઊપજ પણ વધારે થાય છે. શકરિયાં ભારે, ઠંડાં, બળપ્રદ અને કંઈક અંશે બંધકોશ કરનારાં મનાય છે. શકરિયાંનાં પાન પૌષ્ટિક હોઈ કુમળાં પાનનું શાક પણ થાય છે. તેના વેલા આઠ-દસ ફૂટમાં પથરાય છે. ઢોરના ચારા તરીકે એ ઉપયોગી છે.

રતાળુ

રતાળુની પણ વિવિધ જાત છે જેમાં સફેદ અને લાલ તથા લાંબા અને ગોળ રતાળુના ભેદ મુખ્ય છે. સફેદ રતાળુ ગરાડુ તરીકે પણ ઓળખાય છે. લાલ, એટલે કે જેનો ગર સુંદર રતાશ પડતા જાંબલી રંગનો છે તેનો સ્વાદ વધુ સારો હોઈ બજારમાં તેનો ભાવ વધુ ઊપજે છે.

ચૈત્ર-વૈશાખથી માંડી અષાઢ માસ દરમિયાન રતાળુના કંદના સારી આંખોવાળા કકડાને ત્રણેક ફૂટને અંતરે કયારાઓની પાળી પાસે રોપવામાં આવે છે. ફેલાવા દેવા કરતાં માંડવો કરીને તેના વેલા ચઢાવવા એ વધુ સારું ગણાય છે. એનાં પાન નાગરવેલનાં પાનને મળતા આકારનાં હોય છે. પાન પીળાં પડી સુકાવા માંડે એટલે રતાળુનો પાક તૈયાર થએલો ગણાય છે. એક એકરે ચારસો મણ જેટલાં રતાળુ થાય છે.

છાલ કાઢીને રતાળુનું શાક થાય છે. આ ઉપરાંત, તેની પૂરી, ભજિયાં, ખીર વગેરે પણ થાય છે. ફળાહાર તરીકે તે વપરાય છે. રતાળુને બાફી-સૂકવીને તેનો લોટ પણ બનાવાય છે. ગરીબો માટે આ એક બલપ્રદ આહાર છે. નબળી પાચનશક્તિવાળાને તે જરા ભારે પડે છે. બલપ્રદ હોવા ઉપરાંત, રતાળુ સ્નિગ્ધ, ભારે, હૃદયના કફનો નાશ કરનાર અને મલરોધક છે. ધોળું રતાળુ મધુર, ઠંડું, વૃષ્ય અને ભારે છે. મૂત્રકૃચ્છ્ર, પ્રમેહ, દાહ તથા શોષને મટાડે છે. રાતું રતાળુ મધુર, શીતલ, ખાટું, વૃષ્ય ને પૌષ્ટિક છે. શ્રમ, દાહ અને પિત્તનો એ નાશ કરે છે. સુશ્રુત રતાળુને કફકર, ભારે અને વાતકર ગણે છે તો વાગ્ભટ્ટ તેને તીખું, ગરમ તથા કફ અને વાયુ મટાડનાર ગણે છે. તેલમાં તળાએલું રતાળુ વધુ રુચિકર લાગે છે.


રતાળુનાં પાનનું શાક થાય છે, પણ તે પહેલાં પાનને તવા પર શેકવાં પડે છે. રતાળુનાં પાન વાટીને કે સુકાએલું રતાળુ ઘસીને વીંછીના ડંખ પર લગાડવાથી વીંછી ઊતરે છે.

માધવ મો. ચૌધરી

વિષાદને સ્થાને નક્કર કટુ વાસ્તવિકતા તરફ કવિચિત્ત વળ્યું. બાનીમાં 'કાન્ત'ની કમનીયતાની સાથોસાથ ઠાકોરની બરછટતા ભળી. સ્વમાંથી નીકળી કવિ હવે સમસ્તમાં ઢળતા થયા.

ઈ. ૧૯૪૬–૪૮નાં બે વર્ષ એ મુંબાઈમાં સતત રહ્યા ને ત્યાર પછી પણ કેટલીક વખત શિયાળા-ઉનાળાની ટૂંકી-લાંબી રજાઓ જે મુંબાઈમાં ગાળી તેને પરિણામે નગરજીવનના અનુભવે એમની કવિતાએ બીજો વળાંક લીધો: ગુજરાતી કાવ્યસાહિત્યમાં નગરજીવનનો વ્યંગ-વક્રતાયુક્ત વિષાદ-ધેરો નવ્ય પ્રવેશ થયો. સમગ્ર નગરસંસ્કૃતિનું પ્રતીક બનીને 'મુંબઈનગરી' એમનાં કાવ્યોમાં આવી. ઈ. ૧૯૫૯ સુધી એ અનુભવે જાણે એમનો પીછો પકડ્યો હતો. એની પરિણતિ છે 'પ્રવાલદ્વીપ'નો કાવ્યગુચ્છ. વચમાં ઈ. ૧૯૫૩માં એમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'અલ્પવિરામ' પ્રગટ થઈ ચૂક્યો હતો. તે પછી 'છંદોલય', 'કિન્નરી' અને 'અલ્પવિરામ'માંથી ચૂંટેલાં કાવ્યો અને 'પ્રવાલદ્વીપ' ને સમાવતી 'છંદોલય'ની નવી આવૃત્તિ ઈ. ૧૯૫૭માં પ્રગટ થઈ અને ઇ. ૧૯૫૩થી '૫૭ દરમિયાનના શ્રેષ્ઠ કાવ્યસંગ્રહ તરીકે આ 'છંદોલય'ને લક્ષમાં રાખી સૂરતની નર્મદ સાહિત્યસભાએ એમને નર્મદ સુવર્ણચંદ્રક અર્પણ કર્યો.

'પ્રવાલદ્વીપ' પછી સંખ્યા અને સર્જકતાની દૃષ્ટિએ કવિની કાવ્યપ્રવૃત્તિ મંદ પડેલી જણાય છે. ઇ. ૧૯૫૬માં મહાગુજરાત–આંદોલન નિમિત્તે જે ઘટનાઓ ગુજરાતમાં બની તેણે કવિચિત્તને સંકોર્યું અને એક બીજો ઉન્મેષ '૩૩ કાવ્યો'માં પ્રગટ થયો. એ એમનો ચોથો સંગ્રહ. તેની પ્રસ્તાવનામાં એઓ લખે છે: 'મુંબઇના અનુભવે એક દાયકા લગી મારા મનનો કબજો લીધો હતો. 'પ્રવાલદ્વીપ'ની પૂર્ણાહુતિથી ૧૯૫૯માં એ અનુભવના વળગાડમાંથી છૂટયો.' હવેની કવિતામાં માનવીય સંબંધો અને માનવ-સમભાવ કેન્દ્ર બન્યા, અને ત્યાર પછી એમનું કાવ્યસર્જન અટક્યું. કોઈ નવીન વિષયની અનુભૂતિને અભાવે આમ બન્યું હશે એમ ખુદ કવિ જ માને છે; અને તેથી તે હજુ પણ કોઈ નવા વિષયની ખોજમાં તો છે જ. પરંતુ એમની સકલ કાવ્યપ્રવૃત્તિને ઉપલક્ષીને ઈ. ૧૯૬૯નો રણજિતરામ સુવર્ણ ચંદ્રક એમને આપવાનો નિર્ણય થયો તે પ્રસંગે સર્જનની કોઈ નવી તરાહ, કોઈ નવો ઉન્મેષ એમની પાસેથી મળવાની આશા કોઇ પણ કાવ્યરસિક બાંધે તો તે અનુચિત નથી.



મૃગનું તારામંડળ તો સુપરિચિત છે. એ મૃગને બાણ મારનાર વ્યાધ (પારધી) પણ એના થકી જાણીતો તારો છે. વ્યાધ જે તારામંડળમાં છે એનું નામ છે 'શ્વાન' (Canis Major). મૃગમંડળને પશ્ચિમમાં ઓરાયન-શિકારી ગણ્યો છે, અને એ શિકારીનો આ શ્વાન સાથીદાર હોવાની કલ્પના છે. શ્વાન તારામંડળનો મુખ્ય તારો આ વ્યાધ (Sirius) આપણાથી ૮.૭ પ્રકાશવર્ષ દૂર અને સમગ્ર આકાશમાં સૌથી વધુ તેજસ્વી તારો છે. આકાશમાં દેખાતા ઝાંખામાં ઝાંખા તારા કરતાં એ એક હજાર ગણો તેજસ્વી છે અને આપણા સૂર્ય કરતાં ૨૧ ગણો. હકીકતે વ્યાધ એકાકી નહિ પણ યુગ્મ તારો છે.

ઈ. ૧૮૪૩માં વ્યાધનું અંતર નક્કી કરવા માટેનાં નિરીક્ષણો પછી જર્મન ખગોળશાસ્ત્રી બેસેલને તેનાં તેજ અને ગતિમાં એકવાક્યતાની ઊણપ લાગી. પોતાની ગણતરીઓમાં એને એટલી શ્રદ્ધા હતી કે એણે ચોક્કસ માન્યું કે ખુદ વ્યાધમાં જ કંઈક ભૂલ છે! એણે કલ્પના કરી કે વ્યાધને એકાદ સાથીદાર પણ હોવો જ જોઈએ કે જે પોતાના ગુરુત્વાકર્ષણના બળે તેને આગળપાછળ કે બાજુમાં ખેંચાતો હશે. એ જમાનામાં આજના જેવાં શક્તિશાળી દૂરબીન નહિ, એટલે વ્યાધ એ યુગ્મ તારક હોવાનું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ તો એ આપી શક્યો નહિ, પરંતુ પોતાના અંદાજ અંગે એ સંપૂર્ણતઃ ચુસ્ત હતો. બેસેલના અવસાન પછી વીસ વર્ષે બે અમેરિકન પિતાપુત્ર ઍલવાન કલાર્કે વિસ્કૉન્સિન રાજ્યમાં યુર્કસ વેધશાળામાં એક જંગી દૂરબીન બનાવ્યું અને જ્યારે એને વ્યાધ સામે માંડયું ત્યારે પુત્ર બોલી ઊઠયો કે, 'એ બીજો તારો ખરેખર ત્યાં છે જ!'

વ્યાધમાં મુખ્ય તારાની આસપાસ પ્રદક્ષિણા કરતો વામન તારો આમ તો લગભગ પૃથ્વી જેવડો છે, પણ એનું દળ પૃથ્વી કરતાં ૬,૦૦,૦૦૦ ગણું ઘટ્ટ છે અને એટલે એનું ગુરુત્વાકર્ષણ પણ એટલું જ ભારે છે. જો આપણે દુનિયાની સૌથી મોટી ઈમારત એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગને વ્યાધના એ સાથીદાર પર મૂકીએ તો તેના ગુરુત્વાકર્ષણના બળે એ સંકોચાઇને, સહેજ પણ વજન ગુમાવ્યા વિના એક સોય જેવડી બની જાય અને આ સોય જો કોઈ ગંજાવર પોલાદી પુલ પર પડે તો, એના વજનથી એ પુલ કડડભૂસ તૂટી પડે. કારણ તેનું વજન તો એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ જેટલું જ છે.

ઇજિપ્તના એક પિરામિડની દક્ષિણ બાજુ પર રાખેલી એક ખાંચમાંથી જ્યારે આકાશમાં વ્યાધનાં દર્શન થાય ત્યારે તેમનું નવું વર્ષ આરંભાતું હતું.

શ્વાનમંડળમાં બીજા તારાઓ પણ યુગ્મ અને ત્રિપુટી તારકો છે. આ જ વિસ્તારમાં કેટલાંક તારાગુચ્છો પણ છે. શ્વાન છે તો તેની બાજુમાં ઉત્તરે શુની (Canis minor-કૂતરી)નું તારામંડળ છે. બહુ નાનું છે એ. એના બે મુખ્ય તારામાંનો તેજસ્વી પ્રભાસ (Procyon) પણ તુરત પારખી શકાય તેવો તેજસ્વી તારો છે.

શ્વાનની બાજુમાં જ પશ્ચિમે, અને મૃગની નીચે દક્ષિણે એક બીજું નાનું તારામંડળ છે. એ 'શશક' એટલે કે સસલું (Lepus). સાથેના નકશાના આધારે ઓળખી શકાશે.

આ શશકની દક્ષિણે એથી યે એક નાનકડું તારામંડળ 'કપોત' (પારેવું Columba) છે. પ્રલયકાળે પૃથ્વી પરના વિવિધ જીવોનાં પ્રતિનિધિ નરમાદાને બચાવીને નોઆહની હોડી પ્રલય બાદ જ્યારે થંભી પડી ત્યારે હવે ક્યાંય વસવા યોગ્ય સ્થાન રહ્યું છે કે નહિ તે જાણવા નોઆહે હોડીમાંથી એક પારેવું મોકલેલું. દૂર દૂર સુધી ઊડી આવી એ વસવા યોગ્ય સ્થાનની સાબિતી રૂપે એક વૃક્ષની ડાળખી ચાંચમાં લઈને પાછું ફર્યાની કથા છે. આ એ પારેવાને અહીં આકાશમાં અમર કર્યું છે.

નિરંજન ભગતની કવિતામાં ઈબારતથી અભિવ્યક્તિ સુધીનું પ્રયોગવર્તી વલણ અને તેનાં સુફળ જોવા મળે છે. પ્રથમ કાવ્યસંગ્રહનું શીર્ષક 'છંદોલય' એમની સમગ્ર કવિતાનો–'છંદોલય'ની પ્રથમ કૃતિ 'સોણલું'થી '૩૩ કાવ્યો'ની છેલ્લી કૃતિ 'આ હાથ' સુધીનો–પ્રથમ વિશેષ છે. એમની કાવ્યબાનીમાં સુઘડતા, સ્વચ્છતા અને સુગ્રથિતતા છે. અભિવ્યક્તિમાં પક્વ કલમનું સંયમજન્ય નાવીન્ય છે. કલા અને કસબનો એમાં આનંદદાયક સંયોગ છે. પ્રાસપ્રચુરતા એમની કવિતાનું ઊડીને આંખે વળગે એવું આગવું લક્ષણ છે. એમની પ્રત્યેક કૃતિમાં કવિકર્મની સાદ્યંત સભાનતા ધ્યાન ખેંચ્યા વગર રહેતી નથી. વિષયના વૈવિધ્ય કરતાં અભિવ્યક્તિની વિવિધ લઢણો એમની કવિતાનું આકર્ષક તત્ત્વ છે. બાલાશંકરની અસર નીચેના એમના 'શિખરિણી' કે ઠાકોરની અસર નીચેના 'પૃથ્વી'માં અને ઝૂલણા, હરિગીત, ગુલબંકીની લયલીલામાં એમનું નિજી વ્યક્તિત્વ પ્રગટ થાય છે. કાવ્યભાષાને એમણે નવો મરોડ આપ્યો છે. પરદેશી કાવ્યસંસ્કારોને આત્મસાત્ કરી એમણે પોતીકો પરિવેશ બક્ષ્યો છે. બે જ શબ્દમાં મારે એમનો કવિપરિચય આપવો હોય તો હું કહીશ કે નિરંજન ભગત સંયમ અને સભાનતાના કવિ છે.

ગદ્યકાર તરીકે પણ એમના ગદ્યનું કાઠું અલગ મૂલવવા જેવું છે. એમના વિવેચનલેખો કે નોંધોમાં એમની સૂક્ષ્મ વિશ્લેષણશક્તિ,

મૌલિક અભિગમ અને નીડર નિખાલસ અભિવ્યક્તિ નોંધપાત્ર છે. ઈ. ૧૯૫૭-૫૮ દરમિયાન 'સંદેશ'માં 'સાહિત્યસાધના' વિભાગનું એઓ સંપાદન કરતા ત્યારના તથા અદ્યપિ વિવિધ સામયિકોમાં પ્રગટ થતા રહેતા એમના લેખો કે 'કવિતા કાનથી વાંચો' અને 'આધુનિક કવિતા' જેવી એમની લઘુ પુસ્તિકાઓ આ વાતની ગવાહી પૂરે તેમ છે. એમની ગદ્યશૈલી પૃથક્કરણાત્મક, પ્રસ્તારવાળી, પુનરુક્તિયુક્ત અને પ્રાસાદિક છે; પાંખી નહિ પણ પોતદાર છે; લયાત્મક અને લ્હેકાત્મક છે. ભાષ્યકારના વિસ્તાર અને વિશદતાની સાથે સાથે સર્જકતાના સંસ્પર્શથી ઓપતું એ ગદ્ય છે. એમાં કથનની ચોકસાઈ અને ચતુરાઈ છે. એમના પદ્યની પેઠે ગદ્યમાં પણ એમનામાં રહેલો કસબી સદાય સભાનપણે કાર્યરત હોય છે.

આમ છતાં ય મુખ્યત્વે તો નિરંજન ભગત ગુજરાતી સાહિત્યમાં સુંદરમ્-ઉમાશંકર પછીની પેઢીના એક સીમાસ્તંભ કવિ જ છે. 'છંદોલય' એમની સર્જકતાનું ઊંચું શિખર તો છે જ, પણ ગુજરાતી કાવ્ય-સાહિત્યનું ય એક ઐતિહાસિક સીમાચિહ્ન છે. —ધીરુ પરીખ

કોહુટેકે આપેલી નિરાશા

કોહુટેક ધૂમકેતુના ભવ્ય દર્શનની બાબતમાં વૈજ્ઞાનિકોની બધી જ ધારણાઓ ખોટી પડી. એનાં અદ્વિતીય દર્શન વિષે અનેક આગાહીઓ પ્રકટ થઈ હતી અને એથી દુનિયાભરમાં એ જોવા અંગેની ઉત્સુકતા પણ એટલી જ વધી હતી, પણ હજી સુધી નિશ્ચિત નહિ એવા કોઈ કારણોસર નરી આંખે એનું દર્શન અલભ્ય બની રહ્યું. નાનાં દૂરબીનો વડે પણ નૈઋર્ત્ય-આકાશમાં શુક્ર અને ગુરુની પાસે એ એક લસરકા જેવો જ દેખાય છે. આકાશમાં ભમતી અમેરિકન 'સ્કાય-લૅબ'માં રહેલા અવકાશયાત્રીઓ પણ જેને થોડા જ દિવસો પહેલાં 'રતૂમડી જ્વાળા' જેવો વર્ણવતા હતા તેને આમ એકાએક ઠરી ગએલો જોઈ આશ્ચર્ય અનુભવી રહ્યા.

આનું એક કારણ એવું મનાય છે કે સામાન્યઃ ધૂમકેતુની પૂછડી રૂપે સૂર્યપ્રકાશમાં દેખાતાં તેના રજ અને વાયુ રૂપ દ્રવ્યો આ કોહુટેકની બાબતમાં પ્રખર સૂર્યતાપમાં ગળી જવાથી છૂટાં પડી નહિ શકયાં હોય. બીજો મત એવો પણ છે કે ધૂમકેતુનું બંધારણ એટલું તો વાયુમય અને ભંગુર હોય છે કે તેમનાં દ્રવ્યો છૂટાં ન પડી શકે એવી ઘટ્ટતા સર્જાય જ નહિ. આ ઉપરાંત એમ પણ મનાય છે કે સૂર્યમાળાના વિસ્તારની અંદર કોહુટેક પહેલી જ વાર પ્રવેશ્યો હોઈ એનાં દ્રવ્યો હજી પૂછડી રૂપે પ્રસરી રહે એટલાં ચંચળ ન બન્યાં હોય. ખગોળજ્ઞોએ જ્યારે આકાશમાં એને પકડયો ત્યારે જ એનાં દર્શનની ભવ્યતા અંગે કલ્પના કરેલી. એ તો સૌને ખબર હશે કે ધૂમકેતુની પૂછડી જ્યારે એ સૂર્યની નજીક હોય છે ત્યારે જ જોવા મળે છે. અગાઉના ધૂમકેતુઓના અનુભવે કોહુટેક પણ સૂર્યની નજીક આવતાં એની પૂછડી દેખાશે એમ માનવું ત્યારે તદ્દન સ્વાભાવિક હતું.

ભલે લોકોને કોહુટેકનું ધાર્યું દર્શન ન થયું, પણ વિજ્ઞાનીઓને તેનામાં મીથીલ સાયનાઈડના રજકણો મળ્યા પછી કોહુટેક પરથી ઝીલેલા રેડિયો સંકેતો દ્વારા હાઇડ્રોજન સાઈનાઈડના કણો પણ તેના પર હોવાની, જાણ થઈ છે. આ શોધનું બે રીતે મહત્ત્વ છે. આ બંને પ્રકારના કણો તારાઓ વચ્ચેના વિશાળ વિસ્તારોમાં પ્રસરેલાં વાદળોની રજ અને વાયુમાં જોવા મળે છે. આથી કોહુટેક ધૂમકેતુમાં પણ તેની હાજરી એક એવા સિદ્ધાંતને ટેકો આપે છે કે એ પણ, જેમાંથી સૂર્યપરિવાર પેદા થયો છે એવા જ આંતરઅવકાશીય પદાર્થોનો બનેલો છે. વળી, ઠંડીમાં જામી ન જાય તો આ બંને પ્રકારના કણો આથી વધુ સાદા કણોમાં છૂટા પડે છે. એટલે આ શોધથી ધૂમકેતુઓ વિષેની એક વ્યાપક માન્યતાને ટેકો મળે છે કે તેઓ ઠરેલા વાયુ અને કણોના વિરાટ જથ્થાથી સહેજ કંઈક વધુ એવું દળ ધરાવે છે. □

આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

વર્ષના બીજા મહિનાઓ કરતાં દિવસની સંખ્યામાં વિચિત્ર રીતે જુદા પડતા ૨૮ દિવસના (અને દર ચોથે વર્ષે 'લીપ ઈયર'માં ૨૯ દિવસના) આ મહિનાનું નામ મૂળ લૅટિન ફેબ્રુઆરીઅસ (મિન્સીસ) પરથી આવ્યું છે. જેનો અર્થ છે પ્રાયશ્ચિત્તનો મહિનો. આ માસની ૧૫મી તારીખે રોમનકાળમાં સ્ત્રીઓને પ્રાયશ્ચિત્ત કરાવી પવિત્ર બનાવવાનું 'ફેબ્રુઆ' નામનું એક પર્વ ઊજવાતું. જો કે અસલ રોમ્યુલીઅન પંચાંગમાં તો આ મહિનો ન હતો. એ અગાઉની વર્ષ ગણના દસ જ માસની હતી; પણ ઈ. સ. પૂર્વે ૭૧૫થી ૬૭૩ દરમિયાનના રોમના બીજા રાજા ન્યૂમાના સમયમાં માર્ટિયસ, મેઅસ, યુનિયસ, ક્વિન્ટિલિસ, સેક્સ્ટીલિસ, સપ્ટેમ્બર, ઑક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર ઉપરાંત આરંભમાં યાન્યુઆરીઅસ અને અંતમાં ફેબ્રુઆરીઅસ એમ બે નવા માસ ઉમેરાયા. આમાં માર્ટિઅસ, મેઅસ, ક્વિન્ટીલિસ અને ઑક્ટોબરમાં ૩૧ તથા બાકીનામાં ૨૯ અને ફેબ્રુઆરીઅસમાં ૨૮ દિવસ ગણાતા. વર્ષ-ગણનાની ચોકસાઈ ખાતર આ પછી યે થતા રહેલા ફેરફારોમાં ઈ. સ. પૂર્વે ૪૫૨માં ફેબ્રુઆરીઅસને યાન્યુઆરીઅસની પછી મૂકવામાં આવ્યો અને ઈ. સ. પૂર્વે ૧૫૩થી યાન્યુઆરીઅસથી વર્ષારંભ ગણવાનો આરંભ થયો. ત્યાર પછી પંચાંગમાં સુધારા જારી રહી છેવટ ઈ. ૧૫૮૨માં પોપ ગ્રેગરી તેરમાના આદેશાનુસાર લગભગ બધા જ ખ્રિસ્તી દેશોમાં જેનો સ્વીકાર થયો તે 'ગ્રેગોરીઅન કૅલેન્ડર' આજે પણ ચાલુ છે. જાન્યુઆરી એ યાન્યુઆરીઅસ પરથી અને ફેબ્રુઆરી તે ફેબ્રુઆરીઅસ પરથી આવેલાં આજનાં નામ છે. જુલીઅસ સીઝરે ક્વિન્ટીલિસને પોતાનું નામ આપતાં એ માસ 'જુલાઇ' તરીકે તો એના અનુગામી માસને સીઝર પછીના ઑગસ્ટસે પોતાનું નામ આપતાં સેક્સ્ટીલિસ 'ઑગસ્ટ' તરીકે ઓળખાતો થયો.

તા. ૧/૧૮૩૫ અંગ્રેજ અમલદારોની સારવાર માટેના સેનેટોરિયમ સારુ સિક્કીમના રાજા પાસેથી વાર્ષિક ૩૦૦૦ રૂપિયાના પટ્ટે ઈસ્ટ ઇંડિયા કંપનીએ દાર્જીલિંગ (મૂળ નામ દાર્જે-ગ્લિંગ=વજ્રધાનક) તથા તેની આસપાસની કેટલીક ટેકરીઓ લીધી. એ પછી ઈ. ૧૮૪૯માં ડૉ. હૂકર અને કૅમ્પબેલને ગેરકાયદે સિક્કીમની હદમાં પ્રવેશવા બદલ રાજ્યના દીવાને ગિરફતાર કરેલા, એમને છોડાવવા તથા એનો બદલો લેવા કંપનીએ લશ્કર મોકલીને દાર્જીલિંગ આસપાસનો ૬૪૦ ચોરસ માઈલ જેટલો વિસ્તાર તથા તરાઈ ટેકરીઓનો ભાગ પચાવી પાડ્યો અને રાજ્યને અપાતી રકમ પણ બંધ કરીને ત્યાં પોતાની હકૂમત ઠોકી બેસાડી.

તા. ૭/૧૬૦૮ આ અંગ્રેજો, હિંદુસ્તાન સાથેનો પોર્ચુગીઝો અને ડચોનો ધીકતો વેપાર જોઈ હિંદ આવવા લલચાએલા અને એ માટે 'ઈસ્ટ ઇંડિયા કંપની'ની સ્થાપના કરી હતી. તેનું 'હેક્ટર' નામનું પહેલું જહાજ ઈ. ૧૬૦૮ની ૭મી ફેબ્રુઆરીએ હિંદની પશ્ચિમ કંઠારના ધીકતા સૂરત બંદરે પહોંચેલું. ઈ. ૧૬૧૩માં ૬ઠ્ઠી ફેબ્રુઆરીએ અંગ્રેજોએ સૂરતમાં વેપાર અર્થે કોઠી નાખવાની જહાંગીર પાસેથી પરવાનગી મેળવેલી. એ પછી ધીરેધીરે આ દેશના વિવિધ વિસ્તારો ને રાજ્યોમાં પગપેસારો વધારતા જઈ અનેક કાવાદાવાઓ કરીને અન્ય વિદેશીઓને ખસેડતા જઈ આખા હિંદુસ્તાન પર પોતાનું શાસન જમાવી લગભગ દોઢ સદી સુધી એકચક્રી રાજ્ય કર્યું. અંગ્રેજોની એ હકૂમત ખસેડવા ઈ. ૧૮૫૭ના બંડ જેવા મોટા પ્રયાસો તથા અનેક માર્ગે વિવિધ ચળવળો ચલાવી અંતે ગાંધી-ચીંધ્યા અસહકાર અને અહિંસાના માર્ગે હિંદની પ્રજાએ છેવટ એમને અહીંથી કાઢ્યા બાદ સ્વતંત્ર ભારતમાંની છેલ્લી બ્રિટિશ લશ્કરી ટુકડીએ મુંબઈ બંદરેથી વિદાય લીધી તે પણ ઈ. ૧૯૪૮ના આ જ માસની ૧૯મી તારીખે.

તા. ૧૪/૧૫૫૬ જેને નામશેષ કરીને અંગ્રેજોએ હિંદુસ્તાન પર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું અને અંગ્રેજ રાજાએ 'હિંદુસ્તાનના સમ્રાટ'નું બિરુદ ધારણ કર્યું એ મહાન મુઘલ સલ્તનતને સમૃદ્ધિની ને શાસનની ટોચે પહોંચાડનાર અકબર ગાદીનશીન થયો...હિંદના સમસ્ત હિંદુ રાજ્યોને હાથ કરી મુઘલ સામ્રાજ્ય સ્થાપવાને મહત્ત્વાકાંક્ષી આ અકબર સામે અડગ અને અજેય બની રહેલા મેવાડને નમાવવા એણે ઈ. ૧૫૬૭માં ચિતોડગઢને ઘેરો ઘાલ્યો. ત્યારે બધા ગઢોમાં શ્રેષ્ઠ ગણાતા આ ગઢને પાડવા એ પાંચ કોસમાં પથરાય એટલી વિશાળ સેના, સેંકડો હાથીઓ અને તોપો લાવેલો. પણ રાણા ઉદયસિંહની સેનાનું સંચાલન કરતા બદનોરના ઠાકોર જયમલ રાઠોડે છ છ મહિના સુધી અકબરને મચક ન આપી. અંતે એક રાતે મશાલને અજવાળે ગઢ સમરાવતા જયમલ પર અકબરે ગોળી ચલાવી. જયમલ સખત ઘવાયો, છતાં બીજા દિવસે એ સંગ્રામમાં લડવા ઊતર્યો અને અકબરના હાથે જ માર્યો ગયો. પોતાના એ મહાન સેનાનાયકને ગુમાવવાથી તથા સંખ્યાબળ અને પુરવઠાની અછતથી રજપૂતોએ કેસરિયાં કર્યાં ને ગઢમાં સ્ત્રીઓએ જોહર કર્યું. આ સંગ્રામમાં ૩૦,૦૦૦ જેટલા રજપૂતો ખપી ગયા અને ચિતોડનો અજેય ગઢ અકબરે સર કર્યો તે પણ ઈ. ૧૫૬૮ની આ જ માસ ફેબ્રુઆરીની ૨૩મી તારીખે. એ પછી ચિતોડગઢ ફરી ઊભું થઈ શક્યું જ નહિ. અકબરના શાહજાદા સલીમે પિતા સામે બગાવત કરી ને આગળ જતાં જહાંગીરના નામે એ ગાદીએ આવ્યો. એના પુત્રે પણ એની સામે બંડ કરેલું અને શાહજહાંના નામે તખ્તનશીન થએલો. એનો પુત્ર ઔરંગઝેબ પણ એમ જ પિતાને કેદ કરી ગાદીએ બેઠો. કેદમાં સાત વર્ષ રહીને શાહજહાં પણ મૃત્યુ પામ્યો ૨૭ ફેબ્રુઆરી ૧૬૬૬માં.

અકબરે વિકસાવેલી જાહોજલાલ સલ્તનત અને સંગઠિત શક્તિને તેના અનુગામીઓ નિભાવી શક્યા નહિ. સર્વધર્મના સારા અંશો લઈ ને 'દીને ઈલાહી'ના સ્થાપક અકબરના જ વંશજ ઔરંગઝેબે પોતાની ધાર્મિક સંકુચિતતા અને અદૂરદર્શી વિચારસરણીથી મુઘલ સલ્તનતને ચૂંથી નાખી. ખુદ તેના પુત્ર ને સુબાઓ તેની સામે થયા. એમનાં બંડ શમાવવા ૨૪ વર્ષો સુધી રાજધાનીથી દૂર દક્ષિણમાં અનેક નાનાંમોટાં યુદ્ધોમાં ઔરંગઝેબે રોકાઈ રહેવું પડ્યું. અને આખરે એ શમાવીને પાછા ફરતાં માર્ગમાં જ ઈ. ૧૭૦૭માં એનું અવસાન થયું તે પણ ફેબ્રુઆરી માસમાં જ ૨૧મી તારીખે. રાજકર્તા તરીકે ભલે એ બદનામ હતો, પણ ચુસ્ત મુસલમાન તરીકે એ કોઈ પણ સંજોગોમાં એક પણ નમાજ ચૂકતો નહિ. અંતિમ દિવસે પણ સવારની નમાજ પઢ્યા પછી એ મર્યો હતો. પોતે એક વિશાળ સલ્તનતનો માલિક હોવા છતાં પ્રજાની એક પાઈ પણ એણે અંગત ખર્ચમાં કદી વાપરી નહોતી. પોતાના મૃત્યુલેખમાં પણ એણે સૂચવેલું કે એણે જાતે બનાવેલી ટોપીઓના વેચાણથી મળેલા ચાર રૂપિયા ને બે આનામાંથી જ ખરીદેલું સાદું કફન ઓઢાડી, ઉઘાડે માથે ને મૌલવીઓ પાસે ધાર્મિક વિધિ કરાવીને તેને દફનાવવો, તથા પોતે જાતે જ કરેલી કુરાનની નકલોના વેચાણમાંથી ઊપજેલા ૩૦૫ રૂપિયાની એની પાછળ ખેરાત કરી દેવી. જેવી કાળજી એણે પોતાની જાત માટે રાખી એવી કાળજીએ રાજ્ય અને પ્રજા માટે રાખી શક્યો નહિ. પરિણામે એના મરણ પછી સૌ પોતપોતાની શક્તિ મુજબ રાજ્ય દબાવી બેઠા અને મુઘલ સલ્તનતની અવગતિ બેઠી.

તા. ૧૧/૧૭૯૩: કૉર્નવૉલિસે ભારતમાં જિલ્લા તથા સિટી કોર્ટો સ્થાપી.

તા. ૨૧/૧૮૪૯: શીખો સાથેની લડાઈમાં જગવિખ્યાત હીરો 'કોહીનૂર' અંગ્રેજોને હાથ ગયો.

જવાનો કારવાંને લઇ જજો મંઝિલ-કિનારે,
ખડો છે દેશ આખો એક થૈ પડખે તમારે.

આજથી બરોબર ૩૧ વર્ષ પર, ૧૯૪૩ની ૩જી ફેબ્રુઆરીએ, મહાયુદ્ધમાં 'ડૉચેસ્ટર' નામે અમેરિકન જહાજને ઉત્તર ઍટલાન્ટિકમાં ટૉર્પિડો વાગી ને તે ડૂબવા લાગ્યું ત્યારે તેમાંના ચાર યુવાન પાદરીઓ (જ્યૉર્જ ફૉક્સ, ઍલેક્સ ગુડે, ક્લાર્ક પૉલિંગ અને જૉન વૉશિંગ્ટન)એ પોતાન લાઈફબેલ્ટ (જીવન બચાવવા પહેરાતા પટ્ટા) બીજાઓને આપી દઈ, પોતે ચારેએ આંકડા ભીડીને એકસાથે સ્વેચ્છાએ જળ-સમાધિ લીધી! પરહિતાર્થે આપભોગ આપી અમર બનેલા એ વીર પાદરીઓના સ્મરણમાં અમેરિકાએ કાઢેલી એમની છબિઓવાળી ખાસ ટિકિટનું ચિત્ર આ નીચે આપ્યું છે.



∞

કહેવતોના અર્થ: 'હથેળીમાંનું છોડીને કોણીએ ચોંટેલું ચાટવા જવું'–એમ કરવા જતાં કોણી તો મોં સુધી પહોંચતી જ નથી, પણ ઊલટું હથેળીમાંનું પણ ઢોળાઈ જાય છે એ વાસ્તવિકતાના પાયા પર રચાએલી આ કહેવત, હાથમાંની તક કે લાભને અવગણીને અશક્ય પાછળ નિરર્થક હવાતિયાં મારનાર લોભી કે લાલચુ માણસની મૂર્ખાઈ દર્શાવવા વપરાય છે.

∞

દેશદેશની પાર્લમેન્ટોનાં નામ

ડેન્માર્ક	Rigsdag
બેલ્જિયમ	The Chambers
સ્વીડન	Riksdag
સ્વિટ્ઝર્લૅન્ડ	Bundesrat
ચીન	Yuan
નૉર્વે	Storthing
બલ્ગેરિયા	Sobranye
સ્પેઈન	Cortes
ફ્રાન્સ	National Assembly
આયર્લૅન્ડ	Oireachtas
જાપાન	Diet
હૉલૅન્ડ	Statet Gerenal
ઇંગ્લૅન્ડ	Parliament
અમેરિકા	Congress
ભારત	Lok Sabha



પ્લાસ્ટિક સર્જરી આજકાલ નવી તબીબી પ્રગતિ ગણાય છે. પણ હજારો વર્ષ પર ભારતમાં સુશ્રુત આ પ્રકારની શસ્ત્રક્રિય કરતા. શસ્ત્રક્રિયાના એ નિષ્ણાત વૈદ્ય હતા. આર્ય વૈદકને આખા પ્રાચીન જગતમાં ફેલાવવામાં એનો અનેક રીતે અગત્યનો ને મોટો ફાળો હતો.

∞

અનેકાર્થી શબ્દ: **દાન** = આપવું તે; ધર્મબુદ્ધિથી પુણ્યાર્થે કોઈ વસ્તુ આપી દેવી તે; રમતનો દાવ, વારો; એકથી દસ સુધીના અંકના × ગુણાકાર, નવ ઘડિયા પછીનો દસમો ઘડિયો; હાથીના લમણામાંથી ઝરતો મદ; પરણેલાં સ્ત્રી-પુરુષે ગુરુ સમક્ષ ભેટ મૂકીને લેવાનો ગુરુમંત્ર; વારો, ફેરો, ખેપ કે વખત; જકાત, કર, મહેસુલ; એક પ્રકારનું જંગલી મધ. 'ધારણ કરનાર' અથવા 'જાણનાર' એવા અર્થનો અરબીનો પ્રત્યય–દા. ત. ગુલાબદાન; કદરદાન.

∞

સળગતી સગડીમાં ખાંડ કે ખાંડનો મેલ નાખવાથી ફૉર્મેલિન નામનો વાયુ નીકળે છે, જે જંતુઘ્ન હોવાથી હવાને સ્વચ્છ બનાવે છે. કંદોઈ લોકોને મરકી કે એવો કોઈ મોટો રોગ ભાગ્યે જ થાય છે તેનું કારણ પણ તેઓ ચૂલામાં ખાંડનો મેલ નાખ્યા કરે છે એ છે.

∞

જોડાને રાત્રે પૉલિશ લગાડી રાખીને બીજી સવારે પૉલિશ કરવાથી ચમક વધુ આવશે.

સાચ્ચે!

સાપ બહેરા હોય છે. એમને કર્ણેન્દ્રિય નથી હોતી, પણ આંખો અને સ્પર્શશક્તિ ખૂબ ચપળ હોય છે. મોરલી પર ડોલતો નાગ મોરલી સાંભળીને નહિ પણ વગાડનારના હલનચલન પર ડોલતો હોય છે. કોઈના આવવાની માહિતી જમીન પર થતા પગના ધબકારથી તેને મળે છે.

દેશદ્રોહીઓ માટે 'પાંચમી કતાર' શબ્દ કેમ વપરાય છે?

આ શબ્દ સ્પેઈનના આંતરવિગ્રહ વખતે પ્રચારમાં આવેલો. જનરલ એમિલિયો મોલા જ્યારે માડ્રિડ તરફ ધસતો હતો ત્યારે તેના નૅશનાલિસ્ટ લશ્કરમાં ચાર કતાર (Column) હતી. તેણે કહ્યું કે શહેરમાં રહેલી પોતાની 'પાંચમી કતાર' તેને અંદરની બાજુથી મદદ કરશે, જેનો અર્થ એ હતો કે શહેરમાં જે લોકો તેના પક્ષના હતા તે તેને મદદ કરવાના હતા. ત્યાર પછી હિટલરની ચડાઈના કાળમાં તો જનરલ મોલાની 'પાંચમી કતાર'ની માફક ઘણા ફૅસિસ્ટ લોકોએ હિટલરને મદદ કરવાથી આ શબ્દ રૂઢ બન્યો.

∞

વીંછી ડંખ મારે છે ત્યાં પરસેવો છૂટે છે. ત્યાં પહેલાં ચપટી ભરીને પોટાશિયમ પરમૅંગેનેટની ભૂકી ભભરાવીને તેના પર તેના $\frac{૧}{૮}$ ભાગ જેટલો ટાર્ટરિક ઍસિડ નાખવો. પછી તે પર એક ટીપું પાણી નાખતાં જ ફીણ આવશે, તેને રૂ વડે લૂછી નાખવું. આથી તરત જ વીંછીનું ઝેર ઊતરી જાય છે એવો અનુભવ છે. એ બે દવાઓ ઘરમાં લાવી રાખવી.

∞

ઑસ્ટ્રેલિયા શોધી કાઢનાર કૅપ્ટન કૂકે તેના કિનારે પગ મૂક્યો ત્યારે એક પ્રાણીનું શબ ત્યાં પડેલું જોયું. તેણે ત્યાંના આદિવાસીને તેનું નામ પૂછતાં પેલાએ જવાબ આપ્યો: 'કાં-ગા-રૂ', જેનો ખરો અર્થ તો એમ થતો હતો કે 'તમારું કહેલું હું સમજી શકતો નથી.' પણ એ શબ્દો જ એ પ્રાણીના નામ તરીકે લેખાઈને આજ સુધી વપરાય છે!

∞

એક આડી દોરી પર બે મોસંબી કે દડા, સરખી લંબાઈની દોરી વડે લટકાવી તેમની વચ્ચે એક ત્રીજો દડો ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ટૂંકી દોરી વડે લટકાવવો. હવે કોઈ પણ છેડા પરના



દડાને હાથ વડે હિલોળો આપો. આમ થતાં બીજા છેડા પરનો દડો પણ પેલા દડાની સાથે તાલ દેતો હિલોળાવા માંડશે, તે એવી રીતે કે જેમજેમ પહેલા દડાની ગતિ ઓછી થશે તેમતેમ આ ત્રીજા દડાની ગતિ વધતી જશે! પછી જેમજેમ આ ત્રીજો દડો ધીમો પડતો જશે તેમતેમ વળી પહેલા દડાની ગતિ વધવા માંડશે. આમ બંને દડાની ગતિ ધીમી પડી બંધ પડી જાય ત્યાં સુધી ચાલશે. વચ્ચેનો દડો તો આ બધી ક્રિયા વખતે સ્થિર જ રહે છે. કરી તો જોજો.